અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૫ | અંક : ૭૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### 3 રાજ્યોમાંથી ૫ ISIS આતંકવાદીઓની ધરપકડ

## ત્રાસવાદીઓનું ભારતમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનું કાવતરુ નિષ્ફળ

### દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ-કેન્દ્રીય એજન્સીઓએ મળીને 3 રાજ્યોમાં દરોડા પાડ્યા : તેમણે એક મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કર્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

એક મોટા આંતકી ષડયંત્રને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે નિષ્ફળ બનાવી દીધો છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે અને કેન્દ્રીય એજન્સીઓએ મળીને ૩ રાજ્યોમાં દરોડા પ ડ્યા હતા. તેમણે એક મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કર્યો છે. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા ઓપરેશન દરમિયાન, ૫ ISIS આતંકવાદીઓની ધરપ કડ કરવામાં આવી, જેમાંથી બે આતંકવાદીઓ દિલ્હીથી અને એક આતંકવાદી રાંચીથી ધરપકડ કરવામાં આવી. આતંકવાદીઓ પાસેથી હથિયારો અને બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવી છે.

દિલ્હીથી ધરપકડ કરાયેલા આતંકવાદીઓની ઓળખ આફતાબ અને સુફિયાન તરીકે થઈ છે, જે મુંબઈના રહેવાસી છે. રાંચીથી ધરપકડ કરાયેલા આતંકવાદીની ઓળખ દાનિશ તરીકે થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ત્રણ આતંકવાદીઓ મોટા હુમલાનું કાવતરું ઘડી રહ્યા હતા.

દિલ્હીના સ્પેશિયલ સેલે સેન્ટ્રલ એજન્સી સાથે મળીને દિલ્હી, મુંબઈ અને ઝારખંડ સહિત આતંકવાદી નેટવર્કનો પ ર્દાફાશ કરવા માટે ત્રણ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. આ દરમિયાન તેમણે દિલ્હીથી બે અને રાંચીથી એક આતંકવાદીની ધરપકડ કરી હતી. ઝારખંડ એટીએસ અને રાંચીની સ્થાનિક પોલીસની મદદથી, ઈસ્લામ નગરની એક



લોજ પર દરોડો પાડવામાં આવ્યો, જ્યાં અશહર ઉર્ફે દાનિશ એક વિદ્યાર્થી તરીકે છુપાઈને રહેતો હતો. તેની ધરપકડ બાદ, પૂછપ રછમાં એ વાતનો ખુલાસો થયો કે તે કેમિકલ હથિયારો બનાવવામાં નિષ્ણાત છે. દાનિશ અને આફતાબની પૂછપરછને આધારે, અન્ય ત્રણ આતંકવાદીઓ પણ પ કડાઈ ગયા. દરોડામાં દિલ્હીથી પકડાયેલા આતંકવાદી અફતાન અને સુફિયાન પાસેથી શસ્ત્રો અને ઈંઢ બનાવવાની સામગ્રી મળી આવી હતી. તે જ સમયે, પોલીસે રાંચીથી પકડાયેલા દાનિશના ઠેકાણામાંથી રાસાયણિક IED બનાવવાની સામગ્રી મળી આવી હતી. આ ઉપરાંત, એક દેશી બનાવટની પિસ્તોલ અને એક જીવંત કારતૂસ પણ મળી આવ્યું હતું. માહિતી અનુસાર, આ આતંકવાદીઓ દિલ્હી સહિત દેશના વિવિધ સ્થળોએ આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા. માહિતી અનુસાર, ધરપકડ કરાયેલા પાંચેય આતંકવાદીઓ ISISના સ્લીપર સેલ હતા. આ આતંકવાદીઓનું મુખ્ય કાર્ય ISISમાં નવા આતંકવાદીઓની ભરતી કરવાનું પણ હતું. સ્પેશિયલ સેલ રેકી કરીને ISISમાં અત્યાર સુધી કેટલા આતંકવાદીઓની ભરતી કરવામાં આવી છે અને આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાનું કાવતરું ક્યાં ઘડવામાં આવી રહ્યું છે તે શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. પોલીસે કેટલાક વધુ શંકાસ્પદ આતંકવાદીઓની અટકાયત કરી છે અને તેમની સઘન પૂછપરછ કરી રહી છે. હાલ ઈન્ટેલીજન્સ એજન્સીઓ પાંચેય આતંકવાદીઓની પૂછપરછ કરીને એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેઓ કઈ કઈ જગ્યાએ હુમલાની યોજના બનાવી રહ્યા હતા અને કયા સ્થળોએ બોમ્બ પ્લાન્ટ કરવાનું આયોજન હતું. આ સાથે તેમના અન્ય સાથીઓ ક્યાં છે અને કોના આદેશ પર તેઓ ભારતમાં આવીને આ ષડયંત્ર રચી રહ્યા હતા, તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

### ઈથેનોલ મિશ્રિત ફ્યુલ તદ્દન સુરક્ષિત : ગડકરી

## ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી વાહનોને નુકસાનના દાવા ખોટા

### ગડકરીએ જણાવ્યું કે, આ ઇંધણ સુરક્ષિત છે, અને રેગ્યુલેટર્સ તથા ઓટોમોબાઇલ પ્રોડ્યુસર્સ બંને દ્વારા સમર્થિત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઈથેનોલ બ્લેન્ડ ફ્યુલ(E20 Petrol)નો મુદ્દો હાલ વિવાદમાં છે. દેશભરમાંથી અનેક લોકોએ વિવિધ પ્લેટફોર્મના માધ્યમથી ફરિયાદો નોંધાવી છે કે, ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના ઉપયોગથી વાહનોના માઈલેજ અને પર્ફોર્મન્સમાં ઘટાડો થયો છે. આ મામલે કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ સ્પષ્ટતા આપી છે કે, આ રાજનીતિથી પ્રેરિત પૈસા આપી મારી વિરુદ્ધ ચલાવવામાં આવેલી ઝુંબેશ (કેમ્પેઇન) હતી. દિલ્હીમાં આયોજિત સોસાયટી ઑફ ઇન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ(સિયામ)ના ૬૫મા વાર્ષિક સંમેલનમાં ગડકરીએ કહ્યુ કે, હું સોશિયલ મીડિયા પર એક પેઈડ પોલિટિકલ કેમ્પેઇન પૈસા ચૂકવીને ચલાવવામાં આવેલી રાજકીય ઝુંબેશનો ભોગ બન્યો છું. E20 પેટ્રોલ કે, જેમાં પારં પારિક ફ્યુલમાં ૨૦ ટકા ઈથેનોલ



મિક્સ કરવામાં આવે છે, સોશિયલ મીડિયા પર તેના વિશેની ચિંતાઓને મોટું સ્વરૂપ આપી રજૂ કરવામાં આવી રહી છે. ગડકરીએ ભાર પૂર્વક જણાવ્યું હતું કે, આ ઈંધણ સુરક્ષિત છે, અને રેગ્યુલેટર્સ તથા ઓટોમોબાઈલ પ્રોડ્યુસર્સ બંને દ્વારા સમર્થિત છે. ARAI અને સુપ્રીમ કોર્ટને ઈ૨૦ પ્રોગ્રામ વિશે સંપૂર્ણ સ્પષ્ટતા આપવામાં આવી છે. સોશિયલ મીડિયા પર મને રાજનીતિનો ભોગ બનાવી એક પેઈડ કેમ્પેઈન ચલાવવામાં આવ્યું હતું. આથી મેં તેના પર ધ્યાન આપ્યું નથી. સોશિયલ મીડિયા પર હાલ ઈથેનોલ મિશ્રિત ઈંધણ મુદ્દે કેન્દ્ર સરકાર અને ખાસ કરીને પરિવહન મંત્રી નીતિન ગડકરીની ટીકા થઈ રહી છે. સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સે દાવો કર્યો છે કે, E20 જેવા હાઈ ઈથેનોલ બ્લેન્ડિંગથી વાહનોની માઈલેજ પર અસર થાય છે, તેમજ જૂના મોડલ, ખાસ કરીને ૨૦૨૩ પહેલાં બનેલા વાહન ટેક્નિકલી રીતે તેના ઉપયોગ માટે સજ્જ નથી. લોકોએ જુદા-જુદા ફોરમ સમક્ષ પણ આ મામલે ફરિયાદ નોંધાવી હતી કે, ઈ૨૦ પેટ્રોલના ઉપયોગથી તેમના વાહનની માઈલેજ ઘટી છે, તેમજ ફ્યુલ સિસ્ટમને નુકસાન થઈ રહ્યું છે. લોકલ સર્કિલના એક સરવેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, આશરે ૪૪ ટકા લોકો ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું સમર્થન કરતા નથી. ઉલ્લેખનીય છે, આ મામલે પેટ્રોલિયમ-નેચરલ ગેસ મંત્રાલયે X પર નિવેદન આપ્યું હતું કે, રેગ્યુલર પેટ્રોલની તુલનાએ ઈથેનોલની એનર્જી ક્ષમતા ઓછી હોવાથી માઈલેજમાં નજીવો ઘટાડો થાય છે.

### ભારત અને મોરિશિયસ હવે લોકલ કરન્સીમાં વેપાર કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત અને મોરિશિયસ ટૂંકસમયમાં લોકલ કરન્સી (સ્થાનિક ચલણ)માં વેપ ાર કરી શકશે. બંને દેશો વચ્ચે આર્થિક અને નાણાકીય સંબંધોને વધુ ગાઢ બનાવતા આ પગલું લેવામાં આવ્યું હોવાનું વડાપ્રધાન મોદીએ જણાવ્યું છે. વારાણસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરિશિયસના વડાપ્રધાન ડો. નવીનચંદ્ર રામગુલામ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક કરી હતી. જેમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો મામલે વિવિધ ચર્ચા થઈ હતી. બંને દેશોએ પોતાના સ્થાનિક ચલણમાં વેપારને મંજૂરી આપવા સહમતિ દર્શાવી હતી. બંને દેશોના વડાએ ચાગોસ કરાર સંપન્ન થવા પર શુભકામના પાઠવી હતી. મોરિશિયસ વડાપ્રધાન નવિનચંદ્ર રામગુલામ ભારતની મુલાકાતે છે. વારાણસીમાં તેમનું ભવ્ય સ્વાગત થયુ હતું. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ગતવર્ષે મોરિશિયસમાં યુપીઆઈ અને રૂપે કાર્ડ સર્વિસ શરૂ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે બંને દેશોના નાગરિકો અને વેપારીઓ સરળતાથી સ્થાનિક ચલણમાં જ ટ્રાન્ઝેક્શન કરી શકશે. વડાપ્રધાન મોદીએ ખાસ આર્થિક પેકેજ રજૂ કર્યું છે.

### RBI લાવી રહી છે નવો નિયમ

## લોન નહીં ચૂકવો તો તમારો ફોન લોક થઈ જશે!

**ગ્રાહક અધિકારોની ચિંતાઓ વધવાની સંભાવના છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

Reserve Bank of India એ ધિરાણકર્તા એટલે કે લોન આપનારની તાકાત વધારવા માટે એક નવો નિયમ બનાવવાની યોજના બનાવી છે. આરબીઆઈનો નિયમ લાગૂ થયા બાદ જે લોકો લોન ચુકવવામાં અસમર્થ હશે તે લોકોના ફોનને ધિરાણકર્તા દૂરથી લોક કરી શકશે. કુલ મળી જોવામાં આવે તો RBI નો આ નિયમ લાગૂ થયા બાદ ધિરાણકર્તાનો પાવર વધશે. પરંતુ તેનાથી ગ્રાહક અધિકારોની ચિંતાઓ વધવાની સંભાવના છે. ૨૦૨૪ માં હોમ ક્રેડિટ ફાઈનાન્સ દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોબાઈલ ફોન જેવા ત્રીજા ભાગથી વધુ ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ લોન પર ખરીદવામાં આવે છે. ટેલિકોમ નિયમનકાર અનુસાર, ૧.૪ અબજથી વધુ વસ્તી ધરાવતા દેશમાં ૧.૧૬ અબજથી વધુ મોબાઈલ કનેક્શન છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગયા વર્ષે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ધિરાણકર્તાઓને ડિફોલ્ટર દેવાદારોના ફોન લોક કરવાનું બંધ કરવા કહ્યું હતું. લોન આપતી વખતે ધિરાણકર્તાઓના ફોન પર ડિવાઈસ લોક કરવા માટે એક એપ ઈન્સ્ટોલ કરવામાં આવશે. ધિરાણકર્તાઓ સાથે ચર્ચા કર્યા પછી, RBI આગામી થોડા મહિનામાં ફેર પ્રેક્ટિસ કોડ અપડેટ કરવા સાથે ફોન-લોકિંગ મિકેનિઝમ પર માર્ગદર્શિકા જારી કરી શકે છે.

## આતંકવાદને પોષતા દેશની શીખામણની જરૂર નથી : ભારત

### માનવાધિકાર કાઉન્સિલની ડિબેટમાં પાકિસ્તાને ભારત વિરુદ્ધ ટિપ્પણી કર્યા પછી ત્યાગીએ સણસણતો જવાબ આપ્યો હતો

। (એજન્સી) જીનીવા, તા.૧૧ ।

સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવાધિકાર કાઉન્સિલમાં પાકિસ્તાનની ઝાટકણી કાઢતાં ભારતે જણાવ્યું હતું કે વૈશ્વિક સુરક્ષા માટે જોખમી નેટવર્કને નાણાં અને આશ્રયસ્થાન આપતાં ટેરર સ્પોન્સર દેશે ભારતને શિખામણ આપવાની કોઈ જરૂર નથી. જીનીવામાં ભારતના કાયમી મિશનના કાઉન્સેલર ક્ષિતિજ ત્યાગીએ જણાવ્યું હતું કે અમારે આતંકવાદના પ્રાયોજક પાસેથી કોઈ પાઠ શીખવાની જરૂર નથી. માનવાધિકાર કાઉન્સિલની ડિબેટમાં પાકિસ્તાને ભારત વિરુદ્ધ ટિપ્પણી કર્યા પછી ત્યાગીએ સણસણતો જવાબ આપ્યો હતો. પહેલગામના હત્યાકાંડને યાદ



કરતા ત્યાગીએ જણાવ્યું હતું કે, આપણે ૯/૧૧ના હુમલાને ભૂલવો ન જોઈએ, કારણ કે આવતીકાલે તેની વરસી છે. પાકિસ્તાનને આ હુમલાના માસ્ટરમાઈન્ડ ઓસામા બિન લાદેનને આશ્રય આપ્યો હતો. લઘુમતીઓની સ્થિતિ અંગે સ્વિટ્ઝર્લેન્ડે કરેલી ટિપ્પણીઓને આશ્ચર્યજનક અને ખોટી માહિતી ગણાવીને ભારતે વળતો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે સ્વિટ્ઝર્લેન્ડે વંશવાદ, ભેદભાવ અને ઝેનોફોબિયા જેવા પોતાના પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અગાઉ સ્વિસ પ્રતિનિધિએ કહ્યું હતું કે તેમનો દેશ ભારત સરકારને લઘુમતીઓના રક્ષણ માટે અસરકારક પગલાં લેવા તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા અને મીડિયાની સ્વતંત્રતાના અધિકારોને જાળવી રાખવાની હાકલ કરે છે. લઘુમતીઓની સ્થિતિ અંગે સ્વિટ્ઝર્લેન્ડે કરેલી ટિપ્પણીઓને આશ્ચર્યજનક અને ખોટી માહિતી ગણાવીને ભારતે વળતો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે સ્વિટ્ઝર્લેન્ડે વંશવાદ, ભેદભાવ અને ઝેનોફોબિયા જેવા પોતાના પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અગાઉ સ્વિસ પ્રતિનિધિએ કહ્યું હતું કે તેમનો દેશ ભારત સરકારને લઘુમતીઓના રક્ષણ માટે અસરકારક પગલાં લેવા તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા અને મીડિયાની સ્વતંત્રતાના અધિકારોને જાળવી રાખવાની હાકલ કરે છે.

### ઓક્ટોબરથી દેશભરમાં SIR હાથ ધરવાની ચૂંટણી પંચની તૈયારી : રિપોર્ટ

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય ચૂંટણી પંચે (ઈસીઆઈ) બિહારના તર્જ પર દેશભરમાં મતદાર યાદી સઘન ફેરતપાસ પ્રક્રિયા હાથ ધરવાની તૈયારી આરંભી છે. એક રિપોર્ટ મુજબ ઓક્ટોબરથી ઈસી દેશવ્યાપી ઝૂંબેશ શરૂ કરશે. બુધવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ (સીઈઓ)ની એક બેઠકમાં મળી હતી જેમાં આ અંગેના પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી અને તેને મંજૂરી પણ આપવામાં આવી હોવાનું રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે.

### વોટચોરીના વિરોધ પછી પણ ચૂંટણી પંચ તાનાશાહી કરી રહ્યું છે : રાહુલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી બે દિવસની રાયબરેલીની યાત્રાએ પહોંચ્યા છે. લોકસભા ચૂંટણી જીત્યા પછી રાહુલ ગાંધીની રાયબરેલીની આ છઠ્ઠી યાત્રા છે. અહીં એક સંમેલનને સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું કે, પહેલા લોકો કહેતા હતા કે દાળમાં કઈક કાળું છે, પરંતુ કોઈની પાસે પુરાવા ન હતા. હવે પુરાવા છે. વોટચોરી થઈ રહી છે, તેને રોકવી પડશે. વિરોધ પછી પણ ચૂંટણી પંચ તાનાશાહી કરી રહ્યું છે. રાયબરેલીમાં રાહુલ ગાંધીએ એક સંમેલનને સંબોધિત કરતી વખતે ભાજપ અને આરએસએસ પર ગંભીર આક્ષેપ લગાવ્યા હતા. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશમાં ૯૦ ટકા વસ્તી ઓબીસી, દલિત અને આદિવાસીઓની છે, પરંતુ આ ભાજપ-આરએસએસના લોકો નથી ઈચ્છતા કે આ સમુદાયો ક્યારેય આગળ વધે. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે વડાપ્રધાન ખુદ ઓબીસી છે, પરંતુ જાતિ આધારીત વસ્તી ગણતરી પર કશુંય બોલતા નથી. મેં સંસદમાં તેના પર પ્રશ્ન કર્યો તો વડાપ્રધાન દોઢ કલાક સુધી ભાષણ આપતા રહ્યા, પરંતુ જાતિ આધારીત વસ્તી ગણતરી પર એક શબ્દ પણ બોલ્યા નહીં.આ પહેલા દિલ્હી એરપોર્ટથી ફલાઈટ લઈને લખનઉ પહોંચ્યા અને ત્યાંથી રોડ માર્ગે રાયબરેલી પહોંચ્યા.

### રશિયાનાં ૧૦થી વધુ ડ્રોન પોલેન્ડમાં ઘૂસ્યાં, તમામ ડ્રોન તોડી પડાયાનો લશ્કરનો દાવો

। (એજન્સી) વોર્સો, તા.૧૧ ।

યુક્રેન સામે યુદ્ધ શરૂ કરનારા રશિયાએ હવે પ ોલેન્ડની ચિંતા વધારી છે. 'નાટો'ના સભ્ય રાષ્ટ્ર પોલેન્ડના જણાવ્યા મુજબ, બુધવારે વહેલી સવારે રશિયાના ૧૦થી ડ્રોન પોલેન્ડની સરહદમાં ઘૂસી આવ્યા હતા. સૈન્ય સાબદું હોવાના કારણે આ તમામ ઘૂસણખોર ડ્રોનને તોડી પડાયા હોવાનો દાવો પોલેન્ડ દ્વારા કરાયો છે. પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, ગત રાત્રિએ અનેક રશિયન ડ્રોને પોલિશ એરસ્પેસનો ભંગ કર્યો હતો. દેશ માટે સીધું જોખમ ઊભું કરી રહેલા ડ્રોનને તોડી પડાયા હતા. મંગળવારની રાત્રે અને બુધવારે વહેલી સવારે પોલિશ સેના એલર્ટ મોડમાં રહી હતી. સંરક્ષણ મંત્રી વાલ્ડીસ્લો કોસિનિઆક-કેમીઝની એક્સ પોસ્ટમાં જણાવાયું હતું કે, ૧૦થી વધુ ડ્રોન પોલિશ સરહદમાં ઘૂસ્યા હતા અને તમામને તોડી પડાયા હતા. વોર્સો એરપોર્ટ પર કલાકો સુધી ફ્લાઈટ સ્થગિત કરી દેવાઈ હતી. ડ્રોનની સાથે હાનિકારક પદાર્થો પોલેન્ડમાં ઠલવાયા હોવાની આશંકા સાથે પોલિશ સેનાએ ક્રેશ સાઈટ્સની ચકાસણી શરૂ કરી હતી. આ સાથે નાગરિકોને પણ કોઈ શંકાસ્પદ વસ્તુને સ્પર્શ ન કરવા સૂચના અપાઈ હતી.યુક્રેન પર હુમલા દરમિયાન રશિયન ડ્રોન અગાઉ પણ પોલેન્ડની સરહદમાં ઘૂસી ગયા હોવાનો દાવો કરાયો છે.




## ન્યુઝ બોક્ષ

### મહિસાગરના લુણાવાડામાં સગા પુત્રનો માતા-પિતા પર જીવલેણ હુમલો

। (એજન્સી) મહિસાગર, તા.૧૧ ।

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં એક અત્યંત કરુણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક કળિયુગી પુત્રએ પોતાના જ માતા-પિતા પર તિક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો છે. આ હુમલામાં પિતાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે માતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના લુણાવાડાની જૂની પોસ્ટ ઓફિસ પાસે આવેલા ઘેલી માતાના કૂવા નજીક બની હતી. મળતી માહિતી મુજબ પુત્રએ અચાનક આવેશમાં આવીને પોતાના માતા-પિતા પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી દીધો હતો. તેણે પિતા અને માતાના ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલામાં પિતાનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઊડી ગયું હતું. આ હુમલા બાદ રાક્ષસી પુત્રએ પોતાના શરીર પર પણ, ગળા અને હાથના ભાગે ઈજાઓ પહોંચાડીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ લુણાવાડા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ગંભીર રીતે ઈજાગ્રસ્ત માતા અને હુમલો કરનાર પુત્રને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જ્યારે મૃતક પિતાના મૃતદેહને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જનરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો હતો.આ ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચાવી છે. પોલીસ દ્વારા આ કૃત્ય પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### બહારથી મહિલાઓને બોલાવી ચાલતો હતો દેહવ્યાપારનો ધંધો

। (એજન્સી) પોરબંદર, તા.૧૧ ।

પોરબંદર શહેરના વી.વી.બજાર વિસ્તારમાં રહેણાંક મકાનમાં બહારના જિલ્લાઓમાંથી મહિલાઓને બોલાવી કોઈ મહિલા કુટણખાનું ચલાવતી હોવાની બાતમી પોલીસને મળી હતી.કમલાબાગ પોલીસને મળેલી બાતમીના આધારે સિટી ડીવાયએસપી તથા કમલાબાગ પોલીસ ઈન્સ્પેકટર સહિતના સ્ટાફે રેડ કરતા ઘટના સ્થળેથી ભોગ બનનાર મહિલા તથા કૂટણખાનું ચલાવતી પૂજા રામ લાલુ તથા ત્રણ ગ્રાહકો પોલીસને ઘટના સ્થળેથી મળી આવ્યા હતા.ઘટના સ્થળેથી પોલીસને ૬ મોબાઈલ તથા ૨ મોટર સાયકલ તથા ૧ લાખ ૬ હજારની રોકડ સહિત કુલ ૨ લાખ ૩ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કુટણખાનું ચલવનાર મહિલા આરોપી સહિત ગ્રાહકોને હાલ તો પોલીસે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .પોલીસે કુટણખાનું ચલાવનાર મહિલા કેટલા સમયથી આ પ્રકારના ધંધો ચલાવતી હતી અને આ સિવાય અન્ય જગ્યાએ તેમના આ પ્રકારના દેહવ્યાપારના ધંધા ચાલે કે કેમ તથા અન્ય કોઈની સંડવોણી છે કે તે સહિતની દિશાઓમાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. સુદામા પુરી તથા ગાંધી જન્મભૂમિ તરીકે જાણીતા પોરબંદરમાં આ પ્રકારના કૂટણખાનાનો પોલીસે પર્દાફાશ કરતા આ વાતને લઈને પોરબંદરમાં ચર્ચા જગાવી છે ત્યારે આગામી દિવસોમાં આ અંગે શું ખુલાસાઓ બહાર આવે તથા અન્ય જગ્યાએ કોઈ કાર્યવાહી થાય છે કે કેમ તે તો આગામી સમયમાં યોજાનાર જ જાણી શકાશે.

# નેપાળમાં હિંસક પ્રદર્શન વચ્ચે ૫૦થી વધુ ગુજરાતી ફસાયા

## ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેપાળની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

નેપાળમાં અશાંતિ અને હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે, ગુજરાત સરકારે ત્યાં ફસાયેલા તેના નાગરિકોની સુરક્ષા અંગે ગંભીર વલણ અપનાવ્યું છે. રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેપાળની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને ત્યાં હાજર ગુજરાતી નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. નેપાળમાં અનેક ગુજરાતીઓ ફસાયા છે.પોખરામાં ભાવનગર જિલ્લાના ૪૩ લોકો ફસાયા છે, સુરતના ૧૦ પ્રવાસીઓ પણ કાઠમંડૂમાં ફસાયા છે. ભાવનગરના ૪૩ લોકો નેપાળની હોટલમાં સુરક્ષિત છે. સુરતના ૧૦ પ્રવાસીઓ પણ કાઠમંડ હોટલમાં સુરક્ષિત છે. ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, તાજેતરમાં મોટી સંખ્યામાં ગુજરાતી નાગરિકો પર્યટન અને અન્ય કારણોસર નેપાળ ગયા હતા. રાજ્ય સરકાર તેમની સલામતી અને સુખાકારી અંગે સંપૂર્ણપણે સતર્ક છે. સરકાર તમામ ગુજરાતી નાગરિકોને સુરક્ષિત રીતે ગુજરાત પાછા લાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક નેપાળમાં બનેલી ઘટનાઓની નોંધ લીધી છે. ઘણા લોકો ફરવા માટે નેપાળ જાય છે, કેન્દ્ર સરકારનો સંપર્ક કર્યો છે, તે લોકોની વ્યવસ્થા અને સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે, નેપાળમાં ફસાયેલા તમામ ભારતીયોને સુરક્ષિત સ્વદેશ લાવવા કાર્યરત છે. આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, અમારો એકમાત્ર ઉદ્દેશ્ય એ છે કે કોઈપણ ગુજરાતી કે ભારતીય નાગરિકને કોઈ સમસ્યા ન પડે. તેમના સુરક્ષિત પરત આવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે, જે ગુજરાતના છે, દાવો કર્યો હતો કે ગુજરાતના ૧૮ લોકો નેપાળમાં ફસાયેલા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર લખ્યું હતું કે, નેપાળના કાઠમંડુ એરપોર્ટ પર ફ્લાઈટ્સ રોકી દેવામાં આવી છે. આપણા ઘણા ભારતીયો ત્યાં ફસાયેલા છે. ગુજરાતના કેનન પટેલે ફોન પર જણાવ્યું હતું કે ૧૮ ગુજરાતીઓનું એક જૂથ પણ તેમની સાથે અટવાયું છે. ૨૬ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ અને ત્યારબાદ થયેલા જન આંદોલન, જેને ‘થીઠ-ઢ વિરોધ’ તરીકે ઓળખવામાં આવી રહ્યું છે, તેના કારણે ત્યાં અસ્થિરતાની સ્થિતિ છે. આ અશાંતિમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત અને સેંકડો ઘાયલ થયાના અહેવાલ છે, જેના કારણે નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ મંગળવારે રાજીનામું આપ્યું હતું. ૨૬ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ અને ત્યારબાદ થયેલા જન આંદોલન, જેને થીઠ-ઢ વિરોધ તરીકે ઓળખવામાં આવી રહ્યું છે, તેના કારણે ત્યાં અસ્થિરતાની સ્થિતિ છે. આ અશાંતિમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત અને સેંકડો ઘાયલ થયાના અહેવાલ છે, જેના કારણે નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ મંગળવારે રાજીનામું આપ્યું હતું.

### ૨૦૧૮માં ઉપવાસ આંદોલનને લઇને નોંધાયો હતો ગુનો

## હાર્દિક પટેલ વિરૂદ્ધ ધરપકડ વોરન્ટ ઇશ્યૂ

### અનામત આંદોલનના નેતા અને હાલના ધારાસભ્ય હાર્દિક પટેલ સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ વિરુદ્ધ ધરપકડ વોરંટ (એરેસ્ટ વોરંટ) બહાર પાડ્યું છે. આ વોરંટ ૨૦૧૮ના પાટીદાર અનામત આંદોલન (PAAS) સાથે જોડાયેલા એક કેસમાં કોર્ટમાં વારંવાર ગેરહાજર રહેવા બદલ ઈશ્યૂ કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ગ્રામ્ય કોર્ટે અગાઉ ઘણી વખત હાર્દિક પટેલને સમન્સ પાઠવ્યા હતા, પરંતુ તેઓ સતત ગેરહાજર રહ્યા હતા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પણ હાર્દિક કોર્ટમાં હાજર ન રહ્યા, જેના પગલે કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ બહાર પાડવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૮માં હાર્દિક પટેલે પાટીદાર અનામત આંદોલન દરમિયાન અમદાવાદના નિકોલ વિસ્તારમાં પ્રતીક ઉપવાસ કર્યા હતા. આ ઉપવાસને કારણે નિકોલ પોલીસ સ્ટેશનમાં તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં હાર્દિક પટેલ, ગીતા પટેલ, કિરણ પટેલ અને આશિષ પટેલ સહિતના અન્ય લોકો પણ આરોપી તરીકે સામેલ છે.

કેસની સુનાવણી દરમિયાન, કોર્ટ દ્વારા વારંવાર સમન્સ મોકલવા છતાં હાર્દિક પટેલ કોર્ટમાં હાજર રહ્યા નહોતા. કાયદાકીય પ્રક્રિયા મુજબ, જ્યારે કોઈ આરોપી નિયત તારીખે કોર્ટમાં હાજર ન રહે, ત્યારે કોર્ટ ધરપકડ વોરંટ બહાર પાડી શકે છે.

અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આ જ કારણસર હાર્દિક પટેલ સામે ધરપકડ વોરંટ ઈશ્યૂ કર્યુ છે. આ વોરંટનો અર્થ એ છે કે પોલીસ હવે હાર્દિક પટેલની ધરપકડ કરીને તેમને કોર્ટ સમક્ષ રજૂ કરી શકે છે. ભાજપના ધારાસભ્ય બન્યા બાદ પણ હાર્દિક પટેલને આ જૂના કેસમાં કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે હવે પછીના કાનૂની પગલાં શું હશે તે જોવું રહ્યું. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આ જ કારણસર હાર્દિક પટેલ સામે ધરપકડ વોરંટ ઈશ્યૂ કર્યુ છે. આ વોરંટનો અર્થ એ છે કે પોલીસ હવે હાર્દિક પટેલની ધરપકડ કરીને તેમને કોર્ટ સમક્ષ રજૂ કરી શકે છે. ભાજપના ધારાસભ્ય બન્યા બાદ પણ હાર્દિક પટેલને આ જૂના કેસમાં કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે હવે પછીના કાનૂની પગલાં શું હશે તે જોવું રહ્યું. હાર્દિક પટેલ ઉપરાંત ગીતા પટેલ, આશિષ પટેલ અને કિરણ પટેલ જેવા વ્યક્તિઓના નામ પણ ફરિયાદમાં સમાવિષ્ટ છે. આ તમામ સામે પાટીદાર આંદોલન દરમિયાન કાયદેસરના ધોરણે ગેરવર્તણૂક અને જાહેર વ્યવસ્થાને ભંગ કરવાનો આરોપ છે.

### મેઘાણીનગર પોલીસ મથકમાં માતાએ પુત્ર સામે ફરિયાદ નોંધાવી

## મિલકત વેચતા પુત્રે માતા પર પાઇપ વડે હુમલો કરી લોહીલુહાણ કરી નાખી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

મિલકત વેચતા ઉશ્કેરાયેલા પુત્રએ માતા પર પાઈપ વડે હુમલો કરી લોહીલુહાણ કરી નાંખી જેથી માતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવી હતી. આ મામલે માતાએ મેઘાણીનગર પોલીસ મથકમાં પુત્ર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૬૨ વર્ષિય જમનાબહેન ભૂપેન્દ્રભાઈ પટણી પરિવાર સાથે રહે છે. જમનાબહેનનો મોટો દીકરો વિજય તેની પત્ની કાજલ અને બાળકો સાથે પંજાબ સોસાયટીમાં રહે છે. વિજય અને કાજલ અવાર નવાર મિલકત બાબતે જમનાબહેન સાથે માથાકૂટ કરતા હતા. અગાઉ પણ મારામારી થતા બન્ને સામે પોલીસ મથકમાં જમનાબહેને અરજી પણ આપી હતી. ચાર દિવસ પહેલાં જમનાબહેને એક દુકાન વેચી ત્યારે ૮ સપ્ટે.ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ જમનાબહેન એ દુકાન પર ગયા હતા અને પોતાનો સામાન લઈ રહ્યા હતા ત્યારે મોટો દીકરો વિજય ત્યાં રિક્ષા લઈને આવ્યો હતો અને માતાને કહેવા લાગ્યો હતો કે, તે કોને પૂછીને આ દુકાન વેચી છે. જેથી માતાએ કહ્યું કે, દુકાન મારી મિલકત છે અને તે મને આજદીન સુધી કોઈ દવા કે ખાવાપીવાનુ પૂછ્યું નથી, મારી ખબર અંતર સુદ્ધાં પૂછવા આવ્યો નથી. અત્યારે તુ મિલકતના પૈસા અને ભાગે લેવા આવે છે, અત્યાર સુધી નાનો દીકરો રવિન્દ્ર મારું ભરણપોષણ કરે છે. તે મારા માટે શું કર્યુ છે? આટલું કહેતા વિજય ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલી મારામારી કરવા લાગ્યો હતો.

### પોરબંદરમાં ૬ વર્ષની બાળકી સાથે નરાધમે કર્યા શારીરિક અડપલાં

। (એજન્સી) પોરબંદર, તા.૧૧ ।

પોરબંદર શહેરમાં ૬ વર્ષની બાળકી સાથે શારિરીક અડપલાની ફરિયાદ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આરોપી બાદલ ઉમેશ સોલંકી નામના પરણિત શખ્સે પોતાના પાડોશમાં રહેતી ૦૬ વર્ષની બાળકીને ઘરેથી લઈ જઈ શારિરીક અડપલા કર્યા હતા. ત્યારબાદ બાળકીએ તેના માતાપિતાને આ અંગે જાણ કરતા માતા પિતાએ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપી વિરુદ્ધ પોલીસે પોસ્કો સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ ચકચારી ઘટના અંગે સિટી ડીવાયએસપીએ જણાવ્યું હતું કે,આરોપી પરણિત છે અને બે સંતાનનો પિતા છે.

### ગાડીમાં બેસાડી આગળ છોડી દેવા ધમકી આપી હતી

## વડોદરામાં મહિલાને ગન જેવું હથિયાર બતાવી ધમકી આપનાર શખ્સ સહિત બે ઝડપાયા

### પોલીસે તેમની પાસેથી નકલી ગન, મોબાઈલ અને બાઇક કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા શહેરના વીઆઈપી રોડ પરથી મહિલા પોતાની કારમાં બેઠા હતા. તે દરમિયાન એક શખ્સ ધસી આવ્યો હતો અને ગન જેવું હથિયાર બતાવીને તેને ગાડીમાં બેસાડી આગળ છોડી દેવા ધમકી આપી હતી. જેની ફરિયાદ હરણી પોલીસ સ્ટેશનમાં મહિલાએ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર સહિત બે જણાને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી નકલી ગન, મોબાઈલ અને બાઈક કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરમાં વી.આઈ.પી. રોડ રાજુ આમલેટ ઉપર એક મહિલા પોતાની ફોર વ્હીલર ગાડી લઈને નાસ્તો કરવા માટે ગયા હતા. નાસ્તો કરી તેઓ પરત આવવા માટે પોતાની ગાડીમાં બેસેલા હતા. ત્યારે અચાનક એક અજાણ્યો ઈસમ તેમની ગાડીમાં બેસી ગયો હતો અને ગન જેવુ હથીયાર બતાવી તેને આગળ છોડી દેવા માટે ધમકી આપી હતી. જેથી મહિલા ડરી ગયા હતા ગાડીમાંથી નીચે ઉતરી ગયા હતા. દરમ્યાન લોકોનું ટોળું ભેગું થવા લાગતા આ અજાણ્યો ઈસમ પણ ગાડીમાંથી ઉતરી નાસી ગયો હતો. જેથી મહિલાએ હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનીકલ શોર્ષીસ તથા સીસીટીવી ફુટેજ મોટર સાયકલનો નંબર મેળવી આરોપી રાહુલકુમાર અરવિંદભાઈ બારીયા તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરને શોધી કાઢયા હતા. તેની પાસેથી ગુનામાં ઉપયોગ કરેલ ગન જેવું લાગતુ હથીયાર નકલી પિસ્ટલ, મોટરસાયકલ તથા મોબાઈલ ફોન કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ૧૨થી વધારે ઇજાગ્રસ્ત

## ઘોઘંબાની ફેક્ટરીમાં ગેસ લિકેજ થતા એક વ્યક્તિનું મોત

### જિલ્લા પોલીસ વડા, હાલોલ પ્રાંત અધિકારી સહિતના જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી હતી

। (એજન્સી) પંચમહાલ, તા.૧૧ ।

ઘોઘંબાના રણજીતનગરમાં આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ ફેક્ટરીમાં ગેસ લીકેજ થયાની દુર્ઘટના ઘટી છે. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે ૧૨થી વધુ કામદારો ઈજાગ્રસ્ત થયા છે. આ બનાવની જાણ થતા જ રાજગઢ પોલીસ સહિત તંત્રની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આ દુર્ઘટનામાં પહેલા તમામ કર્મચારીઓ સહિતના લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ઘટનાનું કારણ જાણવા માટે જિલ્લા પોલીસ વડા, હાલોલ પ્રાંત અધિકારી સહિતના જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ કરી હતી.

ઘોઘંબાના રણજીતનગર ખાતે આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ ફેક્ટરીમાં આવેલા મંદિરના પૂજારી હરેશ વ્યાસનું ગેસ લીક થવાથી મોત નીપજ્યું છે. ઈજાગ્રસ્ત તમામને હાલોલની ખાનગી અને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત લોકોને દાહોદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ દુર્ઘટના બાદ જિલ્લા પોલીસ વડાએ અપીલ કરતા જણાવ્યું છે કે, અહીં કોઈપણ પ્રકારની અસમંજસતા ઉભી કરવાની જરૂર નથી. હાલ અહીં પરિસ્થિતિ સામાન્ય છે. ફાયરની ટીમે ગેસ ગળતર પણ બંધ કરી દીધું છે. નોંધનીય છે કે, ફાયર બ્રિગેડ તેમજ ટેકનિશિયનો દ્વારા ગેસ લીકેજ કરાયું બંધ જોકે, ગેસ ગળતર થતા અહીંથી કોઈપણ સાયરન ન વગાડતા સ્થાનિકોએ રોષ પ્રગટ કર્યો હતો. જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હોવાનો આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. હાલ ફાયરની ટીમો સહિત વિવિધ ટીમો ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી કરી રહી છે.

## વિશેષ

### ઓટો રિક્ષા/ટેક્ષી/કેબમાં માલિકનું નામ તેમજ પોલીસ કંટ્રોલના નંબરો હોવા ફરજીયાત

# અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા માલિકોએ વાહનની પાછળ વાહન નંબર, માલિકનું નામ તથા હેલ્પલાઈન નંબર ફરજીયાતપણે લખવા અંગેનું પોલીસ કમિશનરનું જાહેરનામું

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે.જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઈલ ચોરી અન્ય કિંમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં, અમદાવાદ શહેરની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી પાર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ) જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં હું, જી.એસ. મલિક, આઈ.પી.એસ. પોલીસ કમિશનર, અમદાવાદ શહેરને મને મળેલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગતની સત્તા અન્વયે નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું. અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં ચાલકો માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ× ૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ દ્વ.દ્વ. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ આશરે ૩૦ દ્વ.દ્વ. ની રાખી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)







Vehicle No:
Owner’s Name:
Driver’s Name:
Police Helpline No: 100
Women’s Helpline No: 181
Traffic Helpline No: 1095

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં ભારતીય નાગરિક સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૧૬/૦૯/૨૦૨૫ના રાત્રી કલાક ૦૦.૦૦થી તા.૧૪/૧૧/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## મંત્રીના પગ પકડી રડવા લાગ્યો ખેડૂત, કહ્યું અમને બચાવી લો

। (એજન્સી) બિજનૌર, તા.૧૧ ।

ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લામાં, ગંગા નદીના કિનારાનું ધોવાણ થતાં સ્થાનિકોમાં ભય ફેલાયો છે. ગંગાના તેજ પ્રવાહને કારણે આ ઘટના બની, જેનાથી ગામો અને ખેતરો ડૂબી જવાનો ખતરો ઊભો થયો છે. જ્યારે કૌશલ્ય વિકાસ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી કપિલ દેવ અગ્રવાલ પરિસ્થિતિનો તાગ મેળવવા પહોંચ્યા, ત્યારે ગ્રામજનોએ તેમની સામે રડીને અને પગ પકડીને મદદ માટે આજીજી કરી. લોકોનો ગુસ્સો સિંચાઈ વિભાગની બેદરકારી પર પણ ઉતર્યો છે. છેલ્લા ચાર દિવસથી ગંગાના પ્રવાહ દ્વારા કિનારાનું ધોવાણ થઈ રહ્યું છે, તેમ છતાં અધિકારીઓએ ધ્યાન આપ્યું ન હતું. બે દિવસ પહેલા ધોવાણ વધતાં અધિકારીઓએ બચાવ કાર્ય શરૂ કર્યું, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું અને લગભગ ૫૦૦ મીટર કિનારો ગંગામાં સમાઈ ગયો હતો. આ કારણે બિજનૌર શહેરના અમુક ભાગો અને એક ડઝનથી વધુ ગામો ડૂબી જવાનો ખતરો ઊભો થયો છે. આ ડરથી ગ્રામજનોએ મંત્રી સામે રડીને આજીજી કરી, જેમાં એક વ્યક્તિએ કહ્યું, મંત્રીજી, બધું બરબાદ થઈ જશે, બચાવી લો, હું તમારા પગ પકડું છું. પ્રભારી મંત્રી કપિલ દેવ અગ્રવાલે અધિકારીઓને સૂચના આપતા કહ્યું કે, કોઈપણ ભોગે કિનારાને તૂટતા અટકાવવો. મુખ્યમંત્રીએ પણ કોઈપણ પ્રકારની જાનહાનિ ન થવા દેવાની સૂચના આપી છે.

## રાજસ્થાન રોયલ્સના સીઈઓ જેક લશ મેકક્રમ પણ ટીમથી અલગ થઈ ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રાજસ્થાન રોયલ્સને એક બાદ એક દિગ્ગજો છોડી રહ્યા છે. સંજુ સેમસનના ટીમ છોડવાના સમાચાર વચ્ચે કોચ રાહુલ દ્રવિડે રાજીનામું આપ્યું હતું અને હવે વધુ એક દિગ્ગજે ટીમનો સાથ છોડ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. ટીમના સીઈઓ જેક લશ મેકક્મ પણ ટીમથી અલગ થઈ ગયા છે. આ મોટા ફેરફારોથી ટીમની આગામી આઈપીએલ સીઝન પહેલા સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. તો સેમસનનો મામલો હજુ ઉકેલાયો નથી. આ બધું ત્યારે શરૂ થયું જ્યારે મીડિયામાં અહેવાલો આવ્યા કે સંજુ સેમસન રાજસ્થાન રોયલ્સને આઈપીએલ ૨૦૨૬ સીઝન માટે તેને મુક્ત કરવા અથવા ટ્રેડ કરવા માંગે છે. જ્યારે આ અફવાઓએ વેગ પકડ્યો, ત્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે સેમસનમાં ઊંડો રસ દાખવ્યો હોવાના અહેવાલો પણ આવ્યા. જો કે, મામલો ઠંડોમાં પડ્યો તો દ્રવિડે થોડા દિવસો પછી ટીમ છોડી દીધી. રોયલ્સ દ્વારા આ જાહેરાત જાહેરમાં કરવામાં આવી. માર્કેટિંગ હેડ દ્વિજેન્દ્ર પરાશર ગઈ IPL સીઝન પછી ટીમથી અલગ થઈ ગયા હતા. હવે CEO જેક લશ મેકક્મે પણ ટીમ સાથે સંબંધો તોડી નાખ્યા છે. ક્રિકબઝના અહેવાલ મુજબ, મેકક્મે અન્ય IPL ફ્રેન્ચાઈઝીઓ અને ઉદ્યોગના સાથીદારોને તેમના નિર્ણય વિશે જાણ કરી છે. મેકક્મ રોયલ્સમાં જુનિયર ભૂમિકામાં જોડાયા, પછી ઓપરેશન્સ વિભાગમાં ગયા અને ૨૦૨૧ સુધીમાં માત્ર ૨૮ વર્ષની ઉંમરે CEO બન્યા.

### આક્રમકતા વિના ક્રિકેટ રમી શકાય નહીં : સૂર્યા

# સલમાન આગા હાથ લંબાવીને ઉભો રહ્યો, સૂર્યાએ ધ્યાન પણ ના આપ્યું

### એશિયા કપ ૨૦૨૫ શરૂ થાય તે પહેલાં બધી ટીમોના કેપ્ટનોએ ટુર્નામેન્ટ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં ભાગ લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

એશિયા કપ ૨૦૨૫ના ફોટોશૂટ માટે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં બધા કેપ્ટનોએ એક સાથે ભાગ લીધો હતો. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ શરૂઆતથી જ પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગથી અંતર જાળવી રાખતો જોવા મળ્યો હતો. સૂર્યાએ પાડોશી દેશના કેપ્ટનને સંપૂર્ણપણે અવગણ્યો અને રાશિદ ખાનની બાજુમાં બેઠો જોવા મળ્યો. કોન્ફરન્સ પૂરી થયા પછી સૂર્યાએ રાશિદ ખાનને ગળે લગાવ્યો અને બાકીના કેપ્ટનો સાથે પણ વાત કરી. પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગાએ પણ સૂર્યકુમારને મળવા અને વાત કરવા માટે ઉત્સુકતા દર્શાવી. જોકે, સૂર્યાએ ઔપચારિકતા પૂર્ણ કરી અને આગળ વધ્યો. સૂર્યાએ બધાની સામે જ પાકિસ્તાનના કેપ્ટનનું અવગણ્યો હતો. સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. પ્રેસ કોન્ફરન્સ પૂરી થયા પછી, સૂર્યા રાશિદ ખાનને ગળે લગાવતો જોવા મળ્યો. તો ભારતીય કેપ્ટન બાકીના કેપ્ટનોને પણ મળ્યો. આ દરમિયાન પાકિસ્તાનનો કેપ્ટન સલમાન આગ એક બાજુ ઉભો જોવા મળ્યો. સૂર્યા સ્ટેજ પરથી નીચે આવતાની સાથે જ સલમાને હાથ મિલાવવા માટે સૂર્યકુમાર તરફ હાથ લંબાવ્યો. પાડોશી દેશનો કેપ્ટન હાથ લંબાવીને આગળ ઉભો જોવા મળ્યો, જ્યારે સૂર્યકુમારે સલમાન તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં. સૂર્યાએ માત્ર ઔપચારિકતા માટે સલમાન સાથે હાથ મિલાવ્યો અને તરત જ આગળ વધ્યો. ભારતીય કેપ્ટનના આ વલણને જોઈને સલમાન આગાનો ચહેરો પણ સંપૂર્ણપણે ઉતરી ગયો, જે વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. જ્યારે પત્રકારે કેપ્ટનને પૂછ્યું કે શું ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે ખેલાડીઓને તેમના ગુસ્સાને કાબૂમાં રાખવા માટે કોઈ ખાસ સૂચના આપવામાં આવી છે ? આના પર સૂર્યાએ જવાબ આપ્યો, “જ્યારે આપણે મેદાન પર જઈએ છીએ ત્યારે આક્રમકતા હંમેશા રહે છે.

### આગચંપી બાદ સૈન્યની કડકાઈ

# નેપાળ હિંસાની અસર ભારતમાં દેખાઈ, કોંગ્રેસના કાર્યાલયમાં તોડફોડ

। નવી દિલ્હી, તા.૧૧ ।

નેપાળ હિંસાની જ્વાળાઓ હવે ભારતીય સરહદ સુધી પહોંચી ગઈ છે. બુધવારે ઝુલાઘાટ અને ધારચુલાને અડીને આવેલા નેપાળી વિસ્તારો દાર્ચુલા અને બૈતાડીમાં પણ દેખાવ થયા. દાર્ચુલામાં દેખાવકારોએ કોંગ્રેસ અને એમાલેના કાર્યાલયોમાં તોડફોડ કરી. આ દરમિયાન આગચંપી પણ કરવામાં આવી હતી જેના લીધે વિસ્તારમાં તણાવ ફેલાયો હતો. ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પર પ્રતિબંધ સામે વિરોધની ચિંગારી સાથે મંગળવારે બીજા દિવસે પણ નેપાળ સળગતું રહ્યું. પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે દેખાવકારોએ સંસદ ભવન, રાષ્ટ્રપતિ ભવન અને સુપ્રીમ કોર્ટને આગ ચાંપી દીધી. વડા પ્રધાન કેપી શર્મા ઓલીના વ્યક્તિગત નિવાસસ્થાનથી લઈને ઘણા મંત્રીઓ અને નેતાઓના ઘરો અને કાર્યાલયો સુધી તોડફોડ અને આગચંપી થઈ. સરકારે ગુસ્સા સામે ઝૂકવું પડ્યું અને વડા પ્રધાન ઓલીએ રાજીનામું આપ્યું. ઝુલાઘાટ આંતરરાષ્ટ્રીય પુલથી લગભગ ૨૫ કિમી દૂર બૈતાડીના સાહિલેક બજારમાં સન્નાટો છવાઈ ગયો હતો. અહીંના યુવાનોએ સોશિયલ મીડિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધનો વિરોધ કર્યો. બૈતાડીના એક સ્થાનિકે જણાવ્યું હતું કે દેખાવ દરમિયાન દેખાવકારોએ બજાર બંધ કરાવ્યું હતું. તેમણે બજારમાં સરઘસ કાઢીને સરકાર સામે ગુસ્સો વ્યક્ત કર્યો હતો.પિથોરાગઢના ધારચુલાને અડીને આવેલા નેપાળના દાર્ચુલામાં પણ હોબાળો થયો હતો. એક સ્થાનિકે જણાવ્યું હતું કે લગભગ ૧૧ વાગ્યે લોકો દાર્ચુલા બહુમુખી કેમ્પસમાં એકઠા થયા હતા. દેખાવકારોએ દાર્ચુલા બજારમાં સરઘસ કાઢ્યું હતું. તેઓ સીડીઓ ઓફિસ પર પણ પહોંચ્યા અને પથ્થરમારો કર્યો હતો. બપોરે ૨ વાગ્યાની આસપાસ દેખાવકારો હિંસક બન્યા અને કોંગ્રેસ અને યુએમએલ-માઓવાદી કાર્યાલયમાં તોડફોડ કરી. નેપાળ પોલીસ અને સશસ્ત્ર પોલીસ દળની સંયુક્ત ટીમ ઘટનાસ્થળે પહોંચી, પરંતુ તેઓ દેખાવકારો સામે લાચાર દેખાયા.



રાયબરેલીમાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (DISHA) ની બેઠક દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી.

### હું વિધવા છું, તમે તો...

## સંજય કપૂરની મિલકતનો વિવાદ ઘેરાયો, પ્રિયાએ કરિશ્માને કોર્ટમાં ઘેરી



। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂરના પૂર્વ પતિ સંજય કપૂરના વસિયતનામા મુદ્દે વિવાદ સર્જાયો છે. હવે કરિશ્મા-સંજયના બાળકોએ સાવકી માતા પ્રિયા સચદેવ પર બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યાનો આરોપ લગાવીને રૂ. ૩૦ હજાર કરોડની સંપત્તિમાં ૨૦-૨૦% હિસ્સો માંગ્યો છે. આ માટે સમાયરા કપૂર અને કિયાન કપૂરે દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી કરી છે, જેમાં તેમણે ૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા વસિયતનામાને શંકાસ્પદ, બનાવટી અને નકલી હોવાનો દાવો કર્યો છે. જેથી તે આખી સંપત્તિ પર કબજો કરી શકે. આ મામલે કોર્ટે પ્રિયા કપૂરના પક્ષને સંજય કપૂરની સંપત્તિની સંપૂર્ણ વિગતો આપવા જણાવ્યું છે. હવે આ કેસની આગામી સુનાવણી ૯ ઓક્ટોબરના રોજ થવાની છે. તેમજ સંપત્તિ વિવાદનો ઉકેલ ન આવે ત્યાં સુધી કોર્ટ સંપત્તિના વિભાજન પર રોક લગાવી શકે છે. બીજી તરફ, પ્રિયા કપૂરના વકીલે કોર્ટમાં કહ્યું કે, સંજય કપૂરના મૃત્યુ સમયે પ્રિયા કાયદેસર રીતે તેમની પત્ની હતી. તો પછી કરિશ્માના આ પ્રેમ અને નિકટતાનો દાવો ત્યારે ક્યાં હતો, જ્યારે કરિશ્માએ સુપ્રીમ કોર્ટ સુધી છૂટાછેડાની લાંબી કાયદાકીય લડાઈ લડી હતી? વકીલે કોર્ટમાં વધુમાં જણાવ્યું કે, સંજય કપૂરે એક ટ્રસ્ટ પણ બનાવ્યું હતું. કેસ દાખલ થવાના પાંચ દિવસ પહેલા, ટ્રસ્ટના દસ્તાવેજો મુજબ ૧૯૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ બાળકોના નામે કરવામાં આવી હતી. વાદી પક્ષે કોર્ટને જણાવવું જોઈતું હતું કે કરિશ્મા સાથેના છૂટાછેડાની કાનૂની કાર્યવાહી સુપ્રીમ કોર્ટમાં પૂર્ણ થઈ હતી. આ ઉપરાંત પ્રિયા કપૂરનું કહેવું છે કે, સંજય મારા દિવંગત પતિ છે. હું તેમની વિધવા છું. હું તેમની અંતિમ કાયદેસરની પત્ની હતી, ત્યારે તે ક્યાં હતી? તારા પતિ તો તને ઘણા વર્ષો પહેલા છોડીને જતા રહ્યા હતા.કરિશ્માના વકીલે કોર્ટનું ધ્યાન કપૂરના મૃત્યુ પછીના ઘટનાક્રમ પર દોર્યું. તેમણે જણાવ્યું કે, પ્રિયા કપૂર તરફથી પહેલા તેમના પક્ષકારને કહેવામાં આવ્યું હતું કે કોઈ વસિયત નથી. અમુક સંપત્તિ એક ટ્રસ્ટ પાસે જમા છે. પછી થોડા સમય બાદ, પૂર્વ પત્ની (કરિશ્મા) અને હાલની પત્ની (પ્રિયા કપૂર) વચ્ચે બેઠકો અને વાતચીતમાં એવો નિર્ણય લેવાયો કે ટ્રસ્ટના નિયમો પર ચર્ચા કરવા માટે દિલ્હીમાં એક મીટિંગ યોજવામાં આવે.

### એલએસીથી એક હજાર કિલો સોનું ગેરકાયદે ઘૂસાડાયું

# બે વર્ષમાં ચીન સરહદેથી ભારતમાં રૂ. ૮૦૦ કરોડના સોનાની તસ્કરી

### ચીન-ભારતના બે નાગરિક માસ્ટરમાઇન્ડ, ૧૦ની અટકાયત

### ચીનથી ઘૂસાડેલું સોનું લદ્દાખથી દિલ્હી લવાતું હતું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત અને ચીન વચ્ચેની સરહદ એલએસી પર સોનાની તસ્કરીના રેકેટનો ખુલાસો થયો છે. આ રેકેટની તપાસ કરી રહેલી કેન્દ્રીય એજન્સી ઈડીએ કહ્યું છે કે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન ચીન, તિબેટના નાગરિકો અને કેટલાક સ્થાનિક લોકોએ રૂપિયા ૮૦૦ કરોડના એક હજાર કિલો સોનાની તસ્કરી કરી છે.

કેન્દ્રીય એજન્સી ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તે આ ક્રિમિનલ પ્રવૃત્તિમાં ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ કાયદો એટલે કે ફેમા હેઠળ કાર્યવાહી કરી રહી છે. ગયા વર્ષે જુલાઇ મહિનામાં આઇટીબીપીના જવાનોએ ૧૦૮ કિલો વિદેશી સોનાના બાર જપ્ત કર્યા હતા. જે બાદથી ઈડી દ્વારા આ સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી હતી. બોર્ડર ગાર્ડિંગ ફોર્સના જવાનોએ ત્રણ સ્થાનિકોની આ સોના સાથે ધરપકડ કરી હતી. ઈડીએ જણાવ્યું હતું કે મંગળવારે એનસીઆર અને લદ્દાખમાં આ મામલે દરોડા પાડવામાં આવ્યા હતા અને તપાસ કરાઇ હતી. ડીઆરઆઈએ પણ આ કેસની તપાસ કરી હતી. જેમાં સામે આવ્યું કે આશરે ૧૦૬૪ કિલો સોનાની તસ્કરી થઇ હતી અને તેની રકમ ક્રીપ્ટોકરંસીમાં થઇ હતી. ડીઆરઆઈએ તસ્કરી રોકવા માટેના કાયદા હેઠળ ૧૦ લોકોની અટકાયત કરી હતી. જેઓ હાલ પણ કસ્ટડીમાં છે. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે ચીનના નાગરિક ભુ-ચુમ દ્વારા ભારતમાં તેંડુ તાશી નામના વ્યક્તિને આ વિદેશી સોનું મોકલવામાં આવી રહ્યું હતું. લદાખથી દિલ્હી સુધી આ ગેરકાયદે સોનું પહોંચાડવામાં માસ્ટરમાઇન્ડ તરીકે તાશીનું નામ સામે આવ્યું છે. તાશીએ જ અન્યોની મદદથી ભારતમાં એક હજાર કિલો સોનું ગેરકાયદે ઘૂસાડયું હતું. ડીઆરઆઈએ તસ્કરી રોકવા માટેના કાયદા હેઠળ ૧૦ લોકોની અટકાયત કરી હતી. જેઓ હાલ પણ કસ્ટડીમાં છે. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે ચીનના નાગરિક ભુ-ચુમ દ્વારા ભારતમાં તેંડુ તાશી નામના વ્યક્તિને આ વિદેશી સોનું મોકલવામાં આવી રહ્યું હતું.

### હવે જર્મની નવી પસંદ

# અમેરિકા બાદ કેનેડાનો ભારતને ઝટકો, ૮૦% સ્ટુડન્ટ વિઝા ફગાવ્યા

### એશિયા અને આફ્રિકાના અન્ય દેશોના અરજદારોની વિઝા અરજીઓ નકારાઈ : ભારતીય વિદ્યાર્થીઓ વધુ પ્રભાવિત




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અમેરિકાની ટ્રમ્પ સરકાર દ્વારા ભારતીય પ્રવાસી વિદ્યાર્થીઓ અને H-1B વિઝા ધારકો પર તાજેતરમાં લેવાયેલા કડક પગલાં બાદ હવે તેના પાડોશી દેશ કેનેડાએ પણ ભારતને મોટો ઝટકો આપ્યો છે. કેનેડાએ ૨૦૨૫માં ૮૦ ટકા ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ રદ કરી હોવાનો ખુલાસો થયો છે.

ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (RCC)ના અહેવાલ અનુસાર, કેનેડાએ 2025માં 80% ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ નકારી કાઢી હતી, જે એક દાયકામાં સૌથી વધુ છે. માહિતી અનુસાર, એશિયા અને આફ્રિકાના અન્ય દેશોના અરજદારોની વિઝા અરજીઓ પણ નકારી કાઢવામાં આવી છે પરંતુ ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ પ્રભાવિત થયા છે.

કેનેડાના આ પગલાથી ત્યાંની કૉલેજોમાં નોંધણી પર પણ અસર પડી છે. કેનેડિયન સરકારના ડેટા અનુસાર, ૨૦૨૪માં કેનેડાએ ફક્ત ૧.૮૮ લાખ નવા ભારતીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો, જ્યારે બે વર્ષ પહેલા સુધી આ સંખ્યા બમણાથી વધુ હતી.

કેનેડા અને અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ માટે લોકપ્રિય દેશો હતા જ્યાં લાંબા સમયથી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે હવે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. પરંતુ આ બંને દેશોના ખરાબ વર્તન અને ભારતીય વિદ્યાર્થીઓ પ્રત્યેના તેમના ઉદાસીન વલણને કારણે ભારતીય વિદ્યાર્થીઓનો ટ્રેન્ડ હવે જર્મની તરફ વળી ગયો છે. જર્મની ટોચના પ્રિય દેશ તરીકે ઉભરી આવ્યું છે. આને કારણે, કેનેડા હવે ફક્ત ૯ ટકા વિદ્યાર્થીઓની પહેલી પસંદગી છે.

કેનેડા ભારત સહિત વિશ્વભરના દેશોના વિદ્યાર્થીઓ માટે તેના દરવાજા બંધ કરી રહ્યું છે, કારણ કે ત્યાં રહેણાંક સુવિધાઓનો ભારે અભાવ છે. આ ઉપરાંત, માળખાગત સુવિધાઓ પર દબાણ વધી રહ્યું છે. સ્થાનિક રાજકારણને કારણે કેનેડાને પણ આવી કાર્યવાહી કરવાની ફરજ પડી છે.

### ભારત બોર્ડર પર ઘૂસણખોરી કરવા જતાં ૪ ઝડપાયા

# નેપાળની જેલમાંથી ૪૫૯ કેદીઓ ભાગી નીકળ્યા

### કપિલવસ્તુ-ચિતવન જેલમાંથી કેદીઓ ભાગતા ભારતીય સુરક્ષા એજન્સીઓએ સરહદ પર એલર્ટ જાહેર કરી દીધું

। (એજન્સી) મહારાજગંજ, તા.૧૧ ।

નેપાળમાં રમખાણો અને હિંસાની વચ્ચે જેલ તોડીને ભાગેલા અસંખ્ય કેદીઓ ભારતમાં ઘૂસણખોરી કરવાની આશંકા આખરે સાચી સાબિત થઈ છે. કપિલવસ્તુ અને ચિતવન જેલમાંથી ૪૫૯ કેદીઓ ભાગીને બુધવાર સવારથી ભારતીય સુરક્ષા એજન્સીઓએ સરહદ પર એલર્ટ જાહેર કરી દીધું હતું. સોનૌલી બોર્ડર પર ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો અને પરિણામ એ આવ્યું કે, ૨૨મી વાહિની એસએસબીએ ચેકિંગ દરમ્યાન ચાર ફરાર કેદીઓને ધરપકડ કરી લીધા.

પકડાયેલા જે ચાર કેદી છે, તેમાં અનિલ ગિરી, ગ્રામ પુરાનો રહેવાસી સંભલ ઉત્તર પ્રદેશ, રાજપાલ સિંહ, એ પણ સંભલ ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. આમના પર ૪૦૦ કિલોગ્રામ ગાંજો જપ્ત થવાનો કેસ નોંધાયેલો છે અને તે એનડીપીએસ એક્ટમાં જેલમાં બંધ હતા. મોનૂ કશ્યપ, પુત્ર જગદીશ પ્રસાદ, બંકી ગામનો રહેવાસી, બારાંકી ઉત્તર પ્રદેશ, આ એક્સિડન્ટ કેસમાં જેલમાં હતો. અબ્બાસ ખાન, પુત્ર હજારુદ્દીન, કાનસલી, નૂહ હરિયાણા- આ પણ અકસ્માત કેસમાં સજા કાપી રહ્યો હતો. આ ચારેય કેદી નેપાળની ચિતવન જેલમાંથી હિંસા દરમ્યાન ભાગી નીકળ્યા હતા અને ભારત તરફ ઘૂસણખોરી કરી રહ્યા હતા. સોનૌલી બોર્ડર પર એસએસબીના ચેકિંગમાં તેમને પકડી લેવામાં આવ્યા છે. એસએસબી અને સ્થાનિક પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, કેદીઓ સાથે સતત પૂછપરછ થઈ રહી છે. તેમની પાસેથી એ જાણકારી એકઠી કરવામા આવી રહી છે કે તેઓ કયા રસ્તે ભાગીને બોર્ડર સુધી પહોંચ્યા અને ભારતમાં ઘૂસવાનો ઈરાદો શું હતો. પ્રાથમિક પૂછપરછ બાદ નેપાળ પોલીસને કાર્યવાહી માટે સોંપી દેવામાં આવશે. નેપાળની કપિલવસ્તુ જિલ્લાની જેલ પર બુધવારે સવારે પ્રદર્શનકારીઓએ હુમલો કરી દીધો. ભીડ અને જેલ પ્રશાસનની વચ્ચે થયેલી અથડામણ દરમ્યાન ૪૫૯ કેદીઓ જેલમાંથી ફરાર થઈ ગયા. કેટલાય કેદીઓએ જેલની દીવાલો તોડી ભાગવામાં સફળતા મેળવી. આ પહેલીવાર નથી કે નેપાળની જેલમાંથી આટલી મોટી સંખ્યામાં કેદીઓ ફરાર થયા હોય. આ ઘટના બાદ ભારતની સરહદ પર સુરક્ષા માટે ખતરો ઊભો થઈ ગયો છે. કેદીઓ ફરાર થવાની યાદ મળતા જ ભારત તરફથી સોનૌલી, રક્સૌલ, જોગબની અને અન્ય બોર્ડર ચોકીઓ પર સુરક્ષા વધારી દીધી છે.

### પીએમ મોદીએ ટ્રમ્પને આપ્યો શાનદાર જવાબ

# હું મોદી સાથે વાત કરવા આતુર છું : ડોનાલ્ડ ટ્રમ્પ

।(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧।

ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યા પછી અને ચીનમાં યોજાયેલી SCO બેઠકમાં પીએમ મોદી, વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગની ત્રિપુટીને જોયા પછી, ટ્રમ્પ પોતાના નિવેદનોમાં ભારત પ્રત્યે નરમાઈ બતાવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેની તેમની મિત્રતા અને વફાદારી વિશે સતત નિવેદનો આપી રહ્યા છે. હવે PM મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનનો પણ જવાબ આપ્યો છે જેમાં યુએસ પ્રમુખે પીએમ મોદીને તેમના નજીકના મિત્ર અને તેમને મળવા માટે ઉત્સુક ગણાવ્યા છે. ટ્રમ્પની પોસ્ટને ફરીથી પોસ્ટ કરતા, પીએમ મોદીએ તેમના X પ્લેટફોર્મ પર લખ્યું કે ભારત અને અમેરિકા નજીકના મિત્રો અને કુદરતી ભાગીદારો છે. મને વિશ્વાસ છે કે અમારી વેપાર વાતચીત ભારત-અમેરિકા ભાગીદારીની અપાર શક્યતાઓને ખોલવાનો માર્ગ ખોલશે. અમારી ટીમો આ ચર્ચાઓને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરી રહી છે. હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવા માટે પણ આતુર છું. અમે બંને આપણા લોકો માટે ઉજ્જ્વળ, વધુ સમૃદ્ધ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે સાથે મળીને કામ કરીશું. અગાઉ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેરાત કરી હતી કે ભારત અને અમેરિકા વચ્ચે અટકેલા વેપાર સોદા પર વાતચીત ફરી એકવાર શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારત અને અમેરિકાએ વેપારમાં રહેલી વિસંગતતાઓને દૂર કરવા માટે વેપાર સોદા પર ફરીથી વાટાઘાટો શરૂ કરી છે. હું આગામી થોડા અઠવાડિયામાં મારા નજીકના મિત્ર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવાનું વિચારી રહ્યો છું. મને લાગે છે કે બંને દેશો વચ્ચેના વેપાર ટ્રેડમાં કોઈ મુશ્કેલી નહીં આવે. યુએસ પ્રમુખની આ જાહેરાત પછી, બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો અંગે નવી આશાઓ જાગી છે. નિષ્ણાતો માને છે કે આ પગલું ભારત-અમેરિકા વેપાર ભાગીદારીને એક નવા પરિમાણ પર લઈ જઈ શકે છે. આ પહેલાં, રશિયા પાસેથી ભારતની તેલ ખરીદીથી ગુસ્સે થયેલા અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. આ ટેરિફ ૨૭ ઓગસ્ટથી અમલમાં આવ્યો છે. આ પગલાથી, બંને દેશો વચ્ચે વેપારમાં તણાવ આવ્યો છે.

## તંત્રી લેખ...

# નેપાળની કમાન પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ સુશીલા કાર્કીને સોંપવા તૈયારી

નેપાળમાં ભારે હોબાળા બાદ કર્ફ્યૂના કારણે સન્નાટો છે. આ દરમિયાન નેપાળના ઝેન-જી પ્રદર્શનકારીઓએ એક મોટો નિર્ણય લીધો છે. ચાર કલાક ચાલેલી વર્ચ્યુઅલ બેઠક બાદ તેમણે દેશમાં વચગાળાનું નેતૃત્વ સંભાળવા માટે પૂર્વ ચીફ જસ્ટિસ સુશીલા કાર્કીનું નામ આગળ ધર્યું છે. આ પગલું નેપાળની હાલની રાજનીતિ માટે જેટલું ચોંકાવનારું છે, એટલું જ આશાઓથી ભરેલું પણ છે. કેમ સુશીલા કાર્કીની પસંદગી થઈ, આવો તેના વિશે વિગતવાર જાણીએ? બેઠકમાં સ્પષ્ટ કહ્યું છે કે, કોઈ પણ યુવાન જે રાજકારણ સાથે જોડાયેલો છે, તેને નેતૃત્વમાં ભાગ બનાવવામાં આવશે નહીં. ઉદેશ્ય તો આ આંદોલનને સંપૂર્ણપણે નિષ્પક્ષ અને બિનરાજકીય બનાવી રાખવાનો. સુશીલા કાર્કી હાલમાં કોઈ પણ રાજકીય પાર્ટી સાથે જોડાયેલા નથી. એક સિવિક એક્ટિવિસ્ટ અને પૂર્વ જજ હોવાના કારણે તેમને આ ભૂમિકા માટે સૌથી યોગ્ય માનવામાં આવ્યા.

કાઠમંડુ મેયર બાલેંદર શાહ અને યુવા નેતા સાગર ધકાલનું નામ પણ ચર્ચામાં આવ્યું છે, પણ આંદોલનકારી યુવાનોનું માનવું છે કે વર્તમાન હાલતમાં કાર્કી જેવી હસ્તી, જેમની છબિ ન્યાયપ્રિય અને નિષ્પક્ષ રહી છે, તેઓ જનતાનો વિશ્વાસ જીતી શકે છે. સેના પ્રમુખ અશોક રાજ સિગ્દેલે પહેલા ભલામણ કરી હતી કે પ્રદર્શનકારીઓને રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી અથવા દુર્ગા પ્રસાઈ સાથે વાત કરવી જોઈએ. પણ યુવાનોએ આ પ્રસ્તાવ ફગાવી દીધો હતો. તેઓ કોઈ પણ એવી તાકાતથી દૂર રહેવા માગતા હતા, જેમનો રાજકીય એજન્ડા હોય. સુશીલા કાર્કીનો જન્મ ૭ જૂન ૧૯૫૨માં બિરાટનગરમાં થયો છે. સાત ભાઈ-બહેનોમાં સૌથી મોટા કાર્કીએ કાયદાનો અભ્યાસ કર્યા બાદ ૧૯૭૯માં બિરાટનગરથી વકાલત શરુ કરી. ૧૯૮૫માં તેમણે મહેન્દ્ર મલ્ટિપલ કેમ્પસ, ધરાનમાં સહાયક અધ્યાપક તરીકે કામ કર્યું. ૨૦૦૭માં તેઓ સીનિયર એડવોકેટ બન્યા. ૨૨ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ તેમને સુપ્રીમ કોર્ટના એડ-હોક જજ તરીકે નિયુક્ત કર્યા અને ૨૦૧૦માં સ્થાયી જજ બન્યા. ૨૦૧૬માં તેઓ નેપાળના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ બન્યા. આ ખુદમાં એક ઐતિહાસિક ક્ષણ હતી. ૧૧ જૂલાઈ ૨૦૧૬થી લઈને ૭ જૂન ૨૦૧૭ સુધી તેમણે સુપ્રીમ કોર્ટની કમાન સંભાળી હતી. કાર્કીના કાર્યકાળમાં મોટા નિર્ણયો લેવાયા. પણ ૨૦૧૭માં તેમના પર માઓવાદી સેન્ટર અને નેપાળી કોંગ્રેસે મહાભિયોગ પ્રસ્તાવ લાવી દીધો. આ પગલાથી દેશભરમાં વિરોધ થયો. સુપ્રીમ કોર્ટે પણ સંસદને રોકવાનો આદેશ આપ્યો અને આખરે પ્રસ્તાવ પાછો લેવો પડ્યો. આ પ્રકરણે કાર્કીને એક એવી શખ્સિયત બનાવી દીધી, જે પ્રેશર છતાં મજબૂતીથી ટક્કર લીધી. કાર્કીના લગ્ન દુર્ગા પ્રસાદ સુવેદી સાથે થયા છે, જેમને તેઓ બનારસમાં અભ્યાસ દરમિયાન મળ્યા. સુવેદી તે સમયે નેપાળી કોંગ્રેસના ચર્ચિત યુવા નેતા હતા અને પંચાયતી શાસન વિરુદ્ધ ચાલી રહેલા આંદોલનમાં સક્રિય હતા. ત્યાં સુધી કે એક વિમાન અપહરણ કાંડમાં પણ તેમનું નામ સામે આવ્યું હતું. ન્યાયપાલિકામાંથી રિટાયર થયા બાદ કાર્કીએ પુસ્તકો લખવાનું શરુ કર્યું. ૨૦૧૮માં તેમની આત્મકથા ન્યાય આવી અને ૨૦૧૯માં તેમની નવલકથા કારા પ્રકાશિત થઈ, જે બિરાટનગર જેલના અનુભવો પર આધારિત છે.

## સિંગરવામાં આંગણવાડી કેન્દ્રના પ્રયાસોથી તીવ્ર કુપોષણમાંથી બહાર આવી સ્વસ્થ બની બાળકી નવ્યા





માહિતી, અમદાવાદ, તા. ૧૧

આંગણવાડી કાર્યકરની કાળજી અને માર્ગદર્શનથી ૧.૬૦૦ કિ.ગ્રા.ની બાળકીનું વજન સુધરીને થયું ૬.૧૦ કિ.ગ્રા., અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના સિટીગ્રામ્ય ઘટકના સિંગરવા ૨ સેજાના પરઢોલ ૨ આંગણવાડી કેન્દ્રનાં આંગણવાડી કાર્યકર સુશ્રી કાજલબહેન મહેશભાઈ દ્વારા ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ જન્મેલી બાળકી નવ્યાની કાળજી લેવામાં આવી હતી. બાળકીનો જન્મ અધૂરા મહિને થયો હતો, જેથી જન્મ સમયે તેનું વજન માત્ર ૧.૬૦૦ કિલો અને લંબાઈ ૪૯ સેમી. હતી, અને તેને ગ્રેડ-જીછ૨ (તીવ્ર કુપોષણ) તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી.

કાજલબહેને બાળકી અને તેની માતાની સતત મુલાકાત લીધી અને માતાને કાંગારુ મધર કેર ( દ્બસ્ઝ), સ્તનપાનની સાચી પદ્ધતિ, સ્વચ્છતા અને માતૃશક્તિ (ૐઇ)ના મહત્ત્વ વિશે વિગતવાર સમજ આપી. મુખ્ય સેવિકાએ પણ બાળકી અને માતાની મુલાકાત લઈને માર્ગદર્શન આપ્યું. બાળકીના જન્મ સમયે તેનામાં કુપોષણનું જોખમ વધુ હતું, પરંતુ કાર્યકરની સતત દેખરેખ અને માર્ગદર્શનથી સ્થિતિમાં સુધારો થયો.

સુશ્રી કાજલબહેનના આ પ્રયાસોનું પરિણામ એ આવ્યું કે, નવ્યાના વજન અને લંબાઈમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો. હાલમાં, તેનું વજન વધીને ૬.૧૦ કિલો અને લંબાઈ ૬૧ સેમી. થઈ છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે, તેનું પોષણસ્તર ગ્રેડ-ર્દ્ગઈસ્છ- પર પહોંચી ગયું છે, જે કુપોષણ સામેની લડાઈમાં એક મોટી જીત દર્શાવે છે. આ કિસ્સો દર્શાવે છે કે, સમયસર માર્ગદર્શન અને યોગ્ય કાળજીથી બાળકના સ્વાસ્થ્યમાં કેટલો મોટો સુધારો લાવી શકાય છે.

૧૯૬૬ માં સાક્ષરતા દિવસ ઉજવવાનું શરૂ થયું, લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવે અને વધુને વધુ લોકો શિક્ષા ગ્રહણ કરી સાક્ષર બને એ માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

# "સાક્ષરતા સુખાકારીનું નિર્માણ કરે છે " એ ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ નાં સાક્ષરતા દિવસનું સૂત્ર હતું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**શિક્ષણ અને તેના ક્ષેત્રનો વ્યાપ દિવસેને દિવસે વધતો જાય છે, અને નવી નવી શાખાઓમાં પારંગતતા પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓ કેટલીય પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરતા હોય છે!; અને આ બધું જ વિકાસ માટે અત્યંત જરૂરી છે. વિજ્ઞાનની રીતે પણ કેટલી એ શોધ થઈ!: જેને કારણે માનવ જીવનમાં સુવિધા વધી! કેટલાય જીવલેણ રોગની દવાઓ શોધાઇ અને એ રીતે વ્યક્તિની પીડા ઓછી થઈ!**

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દુનિયામાં બધું જ ખરાબ થાય છે એવું નથી! ઘણા એવાં મુદ્દા છે, જેની પર ઘણી સંસ્થાઓ કામ કરે છે, અને ખરેખર વિશ્વને સુંદર બનાવવા મથે છે! જોકે હિન્દુ સનાત સંસ્કૃતિમાં તો બાળકમાં પહેલેથી જ વસુધૈવ કુટુમ્બકમની ભાવના સીંચવામાં આવે છે. વૈશ્વિક અશાંતિ દૂર થાય એ માટે વિશ્વનો નાગરિક જાગૃત થાય, એ માટે જુદાં જુદાં દિવસોનું મહત્વ બતાવીને ઉજવવામાં આવે છે. મધર્સ ડે, ફાધર્સ ડે, ફ્રેન્ડશીપ ડે, વિમેન્સ ડે, મેન્સ ડે એ બધાં પારિવારિક દિવસ તો ઉજવાય છે! પણ સામાજિક વિકાસ માટે નાગરિક અધિકાર દિવસ, પર્યાવરણ દિવસ, જળ દિવસ, વન દિવસ, કવિતા દિવસ, પુસ્તક દિવસ, સાયકલ દિવસ, શાંતિ દિવસ, માતૃભાષા દિવસ, વ્યસન વિરોધ દિવસ, ડોક્ટર દિવસ, વગેરે દિવસ ઉજવવામાં આવે છે! એવો જ એક દિવસ ૮ સપ્ટેમ્બર સાક્ષરતા દિવસ ગયો, અને સાક્ષરતાને આજના સમયમાં કેવી રીતે મુલવવામા આવે છે, એ વિશે આપણે ચિંતન કરીશું.

૧૯૬૬ માં સાક્ષરતા દિવસ ઉજવવાનું શરૂ થયું, લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવે અને વધુને વધુ લોકો શિક્ષા ગ્રહણ કરી સાક્ષર બને એ માટે આ દિવસ ઉજવવામાં આવે છે. ભારતની વાત કરીએ તો ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ હજી પણ ઘણું ઓછું છે, સામાન્ય રીતે કેરલ રાજ્ય માં શિક્ષણ પ્રત્યે અનહદ જાગૃતિ જોવા મળે છે. પરંતુ ૨૦૨૫ માં મિઝોરમ ભારતનો સૌથી વધુ શિક્ષા ગ્રહણ કરનાર રાજ્ય ઘોષિત થયું, એટલે કે મિઝોરમની પ્રજા શિક્ષણ પ્રત્યે જાગૃત છે. ગુજરાતમાં છેલ્લી વસ્તી ગણતરી મુજબ ૭૮ થી ૮૦% જેટલો છે. સરકાર શાળા પ્રવેશોત્સવ ગુણોત્સવ અને સ્ત્રી શિક્ષણ ને ફ્રી બનાવીને શિક્ષણનો વ્યાપ વધારવાની કોશિશ કરવામાં આવે છે, કારણકે શિક્ષા કે શિક્ષણના ઘણા બધા ફાયદા છે, અને વિકાસ માટે એ અત્યંત જરૂરી છે. પરંતુ સાક્ષરતાનો અર્થ માત્ર અક્ષર જ્ઞાન સુધી સીમિત રહેવું જોઈએ નહીં.

ૈપ્રથમ તો સાક્ષરનો અર્થ જોઈએ તો સાક્ષર એટલે સ+ આ + અક્ષર એટલે કે અક્ષર સહ. જે અક્ષરોથી પરિચિત છે, અને વાંચી લખી શકે છે, એવો વ્યક્તિ સાક્ષર કહેવાય. સમગ્ર વિશ્વમાં કેટલી બધી ભાષાઓ પ્રચલિત છે, એટલે કે દરેક દેશ અથવા તો દરેક પ્રાંત પોતાનાં નાગરિકો પોતાની માતૃભાષા ભાષા લખી વાંચી શકવા જોઈએ. આજે તો અન્ય ભાષાઓમાં પારંગત થાય છે, અને અનુવાદનું ક્ષેત્ર પણ વિકસિત થતું જાય છે. ભારતમાં પણ દરેક પ્રાંત અને એમાં વસ્તી પ્રજાઓની વિવિધ સંસ્કૃતિ કે ધર્મને કારણે અલગ અલગ ભાષા પ્રચલિત છે. પણ વિવિધતામાં એકતા એ રીતે ભારતની રાષ્ટ્રભાષા તરીકે હિન્દીને સ્વીકારવામાં આવી છે!; પણ તે છતાં અંગ્રેજી ભાષા પ્રત્યેનું વલણ હજી વધુ જોવા મળે છે! એનું એ કારણ છે કે, વિશ્વનાં ઉચ્ચ અને સદ્ધર અર્થતંત્ર ધરાવતા દેશોમાં અંગ્રેજી ભાષાનું વલણ છે, અને આ ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત થયું હોય, તો પછી દુનિયાના મોટાભાગનાં દેશોમાં વસ્તુઓ સરળ બને છે.

શિક્ષણ અને તેના ક્ષેત્રનો વ્યાપ દિવસેને દિવસે વધતો જાય છે, અને નવી નવી શાખાઓમાં પારંગતતા પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓ કેટલીય પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરતા હોય છે!; અને આ બધું જ વિકાસ માટે અત્યંત જરૂરી છે. વિજ્ઞાનની રીતે પણ કેટલી એ શોધ થઈ!: જેને કારણે માનવ જીવનમાં સુવિધા વધી! કેટલાય જીવલેણ રોગની દવાઓ શોધાઈ અને એ રીતે વ્યક્તિની પીડા ઓછી થઈ! ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી ખેતી વિશે પણ કેટલીયે શોધ થઈ અને કઈ જમીનમાં કયો પાક લેવો વગેરેનું શિક્ષણ પ્રાપ્ત કરી વધુ ગુણવત્તા ભર્યું અનાજ ઉત્પન્ન થાય છે. કોઈપણ બીજના હાઈબ્રીડ બીજ એ શિક્ષણ ની ઉપલબ્ધિ છે. ટૂંકમાં શિક્ષા એટલે માત્ર લખવું વાંચવું ત્યાં સુધી સીમિત રહેતું નથી! દરેક જણ દરેક પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ સાક્ષર હોઈએ તો અન્ય કોઈ વ્યક્તિએ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એનું સાચું મુલ્યાંકન કરી શકીએ છીએ અને એને વધાવી શકીએ છીએ.

આજનો યુગ ટેકનોલોજીનો યુગ છે અને હવે ડિજિટલ ક્રાંતિને કારણે ઘણાં વ્યવહારો એકદમ સરળ અને સહજ થઈ ગયા છે. દાખલા તરીકે પહેલા રૂપિયા જમા કરાવવા કે ઉપાડવા માટે બેંકોમાં લાઈન થતી, જ્યારે હવે મની ટ્રાન્જેક્શન એકદમ સરળ થઈ ગયું છે, જો કે ક્યારેક એ જોખમી પણ પુરવાર થાય છે, અને નાનકડી એવી ભૂલને કારણે રૂપિયા અન્યનાં ખાતામાં પણ જતા રહે છે!: અને એટલે જ આરબીઆઈ આપણને સતત જાગૃત કરે છે.

૨૦૨૫ માં સાક્ષરતા દિવસની થીમમાં સાક્ષરતા દ્વારા સુખાકારી નું નિર્માણ, એ સૂત્ર આપવામાં આવ્યું છે. કારણ કે શિક્ષણ વધશે એમ બેરોજગારી ઘટશે, બેરોજગારી ઘટે તો સંતાનો નો ઉછેર સરખી રીતે થશે, અને કુપોષણ ઘટશે. શિક્ષણ એ દરેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે, અને એ રીતે ગરીબથી ગરીબ ઘરમાં જન્મેલા વધુને વધુ બાળકોને શિક્ષિત કરવા એ પણ સર્વાંગી વિકાસનો એક પાયો છે. શિક્ષિત વ્યક્તિ પોતાના વિચારોમાંથી ડર, ભય, નિરાશા, જેવા ભાવ હટાવી શકે છે,અને એને કારણે સકારાત્મક જીવન જીવી શકે છે. વાંચવું લખવું કે સંબંધિત ક્ષેત્રમાં માહિતી મેળવી એ આજના સમયમાં બહુ જરૂરી છે, અને વિશ્વ આખામાં અત્યારે મંદીનો માહોલ છે, આ ઉપરાંત કુદરતી કે કુત્રિમ આપત્તિ કે પછી પારિવારિક પ્રશ્નોને કારણે સતત માનસિક તાણ વાળું જીવન થઈ ગયું હોવાથી સમગ્ર વિશ્વમાં આવા કેટલાય નાના મોટા પડકારો છે, આ ઉપરાંત પર્યાવરણની શુદ્ધતાનો પણ એક બહુ મોટો પડકાર છે! આવા વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે સાક્ષરતાનું પ્રમાણ વધવું બહુ જરૂરી છે. આ ઉપરાંત વ્યક્તિગત વિકાસ, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય, તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સાક્ષરતા એક વરદાન સાબિત થાય એમ છે, માટે દરેકે દરેક વ્યક્તિ શિક્ષણની રીતે જાગૃત થઈને સામાજિક પરિવર્તન થાય, એટલે શિક્ષણનાં ક્ષેત્રે વધુને વધુ જ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધિ મેળવી અંધશ્રદ્ધા કે જડ રીતી રીવાજ અથવા રુઢિચુસ્ત સમાજને આમાંથી બહાર લાવવો જોઈએ. પ્રાકૃતિક ઘટકોનું મહત્વ સમજીને પ્રાકૃતિક પર્યાવરણને વધુને વધુ શુદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઈએ. શિક્ષણ વ્યક્તિને વિચારવાન બનાવે છે! અને જો શિક્ષિત અને સંપન્ન સમાજ માત્ર પોતાના સુખ માટે વિચારે નહીં, તો સામાજિક ઉત્થાન સરળતાથી થાય, અને સમાજનો દરેકે દરેક વ્યક્તિ સુખી બની શકે.

સાક્ષરતા વ્યક્તિને ચપળ, હોશિયાર, અને તેજસ્વી બનાવે છે, અને એટલે સાક્ષર વ્યક્તિનું વ્યક્તિત્વ એકદમ પ્રભાવશાળી હોય છે, અને સાથેસાથે એ વ્યક્તિ સાત્વિક હોય તો સામેવાળા પર ધારી અસર કરી શકે છે. સાક્ષરતા વાણી અને વિચારોની ઉર્ધ્વ ગતિ કરાવી સફળતા પ્રદાન કરે છે. શબ્દોને સુંદર રીતે રજુ કરવાની તેની ક્ષમતા વધે છે, સામાન્ય રીતે સભા સંમેલનમાં બોલાતા ભાષણોનાં લખાણો એટલે કોઈ સાક્ષર પાસે અલંકારિક રીતે તૈયાર કરાવવામાં આવે છે, અને એટલે જ તાળીઓના ગડગડાટ થાય છે. સામાજિક પરિવર્તન માટે દરેક દરેક વ્યક્તિ સાક્ષર બની વિકાસમાં પોતાનો ફાળો નોંધાવે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.



કેટલાક જ્ઞાનીઓ ભેદભાવથી ધ્યાન કરે છે. કેટલાક જ્ઞાનીઓ અભેદભાવથી ધ્યાન કરે છે. પ્રથમ ભેદભાવથી ધ્યાન કરે છે, પછી અભેદભાવથી

# ભગવાનનું ચિંતન ન થાય તો વાંધો નહીં પણ સંસારના વિષયનું ચિંતન કરશો નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**માતા દેવહુતિને કપિલ ભગવાને ધ્યાન કરવાની આજ્ઞા આપી છે. ધ્યાન વગર ઈશ્વરનો અનુભવ થતો નથી. પરમાત્માનાં અનેક સ્વરૂપો છે. તેમાંથી કોઇને ઇષ્ટદેવ માની તેનું ધ્યાન કરો. વ્યાસજીએ કોઈ પણ ખાસ સ્વરૂપનું ધ્યાન કરવાનો આગ્રહ રાખ્યો નથી, પણ તમને જે સ્વરૂપ ગમે તેનું ધ્યાન કરો. ધ્યાન કરતાં પહેલાં ઠાકોરજી સાથે સંબંધ જોડવો પડે છે. દાસ્ય ભક્તિમાં પહેલાં ચરણ ઉપર દૃષ્ટિ સ્થિર કરવી પડે છે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો,જે ધ્યાન કરવું છે તે પવિત્ર પરિમિત અન્નનું સેવન કરે.આહાર અલ્પ અને સાત્વિક હોવો જોઈએ. જેનું પેટ ભારે થાયપેટમાં અજીર્ણ થાય તે બ્રહ્મચર્ય પાળી શકતા નથી. જેને ધ્યાન કરવું છે તે ચોરી ન કરે. અનેક વખત મનુષ્ય આંખ અને મનથી ચોરી કરે છે. પારકી વસ્તુ જોઈ મનથી તેનું ચિંતન કરે એ ચોરી કરે છે.ધ્યાન કરવું છે તેણે સર્વ ઈન્દ્રિયો થી બ્રહ્મચર્ય પાળવું જોઈએ. શરીરથી બ્રહ્મચર્ય ઘણા પાળે છે પણ મનથી પાળતા નથી. મનથી બ્રહ્મચર્યનો ભંગ,શરીરથી બ્રહ્મ ચર્યનો ભંગ કર્યા સમાન જ છે. ચોરી આંખથી કરો કે મનથી કરો આખરે તો ચોરી જ છે. માટે પ્રત્યેક ઈન્દ્રિયથી બ્રહ્મચર્ય પાળવાનું. શરીરથી નહીં,મનથી પણ બ્રહ્મચર્ય પાળો. એક દિવસ બ્રહ્મચર્યનો ભંગ થાય છે તો ચાલીસ દિવસ સુધી મન સ્થિર થતું નથી. માતા દેવહુતિને કપિલ ભગવાને ધ્યાન કરવાની આજ્ઞા આપી છે. ધ્યાન વગર ઈશ્વરનો અનુભવ થતો નથી. પરમાત્માનાં અનેક સ્વરૂપો છે. તેમાંથી કોઈને ઈષ્ટદેવ માની તેનું ધ્યાન કરો.

વ્યાસજીએ કોઈ પણ ખાસ સ્વરૂપનું ધ્યાન કરવાનો આગ્રહ રાખ્યો નથી, પણ તમને જે સ્વરૂપ ગમે તેનું ધ્યાન કરો. ધ્યાન કરતાં પહેલાં ઠાકોરજી સાથે સંબંધ જોડવો પડે છે. દાસ્ય ભક્તિમાં પહેલાં ચરણ ઉપર દૃષ્ટિ સ્થિર કરવી પડે છે.

ખાંડની પૂતળી સાગરની ઊંડાઈ માપવા ગઈ તે પાછી આવી જ નહીં.પરમાત્મા દરિયાની જેમ વ્યાપક છે.જ્ઞાની પુરુષો પરમાત્માના રૂપ સાથે એવા મળી જાય છે કે તે પછી તે કહી શકતો નથી કે હું જાણું છું કે હું જાણતો નથી. ધ્યાન કરતાં ધ્યાન કરનારો ધ્યેય માં મળી જાય છે.આ જ અદ્વૈત છે. ધ્યાન કરનારનું 'હુંપણું' ઈશ્વરમાં મળી જાય છે. દેહભાન ભૂલાય ત્યારે જીવ અને શિવ એક થાય છે. કેટલાક જ્ઞાનીઓ ભેદભાવથી ધ્યાન કરે છે. કેટલાક જ્ઞાનીઓ અભેદભાવથી ધ્યાન કરે છે. પ્રથમ ભેદભાવથી ધ્યાન કરે છે, પછી અભેદભાવથી. જેમ ઈયળ ભમરીનું ચિંતન કરતાં ભમરી બને છે તેમ જીવ ઈશ્વરનું ચિંતન કરતાં કરતાં ઈશ્વરમય બને છે. જીવ ઈશ્વરનું મિલન થયું તે પછી જીવભાવ રહેતો નથી. ધ્યાન કરનારો જે સ્વરૂપનું ધ્યાન કરે છે,તે ધ્યેયની શક્તિ ધ્યાતામાં, ધ્યાન કરનારમાં આવે છે. જેના પર પ્રભુ કૃપા કરે તે જ પ્રભુને જાણી શકે છે અને જે એને જાણે છે તે એનામય થઈ જાય છે. એક વખત એક યવન શંકરાચાર્ય ને કહે કે,મારે ભૈરવ યજ્ઞ કરવો છે. પૃથ્વીના સાર્વભૌમ રાજાના મસ્તકની આહુતિ ભૈરવ યજ્ઞમાં કરવી પડે છે, તે તો મળે તેમ નથી.માટે મારું મસ્તક મને આપો.

શંકરાચાર્યે કહ્યું, મારા શરીરના મસ્તકથી તમારું કામ થતું હોય તો લઈ જા! શિષ્યો ન હોય અને હું ધ્યાનમાં બેસું ત્યારે આવીને મારું મસ્તક લઈ જજે! યવન એ તકની રાહ જોઈ રહ્યો. પછી એક વખત મઠમાં કોઈ નથી તેની ખાતરી કરીએ મસ્તક કાપીને લઈ જવા આવ્યો. ભગવાન શંકરના શિષ્ય પદ્મપાદને ગંગાકિનારે અનેક અપશુકન થાય છે. તે દોડતા દોડતા પાછા મઠમાં આવે છે. આવીને જુએ તો યવન તલવાર લઇને ગુરુદેવનું શિર કાપવા તૈયાર થયો છે. પદ્મપાદને એકદમ ક્રોધ આવ્યો. સિંહ બની તેમણે યવનને ચીરી નાખ્યો.

આ પ્રસંગ બતાવે છેકે,ઉપાસકમાં ઉપાસ્યની દિવ્યશક્તિ આવે છે. પદ્મપાદ નૃસિંહ ભગવાનના ભક્ત હતા.નૃસિંહનું ધ્યાન કરતાં કરતાં પદ્મપાદના દેહમાં નૃસિંહનો આવેશ આવ્યો. શુકદેવજી વર્ણન કરે છે કે,મદિરા ના મદાંધને દેહનું ભાન રહેતું નથી તેમ ધ્યાન કરતાં જે દેહભાન ભૂલે છે તેની પાછળ પાછળ ભગવાન ભમે છે. પ્રભુ પ્રેમમાં પાગલ થયો છે તે સુખી છે.

બાકીનાં સર્વ દુઃખી છે.પછી કપિલ ભગવાન કહે છે,માતા આ સર્વ કરતાં શ્રીકૃષ્ણનું ધ્યાન કરતાં જે દેહભાન ભૂલે તે સર્વથી શ્રેષ્ઠ છે. ભાગવત ભક્તો પ્રારબ્ધકર્મને પણ મિથ્યા કરી શકે તેથી શ્રેષ્ઠ છે

નારદજી એક વખત વૈકુંઠલોકમાં આવ્યા.જુએ તો ભગવાન ધ્યાન માં બેઠેલા! નારદજી પૂછે છે કે, ભગવાન તમે વળી કોનું ધ્યાન કરો છો.

ભગવાન કહે છે,હું મારા ભક્તોનું ધ્યાન કરું છું.

નારદજી કહે,તે શું એ ભક્તો એવા શ્રેષ્ઠ છે કે તમે તેનું ધ્યાન કરો છો?

હા, તે મારા કરતાં પણ શ્રેષ્ઠ છે.

નારદ કહે, માન્યમાં નથી આવતું.

ભગવાન પૂછે છે,તો તમે જ કહો. જગતમાં સૌથી મોટું કોણ?

નારદ કહે, પૃથ્વી!

ભગવાન કહે,પૃથ્વી શાની મોટી? પૃથ્વી તો શેષનાગની ફણા ઉપર રહેલી છે.

શેષનાગ મોટા.શેષનાગ વળી શાના મોટા?શેષનાગને તો શિવજીનું હાથનું કડું કરીને રાખે છે!તો શિવજી મોટા!


વળી શિવજી શાના મોટા? રાવણે શિવજી સહિત કૈલાસને ઊઠાવ્યો હતો.ત્યારે રાવણ મોટો!

અરે રાવણ શાનો મોટો?વાલી રાવણને બગલમાં દબાવીને સંધ્યા કરતો!માટે વાલી મોટો!

વાલી વળી શાનો મોટો! વાલીને રામજીએ મારેલો.

ત્યારે આપ સર્વથી મોટા!

ભગવાન કહે છે,ના,હું પણ મોટો નથી.મારા કરતાં મારા ભક્તોમોટા છે.કારણ આખું જગત મારા હૈયા માં પણ હું ભક્તોના હૈયામાં. મને હૈયામાં રાખીને વ્યવહાર કરે છે. એ જ્ઞાની ભક્તો મારાથી શ્રેષ્ઠ છે.ભગવાનના ભક્તો ભગવાનથી પણ વધારે છે.રામથી અધિક રામ નો દાસ! કારણ કે મારા નિષ્કામ ભક્તો સાલોક્ય,સાષ્ટિ સામિપ્ય,સારૂપ્ય અને સાયુજ્ય કોઈ પણ પ્રકારની મુક્તિની ઈચ્છા પણ કરતા નથી. એમને ખપ માત્ર મારી સેવા,બીજું કંઈ નહીં. પ્રભુ કહે છે કે, મારા ભક્તો મારાં અપ્રાકૃત પ્રેમ સ્વરૂપને પામે છે. ત્યારે દેહમાં આસક્ત પુરુષો અધોગતિને પામે છે. કપિલજી કહે છે, મા, વધુ શું કહું? ઈશ્વરથી વિખૂટા પડેલા જીવને સુખ નથી. મા, વૃદ્ધાવસ્થામાં આ શરીર ઘરડું બને છે. પણ મન અને બુદ્ધિ તો જુવાન રહે છે.જુવાનીમાં ભોગવેલા સુખનું મન વારંવાર ચિંતન કરે છે. ભગવાનનું ચિંતન ન થાય તો વાંધો નહીં પણ સંસાર ના વિષયનું ચિંતન કરશો નહીં. સત્સંગ અને ભજન કરો તો તન મનમાં જુવાની રહેશે,ને ઘડ પણ બોજારૂપ નહીં બને. વૃદ્ધાવસ્થામાં ખાધેલું પચતું નથી, છતાં ખાવાની વારંવાર ઈચ્છા થાય છે. વૃદ્ધાવસ્થામાં આ લૂલી બહુ પજવે છે.હજી શરીર સારું છે, ત્યાં સુધી બાજી હાથમાં છે ત્યાં સુધી પ્રભુને રાજી કરો તો બેડો પાર છે.મરણપથારીમાં પડ્યા પછી જેના માટે તમે પૈસાનું પાણી કર્યું તે લોકો જ તમે જલદી મરો તેવી ઈચ્છા રાખે છે.



### પૂર્વ પતિ યુઝવેન્દ્ર ચહલ વિશે ખુલ્લેઆમ વાત કરી

# પોતાની ઈમેજ સાફ બતાવવા બીજાને નીચા બતાવવાના? : ધનશ્રી વર્મા



કોરિયોગ્રાફર અને અભિનેત્રી ધનશ્રી વર્મા હાલમાં રિયાલિટી શો ‘રાઈઝ એન્ડ ફોલ’માં જોવા મળી રહી છે. જ્યાં શોના તાજેતરના એપિસોડમાં તેણીએ તેના પૂર્વ પતિ યુઝવેન્દ્ર ચહલ વિશે ખુલ્લેઆમ વાત કરી. ધનશ્રીએ કહ્યું, ‘જો હું ઈચ્છતી હોત તો હું ખોટું કહી શકતી હતી. પણ તમે બીજાઓને નીચે ખેંચીને શું બતાવવા માંગો છો.ધનશ્રીનો ગુસ્સો પૂર્વ પતિ યુઝવેન્દ્ર ચહલ પર હતો, ધનશ્રી વર્માએ શોમાં સ્પર્ધક સામે પ ોતાનું બધું દિલ ખોલી નાખ્યું. તેણીએ કહ્યું, ‘‘જો તમે લગ્ન કરી રહ્યા છો, તો તમારા જીવનસાથીનો આદર પણ તમારા હાથમાં છે. જો હું ઈચ્છતી હોત, તો હું ખોટી વાત કહી શકતી હતી. પરંતુ તે મારો પતિ હતો. હું લગ્ન સમયે પણ તેનો આદર કરતી હતી, અને અત્યારે પણ એવું કરવું જરૂરી છે કારણ કે હું એક સમયે તેની સાથે લગ્ન કરી ચૂકી હતી. અને જો તમારે પોતાને સારા બતાવવા હોય, તો તમારા કામ દ્વારા તે બતાવો.ધનશ્રી અહીં અટકી ન હતી, તેણીએ આગળ કહ્યું, ‘બીજાઓને નીચે ખેંચીને તમારી છબી કેમ સાફ કરો.. ભલે તમે મારી સામે ગમે તેટલું નકારાત્મક પીઆર કરો. તે તમને કોઈ પણ રીતે મદદ કરશે નહીં. પરંતુ તેમનો વિચાર એ છે કે હું ગમે તેટલું ખરાબ કરું, લોકો મારા વિશે ખરાબ બોલશે નહીં. કેમ કે લોકો જાણે જ છે કે સત્ય શું છે. તમારા નિવેદનોથી તમે લોકોનો અભિપ્રાય બદલી શકો, પરંતુ સત્ય નહી. ભલે તમે મારી સામે ગમે તેટલું નકારાત્મક પીઆર કરો. તે તમને કોઈ પણ રીતે મદદ કરશે નહીં. પરંતુ તેમનો વિચાર એ છે કે હું ગમે તેટલું ખરાબ કરું, લોકો મારા વિશે ખરાબ બોલશે નહીં. કેમ કે લોકો જાણે જ છે કે સત્ય શું છે. તમારા નિવેદનોથી તમે લોકોનો અભિપ્રાય બદલી શકો, પરંતુ સત્ય નહી.

# ન્યાયતંત્રની ગરિમા ઘટાડતી હોઇ અક્ષયની ‘જોલી-એલએલબી થ્રી’ સામે હાઇકોર્ટમાં પિટિશન

## ફિલ્મના ટ્રેઇલરમાં કોર્ટને જે હાસ્યાસ્પદ રીતે દર્શાવવામાં આવી છે એનો પણ વાંધો અરજદારે ઉઠાવ્યો છે

સુપરસ્ટાર અક્ષયકુમાર અને અર્શદ વારસીને ચમકાવતી કાયદાના વિષય સાથે સંકળાયેલી જોલી-LLB સિરીઝની ત્રીજી ફિલ્મ હવે ખુદ કાયદામાં સાણસામાં આવી ગઈ છે. જોલી-LLB થ્રીનું ટ્રેઈલર રિલીઝ થયું છે અને ફિલ્મ ૧૯મી સપ્ટેમ્બરે થિયટરોમાં રિલીઝ થવાની છે, ત્યારે ફિલ્મની વિષયવસ્તુ અને કેટલાક સંવાદો ન્યાયતંત્રની ગરિમાને ઘટાડતા હોવાના આક્ષેપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન કરવામાં આવી છે. આ પિટિશનની સુનાવણી ગુરુવારે હાઈકોર્ટના સિંગલ જજ સમક્ષ નીકળે એવી શક્યતા છે. ત્યારે અગાઉની ફિલ્મોમાં જે રીતે કાનૂની કાવાદાવા અને રસપ્રદ મુદ્દાઓ આવરી લેવાયા હતા, એવી રીતે ધારદાર દલીલો અને કાનૂની દાવપેચ આ કેસની સુનાવણીમાં પણ જોવા મળી શકે છે. ફિલ્મના ટીઝરમાં દર્શાવવામાં આવેલા કેટલાક સંવાદો ન્યાયતંત્રની




ગરિમાને ઘટાડતાં હોવાના આક્ષેપ અરજદાર દ્વારા લગાવવામાં આવ્યા છે. તેથી અક્ષયકુમાર અને અર્શદ વારસી અભિનીત ફિલ્મ જોલી-LLB થ્રીની રિલીઝ પર સ્ટે મૂકવાની દાદ સાથે હાઈકોર્ટમાં અરજી કરાઈ છે. આ અરજીમાં જણાવ્યા મુજબ ફિલ્મના ટીઝરમાં કોર્ટના જજ માટે વપરાતા સંવાદો ન્યાયતંત્રની ગરિમાથી વિપરીત છે. અમદાવાદના નિકોલ વિસ્તારના રહેવાસી યતીન દેસાઈએ હાઈકોર્ટમાં રિટ કરી છે અને માહિતી અને પ્રસારણ મંત્રાલયને કાયદાની જોગવાઈઓ હેઠળ તમામ ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ પર ટીઝર(ટ્રેઈલર)ને તાત્કાલિક અટકાવી દેવા નિર્દેશ આપવાની માગ કરી છે. અરજદારે ૧૯મી સપ્ટેમ્બરના રોજ ફિલ્મની રિલીઝ પર રોક લગાવવા અને ફિલ્મની સમીક્ષા કરવા માટે ન્યાયાધીશો, નિવૃત્ત ન્યાયાધીશો, વકીલો અને નિષ્ણાતોની સમિતિની રચના કરવા અને તમામ મટીરિયલની તપાસ કરવાની દાદ માગી છે. તે ઉપ રાંત ન્યાયતંત્રને અશોભનીય રીતે દર્શાવતા ભાગોને દૂર કરવાની માગ કરી છે. અરજદારે ફિલ્મના ટીઝર અને ફિલ્મ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્ર રદ કરવાની પણ માગ કરી છે. અગાઉની ફિલ્મ એટલે કે જોલી-LLB ટૂ વખતે બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેંચે પણ કેટલાક નિર્દેશો આપ્યા હતા અને ફિલ્મના કેટલાક વાંધાજનક ભાગને દૂર કરવામાં આવ્યા હતા. સાથે જ અરજદારે એવી સ્પષ્ટતા પણ કરી છે કે તે ફિલ્મ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકાય એવું ઈચ્છતો નથી. પરંતુ ફિલ્મની રિલીઝ પહેલાં એક નિર્ધારિત સમિતિ દ્વારા તેને જોવામાં આવે અને એનું મૂલ્યાંકન કરી વાંધાજનક વસ્તુઓ દૂર કરવામાં આવે. ફિલ્મના ટ્રેઈલરમાં કોર્ટને જે હાસ્યાસ્પદ રીતે દર્શાવવામાં આવી છે એનો પણ વાંધો અરજદારે ઉઠાવ્યો છે અને કોર્ટની ગરિમાનું હનન થાય એવા નિમ્નસ્તરીય સંવાદો કે કટાક્ષને દૂર કરવાની માગ કરી છે.

### ‘કંતારા ચેપ્ટર ૧’ ૨ ઓક્ટોબરે થિએટરમાં રિલીઝ થશે

# ઋષભ શેટ્ટીની ‘કંતારા ચેપ્ટર ૧’ પર કેરળમાં પ્રતિબંધ લાગી શકે

‘કંતારા ચેપ્ટર ૧’ ૨ ઓક્ટોબરે થિએટરમાં રિલીઝ થવાની છે, આ ફિલ્મ ઋષભ શેટ્ટીની માઈથોલોજિકલ એક્શન ડ્રામા ફિલ્મ ‘કંતારા’ની પ્રિક્વલ તરીકે આવશે. આ ફિલ્મને ઋષભ શેટ્ટીએ જ ડિરેક્ટ કરી છે. હવે એવા અહેવાલો છે કે કેરળમાં આ ફિલ્મને પૃથ્વીરાજ સુકુમારનનું પૃથ્વીરાજ પ્રોડક્શન્સ દ્વારા ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવી રહી છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ પર કેરળમાં પ્રતિબંધ લાગી શકે છે. આ અહેવાલો અનુસાર ફિલ્મ એક્ઝિબીટર્સ યુનિયન ઓફ કેરાલાના પ્રમુખ વિજયકુમારે જાહેર કર્યું છે કે પૃથ્વીરાજ પ્રોડક્શન્સે ફિલ્મ રિલીઝના બે અઠવાડિયામાં થિએટરની આવકમાંથી ૫૫ ટકા પ્રોફિટ શેરની માગણી કરી છે. જોકે, આ સંસ્થાએ આ શરતોનો



વિરોધ કર્યો છે, તેથી આ ફિલ્મ પર પ્રતિબંધ લાગી શકે છે. વિજયકુમારે સ્થાનિક મીડિયાને જણાવ્યા અનુસાર, ‘‘હાલ જે નિયમો છે, તે અનુસાર કેરળમાં રિલીઝ થતી અન્ય ભાષાની ફિલ્મમાંથી શરુઆતના દિવસોમાં માત્ર ૫૦ ટકા પ્રોફિટ શેર જ માગી શકાય છે. અમે પેન્ડેમિક દરમિયાન ખાસ કિસ્સામાં ડિસ્ટ્રીબ્યુટર્સને ૫૫ ટકા હિસ્સાની છૂટ આપી હતી. હાલની સ્થિતિએ અમે આ માગણીઓની છૂટ આપતા નથી.’’તેમણે આ ઉપરાંત તેમણે એવું પણ કહ્યું કે જ્યારે કેરળની બહાર કોઈ મલયાલમ ફિલ્મ રિલીઝ થાય છે, ત્યારે મલયાલન ફિલ્મ પ્રોડ્યુસર્સને માત્ર ૩૦થી ૪૦ ટકા હિસ્સો જ મળે છે. વિજયકુમારે કહ્યું, ‘‘કેરળમાં થુડ્રમ એક મોટી હિટ હતી, પરંતુ જ્યારે તે ફિલ્મ રાજ્યની બહાર ડિસ્ટ્રિબ્યુટ થઈ ત્યારે પ્રોડ્યુસર રણજીતને મોટું નુકસાન થયું હતું.

# ફિલ્મ હિટ રહે કે ફ્લોપ, પણ હું મારી દરેક ફિલ્મની સંપૂર્ણ જવાબદારી લઉં છું : કાજોલ



## કેમેરા સામે મોટા ભાગનું જીવન વિતાવનાર કાજોલ કહે છે, ત્રણ દાયકા લાંબી કારકિર્દી માટે ફિલ્મોની ઋણી છે

કાજોલના ખાતે અનેક સફળ અને બ્લોકબસ્ટર હિટ ફિલ્મો બોલે છે. તેની ફિલ્મી સફર ઘણી લાંબી રહી છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કાજોલે કહ્યું કે તે પોતાની દરેક ફિલ્મની સંપૂર્ણ અને પુરેપુરી જવાબદારી લે છે, પછી તે ડીડીએલ જેવી મોટી હિટ હોય કે પછી કોઈ ‘ગુંડારાજ’ કે ‘હલચલ’ જેવી સમયાંતરે ભુલાઈ ગયેલી ફિલ્મ. ૧૯૯૨માં ‘બેખુદી’ ફિલ્મથી ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરનારી કાજોલે તાજેતરમાં પીટીઆઈના ઈન્ટરવ્યુમાં આ અંગે વાત કરી હતી. તેણે કહ્યું, ‘‘હું તેમાં એક પણ ફેરફાર કરવા માગતી નથી.’’કોઈ પણ કલાકારને તેની સફળ ફિલ્મ માટે ગૌરવ હોય છે, પરંતુ કાજોલ કહે છે કે તેની બોક્સ ઓફિસ પર ખાસ ન ચાલેલી ફિલ્મ અંગે પણ ગૌરવ અનુભવે છે. કાજોલે કહ્યું, ‘‘મને લાગે છે કે અત્યાર સુધીમાં મેં કરેલી લગભગ દરેક ફિલ્મનો મારી કૅરિઅરમાં મોટો ફાળો ધરાવે છે. મારા માટે અંગત રીતે, હું તેની જવાબદારી લઉં છું. હું તેમના પુરેપુરી અને દરેક બાબતની જવાબદારી લઉં છું, હું મારી દરેકે દરેક ફિલ્મ માટે સંપુર્ણ જવાબદારી લઉં છું. તેમાં શ્રેય મળે કે નામોશી, એ મારી છે.’’જેમ સફળતા આવે એમ નિષ્ફળતા પણ આવે છે, જેમકે ૧૯૯૫માં કાજોલની ‘કરણ અર્જુન’ અને ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ આવેલી જે ખૂબ સફળ રહેલી પરંતુ, સામે ‘તાકાત’, ‘હલચલ’ અને ‘ગુંડારાજ’ બિલકુલ ચાલી નહોતી. કાજોલ આ અંગે કહે છે, ‘‘જો એ નહોતી ચાલી તો, એ ટિકિટની દૃષ્ટિએ સારી નહીં ચાલી હોય. પરંતુ હા, તેમાંથી હું ઘણું શીખી હતી. મેં દરેક રીતે મારું શ્રેષ્ઠ આપવાની કોશિષ કરી હતી. ’’કેમેરા સામે મોટા ભાગનું જીવન વિતાવનાર કાજોલ કહે છે, ત્રણ દાયકા લાંબી કારકિર્દી માટે ફ્રજ ફિલ્મોની ઋણી છે. હવે તેની વેબ સિરીઝ ‘ધ ટ્રાયલ’ની બીજી સીઝન આવી રહી છે. ત્યારે કાજોલે કહ્યું, ‘‘હું ઋણી છું કે, હું આ ઉંમરે પણ પહેલાં જેટલી જ પ્રસ્તુત રહી શકું છું. મારામાં ટેલેન્ટ છે, પરંતુ ઘણાં લોકો ટેલેન્ટ હોવા છતાં મારા જેવા નસીબદાર નથી હોતાં.’’

# એક થા ટાઈગર ફિલ્મનો સ્પાય મ્યુઝિયમમાં સમાવેશ થતાં નવાઈ

## વર્ષો અગાઉ બોલીવૂડ સર્જકો તેમની ફિલ્મની સ્ક્રિપ્ટને ઓસ્કર લાયબ્રેરીમાં સ્થાન મળ્યું હોવાનું ધુપ્પલ પબ્લિસિટી ખાતર ચલાવતા હતા

અમેરિકાના વોશિંગ્ટન ડીસીના સ્પાય મ્યુઝિમમાં જાસૂસી ફિલ્મો અને વેબ સીરિઝનું એક કલેક્શન રજૂ કરાયું છે. તેમાં ભારતમાંથી સલમાન ખાન અને કેટરિના કૈફની ‘એક થા ટાઈગર’નો સમાવેશ થયાના અહેવાલોથી ચાહકોને નવાઈ લાગી હતી. ફિલ્મના દિગ્દર્શક કબીર ખાને પણ કહ્યું હતું કે આ બાબતે પોતાને ખાસ જાણકારી નથી. આ મ્યુઝિયમની મુલાકાત લેનારા કેટલાક લોકોએ ફિલ્મનું પોસ્ટર જોઈ તેને મેસેજ કર્યો હતો. બીજી તરફ ફિલ્મ ચાહકોએ આ વાત જાણીને નવાઈ અનુભવી હતી. કેટલાક લોકોએ તો આ સ્પાય મ્યુઝિયમમાં ફિલ્મના સમાવેશ માટે શું ધારાધોરણો છે તે વિશે પણ સર્ચ કર્યું હતું. જોકે, આ



મ્યુઝિયમે તે વિશે બહુ સ્પષ્ટ વિગતો આપી નથી. કેટલાક ચાહકોએ જણાવ્યું હતું કે વાસ્તવમાં આલિયા ભટ્ટની ‘રાઝી’ અને જોન અબ્રાહમની ‘મદ્રાસ કેફે’ વધુ બહેતર સ્પાય ફિલ્મો છે. વર્ષો અગાઉ બોલીવૂડ સર્જકો તેમની ફિલ્મની સ્ક્રિપ્ટને ઓસ્કર લાયબ્રેરીમાં સ્થાન મળ્યું હોવાનું ધુપ્પલ પબ્લિસિટી ખાતર ચલાવતા હતા. જોકે, બાદમાં સ્પષ્ટ થયું હતું કે આ માટે કોઈ ક્રાઈટેરિયા હોતો નથી અને કોઈપણ ફિલ્મ સર્જક પોતાની સ્ક્રિપ્ટ આ લાયબ્રેરીનાં કલેક્શન માટે મોકલી શકે છે. વાસ્તવમાં આલિયા ભટ્ટની ‘રાઝી’ અને જોન અબ્રાહમની ‘મદ્રાસ કેફે’ વધુ બહેતર સ્પાય ફિલ્મો છે. વર્ષો અગાઉ બોલીવૂડ સર્જકો તેમની ફિલ્મની સ્ક્રિપ્ટને ઓસ્કર લાયબ્રેરીમાં સ્થાન મળ્યું હોવાનું ધુપ્પલ પબ્લિસિટી ખાતર ચલાવતા હતા. જોકે, બાદમાં સ્પષ્ટ થયું હતું કે આ માટે કોઈ ક્રાઈટેરિયા હોતો નથી અને કોઈપણ ફિલ્મ સર્જક પોતાની સ્ક્રિપ્ટ આ લાયબ્રેરીનાં કલેક્શન માટે મોકલી શકે છે.

### આમિરખાનની સ્થૂળતાની તસવીરો વાયરલ

# આમિર ખાને દાદાસાહેબ ફાળકેના રોલ માટે પુષ્કળ વજન વધાર્યું

આમિર ખાન તાજેતરમાં એકદમ સ્થૂળ બની ગયો હોવાનું દર્શાવતી કેટલીક તસવીરો વાયરલ થઈ છે. એક અનુમાન પ્રમાણે તેણે દાદાસાહેબ ફાળકેની બાયોપિક માટે વજન વધાર્યું છે. સોશિયલ મીડિયા સાઈટ્સ પર આ વિશે ટીકાટીપ્પણનો મારો થયો હતો. કેટલાક ચાહકોએ લખ્યું હતું કે આમિર હવે એક સિનિયર સિટિઝન છે. ઉંમર ઉંમરનું કામ કરે. તે સદાકાળ યુવાન દેખાય તેવી અપેક્ષા રાખી શકાય નહિ. રાજકુમાર હિરાણી આ બાયોપિક બનાવી રહ્યા છે. આ માટે હાલ સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. એ સમયના યુગને યથાતથ બનાવવા માટે વીએફએક્સ ઉપરાંત એઆઈનો ભરપૂર ઉપ યોગ કરવામાં આવશે તેમ માનવામાં આવે છે. દાદાસાહેબ ફાળકેને ભારતીય ફિલ્મ ઉદ્યોગના પિતામહ ગણવામાં આવે છે. તેમણે ૧૯૧૩માં ભારતની પહેલી ફીચર ફિલ્મ ‘રાજા હરિશ્ચંદ્ર’ બનાવી હતી. તે સદાકાળ યુવાન દેખાય તેવી અપેક્ષા રાખી શકાય નહિ. રાજકુમાર હિરાણી આ બાયોપિક બનાવી રહ્યા છે. આ માટે હાલ સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. એ સમયના યુગને યથાતથ બનાવવા માટે વીએફએક્સ ઉપરાંત એઆઈનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે તેમ માનવામાં આવે છે. દાદાસાહેબ ફાળકેને ભારતીય ફિલ્મ ઉદ્યોગના પિ તામહ ગણવામાં આવે છે. તેમણે ૧૯૧૩માં ભારતની પહેલી ફીચર ફિલ્મ ‘રાજા હરિશ્ચંદ્ર’ બનાવી હતી.

### દીપિકાએ આ કેકને પોતાના પ્રેમની ભાષા ગણાવી

# દીપિકાએ દીકરી દુઆના પ્રથમ બર્થડે પર જાતે ચોકલેટ કેક બનાવી

દીપિકા પાદૂકોણ અને રણવીર સિંહની દિકરી દુઆ સિંહ પાદુકોણ એક વર્ષની થઈ ગઈ છે. તે જ્યારથી જન્મી ત્યારથી આ કપલના ફૅન્સ આતુરતાથી દુઆનો ચહેરો જોવાની રાહ જોઈ રહ્યાં છે. જોકે, આ બાબતે તો ઈન્તઝાર કેટલો લાંબો હશે એ ખ્યાલ નથી પરંતુ દીપિકાએ તેના બર્થડેની ઝલક પોતાના સોશિયલ મીડિયા પર શેર કરી છે. દીપિકાએ દિકરીનો પહેલો જન્મ દિવસ ઉત્સાહથી ઉજવતા ઘરે એક કેક બનાવી હતી, જેણે તેના ફૅન્સના દિલ જીતી લીધાં છે. દીપિકાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક મોંમાં પાણી આવી જાય એવી કેકનો ફોટો શેર કર્યો છે. આ એક ચોકલેટ કેક હતી, જે તેણે જાતે બેક કરી છે. એક વ્હાઈટ સ્ટન્ડ પર સારી રીતે કેક ગોઢવીને તેના પર ગોલ્ડન કલરની કેન્ડલ મુકવામાં આવી હતી. જ્યારે તેના બેકગ્રાઉન્ડમાં ફુલોની સજાવટ દેખાય છે. આ ફોટો શેર કરતા કૅપ્શનમાં દીપિકાએ લખ્યું, ‘‘મારી પ્રેમની ભાષા? મારી દિકરીના પહેલા જન્મ દિવસે જાતે કેક બેક કરી!’’જો દીપિકાની ફિલ્મની વાત કરવામાં આવે તો એવા અહેવાલો છે કે તે હવે ટૂંક સમયમાં અટલી અને અલ્લુ અર્જૂન સાથે નવેમ્બરથી શૂટિંગ શરૂ કરવાની છે. એક સુત્રએ જણાવ્યું હતું કે, ‘‘દીપિકાએ ફિલ્મ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે અને તે નવેમ્બર ૨૦૨૫થી સેટ પર આવવા તૈયાર છે. તેણે આ શૂટ માટે ૧૦૦ દિવસ ફાળવેલા છે અને આ એક ડ્રામેટિક એક્શન ફિલ્મ હશે. દીપિકા અને અલ્લુ અર્જુન બંને



આ ફિલ્મ સાથે નવા અવતારમાં જોવા મળશે. તેમનાં માટે યોદ્ધાઓ જેવા ખાસ પ્રકારના કોસ્ચ્યુમ્સ પણ ડિઝાઈન કરવામાં આવ્યા છે.’’ ‘‘દીપિકાએ ફિલ્મ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે અને તે નવેમ્બર ૨૦૨૫થી સેટ પર આવવા તૈયાર છે. તેણે આ શૂટ માટે ૧૦૦ દિવસ ફાળવેલા છે અને આ એક ડ્રામેટિક એક્શન ફિલ્મ હશે. દીપિકા અને અલ્લુ અર્જુન બંને આ ફિલ્મ સાથે નવા અવતારમાં જોવા મળશે.

# ગોવિંદાએ લગભગ બધી જ એક્ટ્રેસ સાથે ફ્લર્ટ કર્યું : સુનીતા

## સુનીતાની ગોવિંદા સાથેની લવ-હેટ રિલેશનશિપે તેના ચાહકોને ખૂબ કન્ફ્યુઝન કરી રહી છે, લગ્નસંબંધ અંગે પત્નીએ કરી ચોંકાવનારી વાત

બોલિવૂડ અભિનેતા ગોવિંદા અને તેમની પત્ની સુનીતા હાલના દિવસોમાં સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચામાં છે. સુનીતાની ગોવિંદા સાથેની લવ-હેટ રિલેશનશિપે તેના ચાહકોને ખૂબ કન્ફ્યુઝન કરી રહી છે. ક્યારેક સુનીતા ગોવિંદા પર આરોપ લગાવે છે તો ક્યારેક સુનિતા ગોવિંદાના વખાણ કરી આદર્શ પતિ જણાવે છે. હવે રિયાલિટી શો ‘પતિ પ ત્ની ઔર પંગા’માં સુનીતાએ ગોવિંદાને લઈને ખુલાસા કર્યા હતા.હાલમાં જ સુનીતા ‘પતિ પત્ની ઔર પંગા’ શોમાં ગેસ્ટ બની પહોંચી હતી. આ શોના હોસ્ટ મુન્નાવર ફારુકીએ સુનીતાને ડાન્સ કરવા કહ્યું. સુનીતાએ ફારુકીને તેના અંદાજમાં જવાબ આપ્યો કે ‘મે તેરી બીવી નંબર થોડી હૂં, જો તુ મેરે સાથ ડાન્સ કર રહા હૈ’. સુનીતા કોમેન્ટ કરતા કહ્યું કે તેણે લાગે છે કે આ શો તેના અને ગોવિંદાના લગ્નથી જ પ્રેરિત છે. સુનીતાએ મજાકિયા અંદાજમાં કહ્યું કે, ગોવિંદાએ લગભગ બધી જ એક્ટ્રેસ સાથે ફ્લર્ટ કર્યુ છે. પરંતુ સોનાલી બેન્દ્રે એવી એક્ટ્રેસ છે, જેના સાથે ગોવિંદાએ ક્યારેય ફ્લર્ટ કરવાનો પ્રયત્ન કર્યો જ નથી. આ સાંભળી સોનાલી પણ શરમાઈ ગઈ. શોમાં ઈશા માલવિયાએ સુનીતાને તેના પતિ ગોવિંદાને રેટિંગ આપ વા કહ્યું. ત્યારે સુનીતાએ કહ્યું કે, તેનો પતિ ખૂબ મોડો આવે છે. તે ઘણીવાર ફોન મિસ કરે છે. જવાબદારીઓની વાત કરીએ તો સુનિતાએ ગોવિંદાને



૭ માર્ક્સ આપ્યા. ઈશાએ પછી સુનીતાને સંબંધમાં પ્રામાણિકતાને રેટિંગ આપવા કહ્યું. સુનીતાએ પ્રામાણિકતામાં ૬ નંબર આપ્યો. સુનીતાની રેટિંગ સાંભળી દર્શકો પણ આશ્ચર્યમાં મુકાયા. સુનિતાએ ‘પતિ પત્ની ઔર પંગા’ શોમાં ભાગ લેવાનો અનુભવ અદ્ભુત ગણાવ્યો. તેણે કહ્યું કે તેને ફરીથી ગોવિંદાના ગીતો પર નાચવાનો આનંદ આવ્યો. સોનાલી બેન્દ્રે સાથે સમય વિતાવવો તેના માટે ખૂબ જ ખાસ હતો.

# જુનાગઢમાં ST બસ બેકાબૂ બનતા એક મોટો અકસ્માત સર્જાયો

। (પ્રતિનિધી) જુનાગઢ, તા.૧૦ ।

જુનાગઢમાં ST બસ બેકાબૂ બનતા એક મોટો અકસ્માત સર્જાયો છે. જુનાગઢ-પોરબંદર રૂટ પર દોડતી આ બસની અચાનક બ્રેક ફેઈલ થઈ જતાં ડ્રાઈવરે તેને ડિવાઈડર સાથે અથડાવીને ઊભી રાખવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં બેથી વધુ લોકોને ઈજા પહોંચી છે અને ત્રણ કારને પણ નુકસાન થયું છે. આ અકસ્માત બાદ રસ્તા પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બસ ચાલકે બ્રેક ફેલ થયા બાદ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સમજદારીપૂર્વક બસને ડિવાઈડર સાથે અથડાવી હતી. જેથી કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ નહીં. જોકે આ ઘટનામાં કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને કારણે રસ્તા પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક કંટ્રોલર પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે યુદ્ધના ધોરણે ટ્રાફિક ક્લિયર કરવાની કામગીરી હાથ ધરી હતી. જેથી અન્ય વાહનચાલકોને વધુ મુશ્કેલી ન પડે. આ ઘટના ફરી એકવાર વાહનોની યોગ્ય જાળવણી અને સુરક્ષા અંગે ગંભીર સવાલો ઉભા કરે છે. ખાસ કરીને જાહેર પરિવહન સેવાઓ માટે દોડતા વાહનોની નિયમિત તપાસ અને જાળવણી અત્યંત જરૂરી હોય છે. જેથી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

# વેસ્ટર્ન રેલવે તહેવારોને ધ્યાનમાં રાખી ત્રણ જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

। (રેલવે) અમદાવાદ, તા.૧૦ ।

આગામી દશેરા ,દિવાળી અને છઠ્ઠ પૂજા દરમ્યાન મુસાફરોની માંગને પહોંચી વળવા પશ્ચિમ રેલ્વેએ ત્રણ જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લીધો છે. જેમાં મુંબઈ સેન્ટ્રલ - બનારસ એસી સ્પેશિયલ સાપ્તાહિક ટ્રેનના ૧૬ ફેરા તથા વડોદરા - ગોરખપુર સ્પેશિયલ સાપ્તાહિક ટ્રેનના ૨૦ ફેરા રહેશે.મુંબઈ સેન્ટ્રલ - બનારસ ટ્રેન દર બુધવારે રાત્રે ૧૧:૧૦ કલાકે મુંબઈ સેન્ટ્રલથી ઉપડશે અને શુક્રવારે સવારે ૧૦:૩૦ કલાકે બનારસ પહોંચશે. આ ટ્રેન ૧૭ સપ્ટેમ્બર થી ૫ નવેમ્બર સુધી કાર્યરત રહેશે. તેવી જ રીતે બનારસ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેન દર શુક્રવારે બનારસથી બપોરે ૨:૩૦ કલાકે ઉપડશે અને રવિવારે સવારે ૪:૨૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૧૯ સપ્ટેમ્બરથી ૭ નવેમ્બર સુધી કાર્યરત રહેશે. આ ટ્રેનો બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ ,સુરત ,વડોદરા, રાયબરેલી, અમેઠી, ભદોહી સહિતના સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. જ્યારે વડોદરા - ગોરખપુર ટ્રેન દર શનિવારે સાંજે ૭ કલાકે વડોદરાથી ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૧૧:૩૦ કલાકે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન ૨૭ સપ્ટેમ્બર થી ૨૯ નવેમ્બર સુધી કાર્યરત રહેશે. તેવી જ રીતે ગોરખપુર - વડોદરા સ્પેશિયલ ટ્રેન દર સોમવારે ગોરખપુરથી સવારે ૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૮ કલાકે વડોદરા પહોંચશે. આ ટ્રેન ૨૯ સપ્ટેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી કાર્યરત રહેશે. આ ટ્રેનો ગોધરા, રતલામ ,ગંગાપુર ,કાનપુર ,બાદશાહ નગર, બારાબંકી ,બસ્તી સહિતના સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

# દેવગઢ બારિયામાં જીવિત પત્નીનો મરણનો ખોટો દાખલો કઢાવ્યો

। (માહિતી) દેવગઢ બારિયા, તા.૧૦ ।

દેવગઢ બારિયા નગરપાલિકામાં વધુ એક સનસનાટીપૂર્ણ કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક પતિએ પોતાની હયાત પત્નીનો મરણનો દાખલો મેળવી લીધો હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનાએ વહીવટી તંત્રની કામગીરી અને આવા બોગસ દાખલાઓ કઢાવવા પાછળના ઈરાદાઓ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના વોર્ડ નંબર ૪ માં રહેતા સ્વદેશસિંહ બારીયાએ પોતાની ૪૨ વર્ષીય પત્ની મંજુલાબેન બારીયાનું મૃત્યુ થયું હોવાનું ખોટા પુરાવા રજૂ કરીને મરણનો દાખલો મેળવ્યો હતો. તેમણે દર્શાવ્યું હતું કે તેમની પત્ની મંજુલાબેનનું મૃત્યુ ૧૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ થયું છે, જ્યારે વાસ્તવમાં તેઓ જીવિત છે. આ ઘટનાએ નગરપાલિકાના વહીવટની પારદર્શિતા અને જવાબદારી પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. એક બાદ એક આવી ઘટનાઓ બનતા સ્થાનિક લોકોમાં ભારે ચર્ચા જાગી છે કે હજુ આવા કેટલા જીવિત લોકોના બોગસ મરણના દાખલા ઈશ્યૂ થયા હશે. આ કિસ્સાઓમાં નગરપાલિકાના કર્મચારીઓની મિલીભગત હોવાની પણ શંકાઓ વ્યક્ત થઈ રહી છે. જીવિત વ્યક્તિના મરણના દાખલા કઢાવવા પાછળનું કારણ શું હોઈ શકે, તેવા અનેક સવાલો પણ ઉઠી રહ્યા છે. આ ઘટનાઓ મિલકત, વારસાઈ હક, કે અન્ય કોઈ આર્થિક લાભ મેળવવાના હેતુથી કરવામાં આવી રહી છે કે કેમ, તે તપાસનો વિષય બન્યો છે. આ કિસ્સાએ નગરપાલિકાના દાખલા ઈશ્યૂ કરવાની પ્રક્રિયામાં રહેલી ક્ષતિઓ અને ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો છે. સત્તાવાળાઓએ આ મામલે તાત્કાલિક તપાસ કરી જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ, તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે. એક બાદ એક આવી ઘટનાઓ બનતા સ્થાનિક લોકોમાં ભારે ચર્ચા જાગી છે કે હજુ આવા કેટલા જીવિત લોકોના બોગસ મરણના દાખલા ઈશ્યૂ થયા હશે. આ કિસ્સાઓમાં નગરપાલિકાના કર્મચારીઓની મિલીભગત હોવાની પણ શંકાઓ વ્યક્ત થઈ રહી છે. જીવિત વ્યક્તિના મરણના દાખલા કઢાવવા પાછળનું કારણ શું હોઈ શકે, તેવા અનેક સવાલો પણ ઉઠી રહ્યા છે. આ ઘટનાઓ મિલકત, વારસાઈ હક, કે અન્ય કોઈ આર્થિક લાભ મેળવવાના હેતુથી કરવામાં આવી રહી છે કે કેમ, તે તપાસનો વિષય બન્યો છે. આ કિસ્સાએ નગરપાલિકાના દાખલા ઈશ્યૂ કરવાની પ્રક્રિયામાં રહેલી ક્ષતિઓ અને ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો છે. સત્તાવાળાઓએ આ મામલે તાત્કાલિક તપાસ કરી જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ, તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

# ઓસ્ટ્રેલિયાના પી.આર ના નામે બે યુવક સાથે છેતરપિંડી

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

ઓસ્ટ્રેલિયાના પી.આર ના નામે બે યુવક સાથે છેતરપિંડી કરનાર ખાનગી વિઝા ઓફિસના ચાર સંચાલકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

ગોત્રી રોડના બંસલ મોલ સામે સાઈનાથ રેજન્સીમાં રહેતા આશિષ કુમાર સોલંકીએ પોલીસને કહ્યું છે કે, મારે ઓસ્ટ્રેલિયામાં વર્ક પરમિટ અને પીઆરની જરૂર હોવાથી ડિસેમ્બર ૨૦૨૨ માં ગેંડા સર્કલ પાસે ઓસન બિલ્ડીંગમાં આવેલી એવી ઈમિગ્રેશન(એપેક્ષ)નો સંપર્ક કર્યો હતો. ઓફિસમાંથી મને ૫.૫૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે તેમ કહેવાયું હતું અને બે વર્ષના વિઝા મળશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જેથી મેં ટુકડે ટુકડે ૨.૩૩ લાખ ભર્યા હતા. પરંતુ ત્યારબાદ વારંવાર તપાસ કરવા છતાં મને સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો અને રૂપિયા પણ પરત કર્યા ન હતા.

# ખેડા જિલ્લામાં રેવન્યુ તલાટી વર્ગ-૩ ભરતી પરીક્ષા અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

। (માહિતી) નડિયાદ, તા.૧૦ ।

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા. ૧૪/૦૯/૨૦૨૫ ના રોજ બપોરે ૧૪.૦૦ થી ૧૭.૦૦ કલાક દરમ્યાન ખેડા જિલ્લાના અનુસુચિત ૩૯ પરીક્ષા કેન્દ્રોમાં રેવન્યુ તલાટી વર્ગ-૩ની ભરતી પરીક્ષા યોજાશે.પરીક્ષા દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.બી.દેસાઈ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ કેટલાક પ્રતિબંધાત્મક આદેશ બહાર પાડવામાં આવ્યા છે. જાહેરનામા મુજબ અનુસુચિત પરીક્ષા કેન્દ્રની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓ એકત્ર ન થવા જોઈએ.પરીક્ષા કેન્દ્રોમાં હથિયાર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઘડિયાળ કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરના વિસ્તારમાં ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ તેમજ પરીક્ષા સમય દરમિયાન લાઉડ સ્પીકર વગાડવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે. પરીક્ષાર્થી અને પરીક્ષા કામગીરી સાથે સંકળાયેલા સ્ટાફ સિવાય અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામું અનુસુચિત કેન્દ્રની આસપાસ તા. ૧૪/૦૯/૨૦૨૪ ના રોજ બપોરે ૧૪.૦૦ કલાકથી ૧૭.૦૦ કલાક સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ઉલંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે એમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.બી.દેસાઈએ ફરમાવ્યું છે.

# હોસ્પિટલો માટે રજીસ્ટ્રેશનની મુદત ૭ મહિના સુધી લંબાવાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૦ ।

વિધાનસભા ગૃહ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટીસનર્સ સુધારા વિધેયક રજુ કરતા જણાવ્યું હતું કે, આ કાયદાનો મુખ્ય હેતુ ગુજરાતમાં આયુર્વેદિક અને યુનાની વ્યવસાયીઓની નોંધણી માટે પ્રબંધ કરવાનો અને ગુજરાત રાજ્યનું આયુર્વેદ/ યુનાની તબીબોનું રજિસ્ટર એટલે કે નોંધણી પત્રક નિભાવવાનો છે. ગુજરાતમાં આયુર્વેદ તથા યુનાની સ્નાતકોએ તબીબી વ્યવસાય કરવા માટે ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ ૧૯૬૩ હેઠળ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડીસીન, ગુજરાતનું રજીસ્ટ્રેશન મેળવવું ફરજિયાત છે.આ કાયદાની કલમ-૩૦ હેઠળ રજીસ્ટ્રેશન વગર તબીબી વ્યવસાય કરવો ગુન્હો બને છે.આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે,કાયદાની કલમ-૩ મુજબ પાંચ વર્ષની મુદત માટે બોર્ડની રચના કરવામાં આવે છે. બોર્ડમાં ૧૧ સભ્યોની જોગવાઈ છે. જે પૈકી ૪ સભ્યોને ગુજરાત સરકાર દ્વારા નોમિનેટ કરવાની તથા ૭ સભ્યોની ચૂંટણી કરવાની જોગવાઈ છે. ભારત સરકારના ધી નેશનલ કમીશન ફોર ઈન્ડીયન સિસ્ટમ્સ ઓફ મેડીસીન ૨૦2૦ એક્ટ અમલમાં આવતા અને તેમાં થયેલ જોગવાઈઓ મુજબ “બોર્ડ” શબ્દ ફક્ત કેન્દ્ર સરકાર કક્ષાના ચાર બોર્ડ માટે જ ઉલ્લેખ કરી શકાય છે.આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, આ સુધારા વિધેયકથી ૧૯૬૩ના કાયદાની કલમ-૨ માં Councilની વ્યાખ્યા ઉમેરાઈ છે.અગાઉના કાયદામાં કલમ-૨ અને કલમ-૪૦ સિવાય જ્યાં જ્યાં “Board” શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે ત્યાં “Council” શબ્દ મુકવા માટેનો સુધારો સુચવાયો છે.આ સુધારા વિધેયક અમલી બનતા ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિનનું નામ ગુજરાત કાઉન્સિલ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન થશે. આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, આરોગ્ય સંસ્થાઓ માટે કામચલાઉ રજિસ્ટ્રેશનની અરજીની મુદત સાત મહિના વધારવામાં આવી છે. અગાઉ ૧૨-૦૯-૨૦૨૫ સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું હતું. જે હવે ૩૦-૪-૨૦૨૬ સુધી લંબાવાઈ છે. પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન માટે ૩૬ હજારથી વધુ અરજીઓ મળી છે. રજિસ્ટ્રેશન નહીં હોય તો ૨૫ હજારથી ૫ લાખ સુધી દંડ થશે.વિધાનસભા ગૃહ ખાતે ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટીસનર્સ સુધારા વિધેયક સર્વાનુમતે પસાર કરાયું હતું.

# પ્રાકૃતિક કૃષિ પ્રગતિ-૨૦૨૫, અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે આશીર્વાદરૂપ



। (માહિતી) નડિયાદ, તા.૧૦ ।

સમાન્ય રીતે અતિવૃષ્ટિ થાય ત્યારે ખેડૂતો માટે સૌથી મોટો પ્રશ્ન ખેતરમાં પાણી ભરાઈ જવાનો હોય છે. પાકના મુળ ઓક્સિજનથી વંચિત થઈ જાય છે, પાંદડા પીળા પડી જાય છે અને પાક બળી જાય છે. પરંતુ પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતોને આ તકલીફ જ રહેતી નથી. ખેતરની જમીન એટલી પોચી બની જાય છે કે વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરી જાય છે. તેથી ખેતરમાં પાણી નથી ભરાતું અને સાથે જ જળસંચય થવાથી જમીનમાં ભેજ લાંબા સમય સુધી જળવાઈ રહે છે.

અળસિયાં અને સૂક્ષ્મજીવોની દૈનિક ગતિવિધિઓથી જમીન જીવંત બને છે. જે પાકને પોષણની સાથે સાથે ખેતરની તંદુરસ્તી જાળવી રાખે છે. કઠણ જમીન ફળદ્રુપ બને છે. પ્રાકૃતિક ખેતી કુદરત સાથેનું સંયોજન છે. જેમાં ખેડૂતોને પાકનું રક્ષણ મળે છે, પાણીની બચત થાય છે, જમીન સ્વસ્થ બને છે અને સમાજને મળે છે ઝેરમુક્ત અનાજ , શાકભાજી ફળફળાદિ....અળસિયાં અને સૂક્ષ્મજીવોની દૈનિક ગતિવિધિઓથી જમીન જીવંત બને છે. જે પાકને પોષણની સાથે સાથે ખેતરની તંદુરસ્તી જાળવી રાખે છે. કઠણ જમીન ફળદ્રુપ બને છે. પ્રાકૃતિક ખેતી કુદરત સાથેનું સંયોજન છે. જેમાં ખેડૂતોને પાકનું રક્ષણ મળે છે, પાણીની બચત થાય છે, જમીન સ્વસ્થ બને છે અને સમાજને મળે છે ઝેરમુક્ત અનાજ , શાકભાજી ફળફળાદિ....

પ્રાકૃતિક ખેતી ભવિષ્યનું બીજ છે જે ખેડૂતોને સમૃદ્ધિ, જમીનને જીવન અને સમાજને આરોગ્ય આપે છે. પ્રાકૃતિક કૃષિથી થતા અઢળક ફાયદાઓ તમામ ખેડૂતો સુધી પહોંચે તે માટે સરકાર દ્વારા પ્રયત્નો કરી રહ્યા છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે પ્રાકૃતિક કૃષિ બોર્ડ અને આત્મા પ્રોજેકટ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. રાજ્ય ઉપરાંત ખેડા જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ દર્શાવતા પ્રેરણાત્મક પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત વિવિધ જનજાગૃતિ અભિયાનો દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ અને પ્રચાર પ્રસાર વધારી રહ્યા છે. અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ બંને પરિસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી ખેડૂત માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. વધારાના પાણીથી પાક બળી જવાની ચિંતા રહેતી નથી અને વરસાદ ખેંચાય તો પણ જમીનનો ભેજ પાકને પિયત પૂરી પાડે છે. આ અને આના જેવી ઘણી બધી જાણકારી તમારી અને અન્ય ગ્રામ પંચાયતોમાં લગાવાએલા પ્રાકૃતિક ખેતીનું મહત્વ દર્શાવતા પ્રેરણાત્મક પોસ્ટરો દ્વારા મેળવી શકાય છે.

# “સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન-૨૦૨૫

। સુરત, તા.૧૦ ।

મેદસ્વિતા મુક્ત ગુજરાત - **Obesity-free Guja®a.** પહેલું સુખ તે જાતે નર્યા એ પ્રત્યેક વ્યક્તિ માટે આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ આવે અને સ્વસ્થતાનો આ વિચાર છેવાડાના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સમગ્ર ગુજરાતમાં “સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન આગળ વધારી રહ્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ઓબેસિટી મુક્તિ **besity libe®aion** માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. જેનુ મહત્વ સમજી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત ની નેમ વ્યક્ત કરી હતી. જેમાં આવનારા વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ઓબેસિટી સામે લડવાના અભિયાનને વધુ વેગ આપવમાં આવી રહ્યો છે.. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૨માં ૭૫મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન, સભ્ય રાષ્ટ્રોએ મેદસ્વિતાની અટકાયત અને સંચાલન માટે નવી ભલામણો સ્વીકારી, મેદસ્વિતા રોકવા માટે **WHO**ના એક્સિલરેશન પ્લાનને મંજૂરી આપી હતી. આ મંજૂરી પછી, **Obesity-free Guja®a** અભિયાનમાં એક્સિલરેશન પ્લાનને જરૂરી વાતાવરણ પુરું પાડી, નીતિઓને સુવ્યવસ્થિત કરવા તથા વિવિધ દેશોમાં અમલીકરણને ટેકો આપ્યો હતો. આ રીતે તેમણે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે જવાબદારી મજબૂત કરવાની પહેલ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અનુરોધ કર્યો છે.. આ વર્ષે ૨૦૨૫-૨૬ માં ભારત સરકાર દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બર થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ સુધી રાજય સહિત ખેડા જિલ્લામાં પોષણ માસ ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવશે. જેમાં સ્થૂળતા બાબતે જાગૃતિ, ખાંડ અને તેલનો વપરાશ ઘટાડવો આ બાબતને અગ્ર ક્રમે સાંકળી લેવામાં આવી છે.

# ખેડા જિલ્લામાં ૧૨,૪૭૦ ઉમેદવારો ૩૬ સ્કૂલ્સ અને ૦૩ કોલેજ એમ કુલ ૩૯ કેન્દ્રો પર મહેસુલી તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષા આપશે

। (માહિતી) ગાંધીનગર, તા.૧૦ ।

ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૪/૦૯/૨૦૨૫ના રોજ સમય બપોરે ૦૨:૦૦ થી સાંજના ૦૫:૦૦ કલાકે મહેસુલ વિભાગ હસ્તકના મહેસુલી તલાટીની જગ્યા માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાનાર છે. જે અંતર્ગત કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને આજરોજ જિલ્લા પંચાયત ખાતે આયોજન બેઠક યોજાઈ હતી. ખેડા જિલ્લામાં પણ ૧૨,૪૭૦ ઉમેદવારો ૩૬ સ્કૂલ્સ અને ૦૩ કોલેજ એમ કુલ ૩૯ કેન્દ્રો પર મહેસુલી તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષા આપશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા મહેસુલ વિભાગ હસ્તકના મહેસુલી તલાટીની જગ્યા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના તમામ સ્થળો પર પરીક્ષાના દિવસ સમય દરમ્યાન પારદર્શક અને સુચારુ રીતે પાર પડે તે માટે સંબંધિત સર્વ અને પરીક્ષાર્થીઓએ સચોટ પુર્વ તૈયારી કરવી એમ કલેકટરશ્રીએ જણાવ્યું હતુ. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, “જિલ્લામાં ૩૯ કેન્દ્રમાં પરીક્ષા સ્થળો ખાતેથી પરીક્ષા લેવાનાર છે. આ તમામ પરીક્ષા કેન્દ્રોના પરીક્ષા સ્થળો ખાતે બ્લોકમાં સી.સી.ટી.વી. કેમેરાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પરીક્ષાના દિવસ અને સમય દરમ્યાન જિલ્લાના તમામ પરીક્ષા સ્થળો, બ્લોકમાં રાખેલ સી.સી.ટી.વી. કેમેરાના જીવંત પ્રસારણથી ગાંધીનગર ખાતેથી ખાસ ટીમ દ્વારા પરીક્ષા નિરીક્ષણ કરવામાં આવનાર છે. રાજ્યમાં સાડા ચાર લાખ પરીક્ષાર્થી પરીક્ષા આપી રહ્યા છે ત્યારે સેન્ટર કે શિક્ષક કે પરીક્ષાર્થીના પગલે કોઈ પ્રશ્ન ના ઉભો થાય તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્ય ેતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ડિંડોલીમાં રાત્રે બારીના સળીયા તોડીને મોબાઈલની ઉઠાંતરી કરતો શખ્સ ઝડપાયો

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સુરત ક્રાઈમ બ્રાન્ચે ડિંડોલી વિસ્તારમાં મોબાઈલ ચોરી કરનાર શખ્સની અટકાયત કરી છે. આરોપી અર્જુન સંતોષ દીવરે રાત્રીના સમયે લોકોની ઘરની બારીઓમાંથી મોબાઈલ ફોન ઉપાડી લેવાના કૃત્યો કરતો હતો. સંમગ્ર મામલે ડિંડોલી પોલીસે કાર્યવાહી હાથ ધરી.સુરતના ડિંડોલી વિસ્તારમાં રાત્રિના સમયે બારીમાંથી મોબાઈલ ફોનની ચોરીના બનાવો વધી રહ્યા હતા. ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચે આવા ગુનાઓને અંજામ આપતા આરોપી અર્જુન સંતોષ દીવરેને ડિંડોલી શિવાજીનગર પાસેથી ઝડપી પાડ્યો છે. તેની પાસેથી પોલીસે કુલ ૪ મોબાઈલ ફોન મળીને કુલ ૬૬,૦૦૦ રુપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અર્જુન દીવરે છેલ્લા એક મહિનામાં ડિંડોલી વિસ્તારમાં ૪ મોબાઈલ ચોરીની ઘટનાઓમાં સંડોવાયેલો હતો. તેની કાર્યપદ્ધતિ એવી હતી કે તે રાત્રિના સમયે બંધ ઘરની બહારથી અથવા ખુલ્લી બારીઓમાંથી મોબાઈલ ફોન ચોરી કરતો હતો. આરોપીનો ગુનાહિત ઈતિહાસ પણ પોલીસ ચોપડે નોંધાયેલો છે. વર્ષ ૨૦૨૩માં તેની વિરુદ્ધ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં કુલ ૫ અલગ-અલગ ગુનાઓ નોંધાયા હતા. જે દર્શાવે છે કે તે એક ટેવાયેલો ગુનેગાર છે. આરોપીની ધરપકડ બાદ ક્રાઈમ બ્રાન્ચે તેને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે ડિંડોલી પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે. આ સફળતાથી ડિંડોલી વિસ્તારના લોકોને રાહત થઈ છે. જેઓ છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ ચોરીની ઘટનાઓથી પરેશાન હતા.

## ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્યની ડિજિટલ ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સાયબર ક્રાઈમના દિવસેને દિવસે વધી રહ્યા છે. આ છેતરપિંડી કરનારાઓ સરકારી અધિકારીઓને વધુ નિશાન બનાવી રહ્યા છે. હવે આવી જ એક ઘટના બહાર કર્ણાટકમાંથી બહાર આવી છે. એક ભૂતપૂર્વ ધારાસભ્યની ડિજિટલી ધરપકડ કરવામાં આવી છે અને બદમાશો દ્વારા ૩૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. ઔરાદના ભૂતપૂર્વ ધારાસભ્ય ગુંડપ્પા વકીલ સાથે સીબીઆઈ, ઈડી અને ન્યાયાધીશના નામે છેતરપિંડી કરવામાં આવી છે. ૧૨ ઓગસ્ટના રોજ, છેતરપિંડી કરનારાઓએ તેમને સીબીઆઈ અધિકારી તરીકે ફોન કરીને કહ્યું કે, તમે નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં જોડાયેલો છો. તેમની પાસે તમારા એટીએમ કાર્ડ છે અને એમાંય ઘણા ટ્રાન્ઝેક્શન થયેલા છે. સાઈબર ઠગે વધુમાં કહ્યું કે, એક નિવેદન લખો કે તમારો કોઈ વાંક નથી.

### પાકિસ્તાન સાથે તંગદીલી વચ્ચે સંરક્ષણ મંત્રાલયનો નિર્ણય

# ભારતીય સૈન્ય વડાની શક્તિ વધારાઇ પ્રાદેશિક સેના બોલાવવાને લીલીઝંડી

### ૧૯૪૯માં સ્થપાયેલી પ્રાદેશિક સેનામાં ૪૦ હજારથી વધુ જવાનો, યુદ્ધમાં મુખ્ય સેનાને સહાયક તરીકે મદદ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સરહદે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ છે, એવામાં ભારતીય સેનાના વડાને કેન્દ્ર સરકારે વધુ સત્તા સોંપી છે અને પ્રાદેશિક સેનાને બોલાવવાની છૂટ આપી દીધી છે. પ્રાદેશિક સેનામાં હાલ ૪૦ હજારથી વધુ જવાનો છે. જે યુદ્ધ થાય તો સેનાને મદદરૂપ થઈ શકશે. કેન્દ્ર સરકારે પ્રાદેશિક સેનાના અધિકારીઓથી લઈને તમામ કર્મચારીઓને સેનાની મદદ માટે બોલાવવાની સેનાના વડાને છૂટ આપી છે. આ પ્રાદેશિક આર્મીમાં ૩૨ બટાલિયન છે જેમાંથી ૧૪ને હાલ સક્રિય કરાઈ છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયના સૈન્ય બાબતોના વિભાગ દ્વારા એક નોટિફિકેશન બહાર પડાયું હતું, જેમાં જણાવાયું છે કે સેનાના વડાને પ્રાદેશિક સેનાને બોલાવવાની છૂટ અપાઈ છે, ત્રણ વર્ષ સુધી આ આદેશ અમલમાં રહેશે. એટલે કે ફેબ્રુઆરી ૨૦૨૮ સુધી સેના આ પ્રાદેશિક સેનાની મદદ લઈ શકશે. પ્રાદેશિક સેનાને ટેરિટોરીઅલ આર્મી તરીકે ઓળખવામાં આવે છે. જેની સ્થાપના ૯ ઓક્ટોબર, ૧૯૪૯માં કરવામાં આવી હતી. ગયા વર્ષે જ આ પ્રાદેશિક સેનાએ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા હતા. આ પ્રાદેશિક સેનામાં સેના જેવી જ તાલિમ આપવામાં આવે છે, જે પણ લોકો આ પ્રાદેશિક સેનામાં સામેલ થાય છે તેઓ જ્યારે આ સેનાનો ઉપયોગ ના કરવાનો હોય ત્યારે આમ નાગરિકો જેવુ જ જીવન જીવતા હોય છે. જ્યારે યુદ્ધ થાય કે જરૂર પડે ત્યારે પાછા સેનાની કામગીરી સંભાળવા લાગી જાય છે. આ સેનાનો ઉપયોગ યુદ્ધ, આફતો કે અન્ય ઈમર્જન્સી જેવી સ્થિતિમાં દેશની મુખ્ય સેનાને મદદરૂપ થવામાં થાય છે. પ્રાદેશિક સેનાની સ્થાપનાનો ઉદ્દેશ્ય મુખ્ય સેનાની ક્ષમતા વધારવાનો છે.

# ટેરિફથી અમેરિકામાં એન્જિનિયરિંગ નિકાસને ૮ અબજ ડોલરનો ફટકો પડશે

### સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનોની નિકાસમાં લગભગ ૨૦% સુધીનો ઘટાડો થવાની સંભાવના છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતની યુએસમાં એન્જિનિયરિંગ નિકાસમાં ૭.૫ થી ૮ બિલિયન ડોલરનો ઘટાડો થવાનો અંદાજ છે કારણ કે આ ક્ષેત્રની સમગ્ર પ્રોડક્ટ બાસ્કેટ હવે ૫૦% ટેરિફનો સામનો કરી રહી છે, જેના કારણે સરકારી સહાયની તાત્કાલિક જરૂર છે. ટેરિફના કારણે આ ક્ષેત્રે વ્યવસાય ૫૦% ઘટી ગયો છે. બીજીતરફ સંપૂર્ણ ટેરિફ અસર અમલમાં આવે તે પહેલાં નિકાસને ફ્રન્ટલોડિંગ કર્યા પછી, નવા ઓર્ડર આવી રહ્યા નથી તેમ એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે જણાવ્યું હતું. ૨૦૨૪-૨૫માં, અમેરિકામાં એન્જિનિયરિંગ નિકાસ ૨૦ બિલિયન ડોલર હતી. આમાંથી, ૫ બિલિયન ડોલરની સ્ટીલ, એલ્યુમિનિયમ અને સંબંધિત ઉત્પાદનોનો સમાવેશ થાય છે, ૨.૬ બિલિયન ડોલર ઓટો સેક્ટરની નિકાસમાંથી આવ્યા હતા, જ્યારે બાકીના ૧૨.૫ બિલિયન ડોલરમાં અન્ય એન્જિનિયરિંગ માલનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર ભારતનો વેપારી નિકાસમાં સૌથી મહત્વપૂર્ણ ફાળો આપનાર છે. સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનોની નિકાસમાં લગભગ ૨૦% ઘટાડો થવાની ધારણા છે, જ્યારે ઓટો ક્ષેત્રની નિકાસમાં ૦.૫ બિલિયન ડોલરનો ઘટાડો થવાની સંભાવના છે. આ ઘટાડો પ્રમાણમાં સાધારણ છે કારણ કે વૈશ્વિક સ્પર્ધકો સમાન ટેરિફ સ્તરનો સામનો કરે છે. જુલાઈ ટેરિફ સમયમર્યાદા પહેલા - જ્યારે બેઝલાઈન ટેરિફ હજુ પણ ૧૦% પર હતા - નિકાસકારોએ શક્ય તેટલી વધુ શિપમેન્ટ યુએસમાં મોકલ્યા હતા. પરિણામે, ભારતની એકંદર એન્જિનિયરિંગ નિકાસ એપ્રિલ-જુલાઈમાં વાર્ષિક ધોરણે ૬.૦૮% વધીને ૩૯.૩૪ બિલિયન ડોલર થઈ હતી. આ જ સમયગાળા દરમિયાન અમેરિકામાં નિકાસ ૧૨.૬% વધીને ૬.૯૫ અબજ ડોલર થઈ હતી, જેમાં ફક્ત જુલાઈમાં ૧૯.૨% વધીને ૧.૮૧ અબજ ડોલર થઈ હતી. ટેરિફના ભય વચ્ચે, ઔદ્યોગિક મશીનરી અમેરિકામાં સૌથી મોટી નિકાસ હતી, જે એપ્રિલ-જુલાઈમાં ૧૭% વધીને ૧.૫૭ અબજ ડોલર થઈ હતી.



વારાણસી પહોંચતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

## એનડીએ ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનની જીત પર ધનખડે ખુશી વ્યક્ત કરી

। નવી દિલ્હી, તા.૧૧ ।

મંગળવારે (૯ સપ્ટેમ્બર) ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામ સામે આવ્યા હતા. દ્રઢ્ઢછ ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનને ૪૫૨ મતોની જીત હાંસલ કરી છે. આ જીત પર પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ ખુશી વ્યક્ત કરી હતી. જગદીપ ધનખડે કહ્યું કે, સી.પી રાધાકૃષ્ણનના અનુભવોથી ઉપરાષ્ટ્રપતિ પદની ગરિમા વધી જશે. નોંધનીય છે કે, રાજીનામાં બાદ જગદીપ ધનખડનું આ પહેલું સાર્વજનિક નિવેદન છે. મંગળવારે સાંજે ઉપરાષ્ટ્રપકિ ચૂંટણીના પરિવામ સામે આવ્યા, જેમાં NDAના ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનને ૪૫૨ મત મળ્યા હતા. વળી, વિપક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ ૩૦૦ વોટ મેળવ્યા હતા. આ જીત પર પ્રતિક્રિયા આપતાં જગદીપ ધનખડે કહ્યું કે, ઉપરાષ્ટ્રપતિ પદ પર સી. પી રાધાકૃષ્ણનની જીત જનતા દ્વારા પસંદ કરવામાં આવેલા પ્રતિનિધિઓનો તમારા પર વિશ્વાસ અને આત્મવિશ્વાસ દર્શાવે છે. તમારો જાહેર જીવનનો ઘણો અનુભવ રહ્યો છે. તમારા નેતૃત્વમાં આ પદ(ઉપરાષ્ટ્રપતિ)ની ગરિમા વધી જશે.

### ગિફ્ટ સિટીના વિઝન અને સ્કેલની કરી પ્રશંસા

# ઇઝરાયલના નાણામંત્રી બેઝેલેલ સ્મોટ્રિચે ગિફ્ટ સિટીની મુલાકાત લીધી

### આ મુલાકાત ગિફ્ટ સિટીની ફાઇનાન્સિયલ સર્વિસિસ, અદ્યતન ટેક્નોલોજી અને ઇનોવેશન માટેના પ્રમુખ કેન્દ્ર તરીકેની ઓળખને મજબૂત કરે છે

। ગાંધીનગર, તા.૧૧ ।

ઈઝરાયલના નાણામંત્રી બેઝેલેલ સ્મોટ્રિચે તેમના ત્રણ-દિવસીય ભારત પ્રવાસના ભાગરૂપે આજે ભારતના પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને દેશના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર એવાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી એટલેકે ગિફ્ટ સિટીની મુલાકાત લીધી હતી.

ઈઝરાયલના નાણામંત્રી બેઝેલેલ સ્મોટ્રિચે તેમના ત્રણ-દિવસીય ભારત પ્રવાસના ભાગરૂપે આજે ભારતના પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને દેશના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર એવાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી એટલેકે ગિફ્ટ સિટીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત ગિફ્ટ સિટીની ફાઈનાન્સિયલ સર્વિસિસ, અદ્યતન ટેક્નોલોજી અને ઈનોવેશન માટેના પ્રમુખ કેન્દ્ર તરીકેની ઓળખને મજબૂત કરે છે. જે વૈશ્વિક લીડર્સ અને રોકાણકારોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે.

ઈઝરાયલ સરકાર અને નિયામકોના ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે શ્રી સ્મોટ્રિચે આઈએફએસસીએના ચેરમેન કે. રાજારામન, ગિફ્ટ સીટીના એમડી અને ગ્રૂપ સીઈઓ સંજય કૌલ તથા ગિફ્ટ સિટી અને આઈએફએસસીએના વરિષ્ઠ અધિકારીઓ સાથે આઈએફએસસી, ફિનેટક ઈનોવેશન હબ અને પ્રગતિશીલ નિયામકીય માળખા સહિત ગિફ્ટ સિટીના ડેવલપમેન્ટ મોડલને સમજવા વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. તેમણે ગિફ્ટ સિટીના સ્કેલ, વિઝન અને અમલીકરણની પ્રશંસા કરી હતી તેમજ તેને ફ્યુચર-રેડી ફાઈનાન્સિયલ અને ટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના મોડલ તરીકે પ્રશંસા કરી હતી. ગિફ્ટ સિટીને ભારતના એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ તરીકે જોતાં મંત્રીએ ભારતને વૈશ્વિક ફાઈનાન્સિયલ હબ તરીકે સ્થાપિત કરવામાં ગિફ્ટ સિટીની ભૂમિકાની નોંધ લીધી હતી તથા ભારત-ઈઝરાયલ વચ્ચે ફાઈનાન્સ અને ટેક્નોલોજીમાં સહયોગ માટે એક મજબૂત પ્લેટફોર્મ તરીકે તેની સંભાવના હાઈલાઈટ કરી હતી. ગિફ્ટ સિટીમાં સ્મોટ્રિચનું સ્વાગત કરતાં ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રૂપ સીઈઓ, આઈએએસ, સંજય કૌલે કહ્યું હતું કે અમે ગિફ્ટ સિટીમાં બેઝેલેલ સ્મોટ્રિચનું સ્વાગત કરતાં ખુશી અનુભવીએ છીએ. તેમની મુલાકાત આધુનિક ફાઈનાન્સિયલ અને ટેક હબ તરીકે ગિફ્ટ સિટીની વૈશ્વિક ઓળખ દર્શાવે છે. અમે ભારત અને ઈઝરાલય વચ્ચે ફિનટેક, ઈનોવેશન અને સસ્ટેનેબલ ફાઈનાન્સ જેવાં ક્ષેત્રોમાં સહયોગની અપાર સંભાવનાઓ જોઈએ છીએ.

### ૧૦ હજાર લોકો સુધી રાશન કિટ સાથે મદદ કરશે

# પંજાબમાં રિલાયન્સે મોટું રાહત અભિયાન શરુ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

પંજાબમાં આવેલા ભીષણ પૂર બાદ રિલાયન્સે રાજ્યમાં મોટી રાહત અને બચાવ અભિયાન શરુ કર્યું છે. કંપનીએ કહ્યું કે, તે રાજ્ય પ્રશાસન, પંચાયતો અને સ્થાનિક લોકો સાથે મળીને સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં મદદ પહોંચાડી રહ્યા છે. ખાસ કરીને અમૃતસર અને સુલ્તાનપુર લોધીના ગામડાઓમાં.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ આ અંગે કહ્યું કે, આ કપરા સમયમાં અમારું દિલ પંજાબના લોકો સાથે છે. કેટલાય પરિવારોના ઘર, રોજગાર અને સુરક્ષાની ભાવના ખોઈ દીધી છે. સમગ્ર રિલાયન્સ ફેમિલી તેમની સાથે ઊભી છે. ખાવાનું, પીવાનું, શેલ્ટર કિટ અને માણસોની સાથે સાથે જાનવરોની દેખરેખ પણ થઈ રહી છે. આ પોઈન્ટનો પ્લાન અમારો ઊી ઝદ્દીના વિચારને દર્શાવે છે. અમે પંજાબ સાથે કદમ મિલાવીને ચાલવા માટે કટિબદ્ધ છીએ.

રિલાયન્સે સૌથી વધારે પ્રભાવિત ૧૦,૦૦૦ પરિવારો માટે ડ્રાય રાશન કિટ તૈયાર કરી છે. આ ઉપરાંત ૧૦૦૦ જરૂરિયાતમંદ ઘરોને ૫,૦૦૦ રૂપિયાનું વાઉચર આપવામાં આવી રહ્યા છે. તેમાંથી મોટા ભાગની એકલી મહિલાઓ અને વૃદ્ધ મહિલાઓ સામેલ છે. કમ્યુનિટી કિચન ચલાવવા માટે રાશન આપવામાં આવી રહ્યું છે, જેથી તરત ભોજન મળી શકે. પાણી ભરેલી વિસ્તારમાં સુરક્ષિત પાણી પીવા માટે પોર્ટેબલ વોટર ફિલ્ટર લગાવવામાં આવી રહ્યા છે. વળી પૂરમાં બેઘર થયેલા પરિવારો માટે ટેન્ટ, તાડપત્રી અને મચ્છરદાની, રસ્સી અને બેડ જેવા શેલ્ટર કિટ પહોંચાડવામાં આવી રહી છે.

રિલાયન્સ ટીમ સ્વાસ્થ્ય જાગૃતિ સત્ર આયોજિત કરી રહી છે અને પૂર બાદ બીમારીઓને રોકવા માટે પાણીના સ્ત્રોતની સફાઈ અને ડિસઈન્ફેક્શન કરી રહી છે. દરેક પ્રભાવિત ઘરને સેનિટેશન કિટ આપવામાં આવી રહી છે, જેમાં રોજિંદી જરૂરી સ્વચ્છતા સામગ્રી સામેલ છે.

પૂરમાં માણસોની સાથે સાથે જાનવરો પણ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. પશુપાલન વિભાગ સાથે મળીને રિલાયન્સ ફાઉંડેશન અને વનતારાએ પશુ ચિકિત્સા શિબિર લગાવી છે. અહીં દવાઓ, વેક્સિન અને દેખરેખ રાખવામાં આવશે. લગભગ ૫૦૦૦ ઢોર માટે ૩૦૦૦ સાઈલઝ બંડલ વહેંચવામાં આવી રહ્યા છે. વનતારાની ૫૦થી વધારે નિષ્ણાતોની ટીમ આધુનિક રેસ્ક્યૂ ઉપકરણો સાથે જાનવરોની સારવાર કરી રહી છે અને જે પશુ પૂરમાં મર્યા છે, તેમનું સન્માનજનક રીતે વૈજ્ઞાનિક રીતે અંતિમ સંસ્કાર પણની પણ ખાતરી કરી રહ્યા છે,

### ૨૫૦ કિમીની હિમાલય પર્વતમાળા પર સતત પ્રેશર

# ઉત્તરાખંડમાં ખૂબ જ મોટો ભૂકંપ આવવાનો ભય

### તનકપુરથી દેહરાદૂન સુધીના હિમાલયની પર્વતમાળાની તળીયામાં ખૂબ જ ચહલપહલ જોવા મળી રહી છે

। (એજન્સી) દેહરાદૂન, તા.૧૧ ।

વિજ્ઞાનીઓનું કહેવું છે કે ઉત્તરાખંડમાં ખૂબ જ મોટો ભૂકંપ આવવાનો ભય રહેલો છે. તનકપુરથી દેહરાદૂન સુધીના ૨૫૦ કિલોમીટરની હિમાલયની પર્વતમાળાની તળીયામાં ખૂબ જ ચહલપહલ થઈ રહી છે. તેમના કહેવા પ્રમાણે, આ વિસ્તાર ખૂબ જ મોટા સ્ટ્રેસમાં છે. ઈન્ડિયન પ્લેટ હાલમાં યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ રહી છે. એના કારણે પ્રેશર સર્જાઈ રહ્યું છે અને આ પ્રેશર જ્યારે બહાર આવશે ત્યારે ભૂકંપ આવશે. આ ભૂકંપ ૭ અથવા તો ૮ની તીવ્રતાનો હશે. પૃથ્વીના પાતાળમાં ખૂબ જ મોટા પથ્થર છે. આ પથ્થરના ટુકડાઓના બંધારણને ટેક્ટોનિક પ્લેટ્સ કહેવામાં આવે છે. ભારતીય પ્લેટ્સ દર વર્ષે ૫૦ દ્ધદ્ધ આગળ વધે છે. ઘણી વાર એ યુરેશિયન પ્લેટ્સ સાથે અથડાય છે અને એને કારણે જ હિમાલયના પર્વતો ઊભા થયા છે. ઈન્ડિયન પ્લેટ્સ અને યુરેશિયન પ્લેટ્સ બન્નેના કેટલાક પથ્થરો અટકી ગયા છે એટલે કે એ ગતિ નથી કરતા. ઈન્ડિયન પ્લેટ્સ જ્યારે આગળ વધે છે ત્યારે તે હવે એક પ્રેશર ઉત્પન્ન કરી રહ્યા છે. આ પ્રેશર હાલમાં રબરબેન્ડની જેમ ખેંચાઈ રહ્યું છે. રબરબેન્ડ જ્યારે તૂટે ત્યારે એ છટકે છે. આ જ રીતે પ્રેશર જ્યારે છટકશે ત્યારે ભૂકંપ આવશે.

જમીનની અંદર સ્ટ્રેસ વધવાનું કારણ બે પ્લેટ્સ વચ્ચે ખસવાની જગ્યા નથી એ છે. ઈન્ડિયન પ્લેટ્સ હાલમાં યુરેશિયન પ્લેટ્સ સાથે અથડાઈ રહી છે. એના કારણે મેઈન સેન્ટ્રલ થ્રસ્ટ અને મેઈન બાઉન્ડરી થ્રસ્ટ બન્ને પર પ્રેશર આવી રહ્યું છે. આ પથ્થરો જે જગ્યાએ અટકી ગયા છે ત્યાં હાલમાં એનર્જી ભેગી થઈ રહી છે. આ એનર્જી ભેગી થવાથી અને ટેક્ટોનિક પ્લેટ્સ આગળ ન વધવાથી ઉત્તરાખંડ દર વર્ષે ૧૮ દ્ધદ્ધ નીચે બેસી રહ્યું છે. આ બેસી જવાથી પણ એમાં કેટલું પ્રેશર બનતું હશે એ જોઈ શકાય છે.

વિજ્ઞાનીઓ હાલ GPS અને રડાર દ્વારા જમીનની હલચલ પર નજર રાખી રહ્યા છે. તેમણે દેહરાદૂનની આસપાસ આવેલા વિસ્તાર મોહાંદ અને શનશાહી આશ્રમના વિસ્તારની જમીનમાં હલનચલન નોંધ્યું છે. આપણને ધ્યાનમાં ન આવે એવા નાના ભૂકંપ વારંવાર આવતાં રહે છે. એનો મતલબ એ થયો કે ધરતી ધીમે ધીમે એડજસ્ટ થઈ રહી છે.

## ચોમાસા બાદ શહેરમાં રોગચાળામાં ધરખમ વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

રાજ્યમાં આ વર્ષે મેઘરાજા મન મુકીને વરસ્યા છે અને રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. ત્યારે વડોદરામાં પણ સિઝનમાં મેઘો મુશળધાર વરસ્યો છે. જો કે વરસાદના પાણી ઓસર્યા બાદ હવે શહેરમાં રોગચાળો પણ વકર્યો છે. છેલ્લા ૪૮ કલાકમાં રોગચાળાએ માઝા મૂકી છે. જો છેલ્લા બે દિવસના રોગચાળાના આંકડાની વાત કરીએ તો ડેન્ગ્યુના ૨૧૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે તો ચિકનગુનિયાના ૬૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જ્યારે મેલેરિયાના ૨,૧૯૪ શંકાસ્પદ કેસ, ટાઈફોઈડના ૬૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. બે દિવસમાં ટાઈફોઈડ, ચિકનગુનિયા અને મેલેરિયાના કેસોએ માથું ઉંચક્યું છે. દર્દીઓએ પણ કહ્યું કે ઠેર ઠેર લોકો બિમાર છે અને આ આંકડા તો ફક્ત સરકારી હોસ્પિટલના જ છે.

## ઉમરગામ મામલતદાર કચેરીની જર્જરિત હાલત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વલસાડના ઉમરગામ મામલતદાર કચેરીની જર્જરિત હાલત ફરી એકવાર સામે આવી છે. કચેરીના ઈ-ધારા વિભાગમાં કામકાજ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક છતનું પ્લાસ્ટરનું પોપડું નીચે પડતાં કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈને પણ ઈજા કે જાનહાની થઈ નથી. ઘટના બન્યા બાદ થોડા સમય માટે કામગીરી સ્થગિત કરવામાં આવી હતી અને છત પરથી પડેલા પ્લાસ્ટરની સફાઈ કરવામાં આવી હતી.ત્યારબાદ ફરીથી કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે આ ઘટનાએ કચેરીની જર્જરિત હાલત અને કર્મચારીઓની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ઉમરગામ મામલતદાર કચેરીની ઈમારત ઘણી જૂની અને ખખડધજ હાલતમાં હોવાથી કર્મચારીઓ સતત ભયના ઓથાર હેઠળ કામ કરવા મજબૂર છે. આ પ્રકારની ઘટનાઓ કર્મચારીઓ અને કામ માટે આવતા નાગરિકો માટે જોખમ ઊભું કરે છે.આ ઘટના બાદ કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. તેમની માંગ છે કે કચેરીનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે અથવા નવી સુરક્ષિત ઈમારતમાં સ્થળાંતર કરવામાં આવે. આ મામલે વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે ધ્યાન આપીને કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી છે. જો આ પ્રકારની બેદરકારી જળવાઈ રહેશે તો ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે તેમની માંગ છે કે કચેરીનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે અથવા નવી સુરક્ષિત ઈમારતમાં સ્થળાંતર કરવામાં આવે. આ મામલે વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે ધ્યાન આપીને કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી છે. જો આ પ્રકારની બેદરકારી જળવાઈ રહેશે તો ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ**

ઈ-ટેન્ડર સૂચના નંબર: EL/C/ADI/TRD/48/2025-26

**2X25 ની ડિઝાઈન, સપ્લાય, ઉત્થાન અને પરીક્ષણ નવી બીજી લાઈનમાં KV સિસ્ટમ એસી OHE અને SSP**

| | |
|---|
| **કાર્યનું નામ અને સ્થાન:** ડિઝાઈન, પુરવઠો, બાંધકામ અને સરખેજ (SEJ) - બાકરોલ (BKRL) વિભાગ વચ્ચે નવી BG લાઈનમાં 2x25 KV સિસ્ટમ AC OHE અને SSPનું પરીક્ષણ, SBIT બાજુ અને ચાંદખેડા સ્ટેશન વચ્ચે કોર્ડ લાઈન તેમજ બાયપાસ અમદાવાદ માટે 4 અન્ય ઈન્ટરસેક્શન અને અમદાવાદ ડિવિઝનના દેવળીયા સ્ટેશન પર GCT ના સંદર્ભમાં OHE ફેરફાર. |
| **કામનો અંદાજિત ખર્ચ:** રૂ. ૧૮,૫૯,૩૮,૭૨૩/- |
| **જમા કરાવવા માટે અર્નેસ્ટ મની:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ |
| **બોલી સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. |
| **ટેન્ડર ફી:** IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. |
| **કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** ૧૨ મહિના |
| **વેબસાઈટ સ્પેશિયલ અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું:** નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, નિર્માણ ભવન અસારવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫) |

www.ireps.gov.in

CPM 061

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

CMYK



## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદમાં રામદેવપીર મંદિરમાં યુવકે તોડફોડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

રખિયાલમાં સોનેરિયા બ્લોક નજીક રામદેવપીરના મંદિરમાં ધાર્મિક સૂત્રોચ્ચાર કરતાં એક યુવકે મૂર્તિઓની તોડફોડ કર્યા બાદ આજે બુધવારે (૧૦ સપ્ટેમ્બર) સવારે બાપુનગરમાં તણાવ ફેલાયો હતો. આરોપીએ રામદેવીપીરની મૂર્તિ ખંડિત કરવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર ઘટનાને લઈને મંદિરના પૂજારી અને સ્થાનિક સહિતના લોકો એકઠા થઈ ગયા હતા, અને યુવકને ઝડપીને બાપુનગર પોલીસને હવાલે કર્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે, ત્યારે સ્થાનિકો અને વિશ્વ હિન્દુ પ રિષદ (VHP)ના કાર્યકરોએ સમગ્ર મામલે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના આજે (૧૦ સપ્ટેમ્બર) વહેલી સવારે બની હતી. જ્યારે આરોપી મંદિર પરિસરમાં ઘૂસી ગયો હતો અને મૂર્તિને નુકસાન પહોંચાડ્યું હતું. જેમાં ઘટનાસ્થળે એકઠા થયેલા સ્થાનિક લોકોએ તેને પકડી પાડ્યો હતો. આરોપીનું નામ રઝાક આલમ હોવાનું સામે આવ્યું છે. આરોપીના આ કૃત્ય કરવા પાછળનો હેતુ જાણવા માટે તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### સાવલી તાલુકાના કેટલાક ગામોમાં ભૂકંપના આચકાથી ગભરાટ

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

સાવલી તાલુકાના ગાંડીયા પુરા, ડુંગરીપુરા, પરથમપુરા ગામમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સવારના ૧૦.૨૦, ૧૦:૩૦ અને ૧૧:૨૦ સમયની આજુબાજુ ભૂકંપના આંચકા મળી કુલ ત્રણ આંચકા અનુભવાયા ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ૧.૮ થી ૨ રીકટર સ્કેલના આંચકા અનુભવાયા હોવાનું જણાયું છે. બનાવના પગલે તાલુકામાં લોકોમાં અચાનક આવેલા ભૂકંપના આંચકાને લીધે ભય ફેલાયો હતો. સાવલી મામલતદાર સહિત અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. કેટલીક શાળાના બાળકો ભૂકંપના આંચકાને પગલે શાળાની બહાર દોડી આવ્યા હતા, સાવલી તાલુકાના ગાંડિયા પુરા, ડુંગરીપુરા, પરથમ પુરા શિહોરા ગામમાં આવેલા ભૂકંપમાં પ્રાથમિક ધોરણે કોઈપણ નુકસાન ન થયું હોવાનું માહિતી મળી હતી. બનાવના પગલે તાલુકામાં લોકોમાં અચાનક આવેલા ભૂકંપના આંચકાને લીધે ભય ફેલાયો હતો. સાવલી મામલતદાર સહિત અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. કેટલીક શાળાના બાળકો ભૂકંપના આંચકાને પગલે શાળાની બહાર દોડી આવ્યા હતા, સાવલી તાલુકાના ગાંડિયા પુરા, ડુંગરીપુરા, પરથમપુરા શિહોરા ગામમાં આવેલા ભૂકંપમાં પ્રાથમિક ધોરણે કોઈપણ નુકસાન ન થયું હોવાનું માહિતી મળી હતી.

### નુકસાન માટે સરકાર વળતર ચૂકવશે

# મુખ્યમંત્રી પટેલ બનાસકાંઠા પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે

## હાલ સુધીમાં પૂર વિસ્તારમાં ૩૧૪૮ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે


। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

ગાંધીનગર : બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદને કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ છે. અનેક ગામડાં પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને ખેતરોમાં ઊભો પાક તબાહીનો શિકાર થયો છે. આવી સ્થિતિમાં આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખુદ બનાસકાંઠાની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ લેશે અને સ્થળ પર રાહતકાર્યની સમીક્ષા કરશે.વરસાદથી સર્જાયેલી ભારે તારાજી બનાસકાંઠાના સરહદી વિસ્તાર સુઈગામ સહિતના અનેક ગામોમાં હાલત વધુ જ ગંભીર છે. પાણી ઊતરવાનું નામ નથી લેતું અને ગ્રામજનો મુશ્કેલીમાં જીવી રહ્યા છે. અનેક ખેતરોમાં પાક નાશ પામ્યો છે, જ્યારે ઘરોમાં પ ાણી ઘૂસી જતાં સામાન્ય જીવન પ્રભાવિત થયું છે. ચાર દિવસથી વરસાદ ચાલુ રહેતા સ્થાનિક લોકોની મુશ્કેલી વધી રહી છે. વિધાનસભાના ચોમાસા સત્રના અંતિમ દિવસે આ મુદ્દે ખાસ ચર્ચા થઈ હતી. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ''હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી બાદ સરકાર તરત સતર્ક બની ગઈ હતી. ત્રણ કરોડ જેટલા લોકોને એસએમએસ મોકલીને અગાઉથી ચેતવણી આપવામાં આવી હતી. ગાંધીનગર સ્થિત સ્ટેટ કંટ્રોલ રૂમ પરથી મુખ્યમંત્રી પોતે પરિસ્થિતિની સતત માહિતી મેળવી રહ્યા હતા.'' તેમણે વધુમાં ઉમેર્યું કે બનાસકાંઠામાં રાહત અને બચાવ માટે પૂરતી તાકાત સાથે તંત્ર તૈનાત છે. પાંચ અધિકારીઓની ખાસ નિમણૂક કરાઈ છે. ઉપરાંત, SDRF અને NDRFની ટીમોને પણ જિલ્લામાં મોકલવામાં આવી છે. સરકારના જણાવ્યા મુજબ, બનાસકાંઠામાં અત્યાર સુધીમાં ૧૭ પુરૂષો અને ૫ સ્ત્રીઓનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સાથે જ ૩૧૪૮ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. લોકજીવનને સુરક્ષિત રાખવા માટે તંત્ર સતત કાર્યરત છે અને વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં જરૂરી મદદ પહોંચાડવામાં આવી રહી છે. ભારે વરસાદને કારણે ખેડૂતોને મોટું નુકસાન થયું છે. ખેતરોમાં ઊભેલા પાક પાણીમાં ગરકાવ થઈને નાશ પામ્યા છે. આ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટ કર્યું કે, ''પાક નુકસાનનું સંપૂર્ણ વળતર ખેડૂતોને આપવામાં આવશે. સાથે કેશ ડોલ થકી પણ વળતર ચૂકવવામાં આવશે.'' આ મુદ્દે કોંગ્રેસ તરફથી પણ સરકારને ઘેરવાનો પ્રયાસ થયો હતો.

### જૂનાગઢ આવેલા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું

# કોંગ્રેસ પાર્ટીની મુખ્ય ચિંતા બંધારણ-લોકશાહીને બચાવાની

## ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા તેના નવનિયુક્ત પ્રમુખોને પ્રશિક્ષણ આપવા માટે શિબિરનું જૂનાગઢ ખાતે આયોજન




। (એજન્સી) જૂનાગઢ, તા.૧૧ ।

ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા તેના નવનિયુક્ત પ્રમુખોને પ્રશિક્ષણ આપવા માટે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણાધામ આશ્રમમાં ૧૦ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી ચાલશે. જેમાં આજે (૧૦ સપ્ટેમ્બર) કોંગ્રેસની શિબિરનું રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી પર નિશાનો સાધ્યો હતો. શિબિરને સંબોધિત કરતાં ખડગેએ નામ લીધા વગર કહ્યું કે, એ બંને લોકતંત્રને બચાવવા ઈચ્છતા નથી. અમારી પાર્ટીની મુખ્ય ચિંતા બંધારણ અને લોકતંત્રને બચાવાની છે. તેમણે આરોપ લગાવ્યો કે, સત્તામાં બેઠેલા લોકો આ સંસ્થાઓની રક્ષા માટે કામ નથી કરી રહ્યા.

કોંગ્રેસ પાર્ટીના જિલ્લા અને નવગર અધ્યક્ષોને લઈને જૂનાગઢમાં ૧૦ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે શિબિરના ઉદ્ઘાટન પહેલા ખડગે સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે, લોકતંત્રમાં ચૂંટણી લડવી સામાન્ય વાત છે. જ્યારે ખડગેએ તેમના સંબોધનમાં કહ્યું કે, ગુજરાત એ ભૂમિ છે, જ્યાં મહાત્મા ગાંધી અને વલ્લભભાઈ પટેલ જેવા લોકોના જન્મ થયો અને દેશને આઝાદી અપાવવા માટે કામ કર્યુ. તેઓ સમ્માનને પાત્ર છે, કારણે કે તેમનાથી જ આજે દેશ સ્વતંત્ર અને એકજુથ છે. ખડગેના નિવેદનમાં ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર બી સુદર્શન રેડ્ડીની મોટી હારની પીડા પ્રતિબિંબિત થઈ હતી. દ્રઢ્ઢછએ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી ૧૫૨ મતોથી જીતી છે, કારણ કે કોંગ્રેસના રણનીતિકારોએ માહોલ વધુ મુશ્કેલ હોવાની અપેક્ષા રાખી હતી, પ રંતુ એવું થયું નહીં. તમને જણાવી દઈએ કે, કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાન હેઠળ જૂનાગઢમાં આજે (૧૦ સપ્ટેમ્બર) થી ૧૯ સપ્ટેમ્બર સુધી ૧૦ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાહુલ ગાંધી પણ હાજરી આપશે. આ વર્ષે ગુજરાતમાં આયોજિત થનારું પાર્ટીનું આ બીજું પ્રશિક્ષણ શિબિર છે. જેમાં પહેલું પ્રશિક્ષણ શિબિર ગત જુલાઈ મહિનામાં આણંદમાં આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં રાહુલ ગાંધીએ જિલ્લાના નવનિયુક્ત અધ્યક્ષોને સંબોધિત કર્યા હતા અને સહકારી ડેરી સંઘના સદસ્યો સાથે વાતચીત કરી હતી. આ પ્રશિક્ષણ શિબિરોનું આયોજન ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને અને પાર્ટીના મિશન ૨૦૨૭ માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસે તાજેતરમાં ૨૦૨૭ની રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા જિલ્લા સ્તરે પાર્ટીના સંગઠનને મજબૂત બનાવવા માટે તમામ જિલ્લા કોંગ્રેસ સમિતિઓના નવા પ્રમુખોની નિમણૂક કરી છે. આ તાલીમ શિબિરના સમાપન સમારોહમાં રાહુલ ગાંધી હાજરી આપે તેવી શક્યતા છે.

# રાજકોટ સિવિલમાં ૭૧૪થી વધુ દવાઓનો સ્ટોક ખૂટ્યો

। રાજકોટ, તા.૧૧ ।

રાજકોટઃ ચોમાસાની સિઝન ચાલી રહી છે અને આ સિઝનમાં સૌથી વધુ બીમારીઓના કેસ આવતા હોય છે. દર્દીઓથી હોસ્પિટલો ઉભરાઈ રહી છે. પણ આપણા વિકસિત ગુજરાતમાં હોસ્પિટલ પાસે દવાઓનો જથ્થો જ નથી.

વિકસિત ગુજરાતનો દાવો કરતી સરકારની હોસ્પિટલોમાં દર્દીઓની હાલત કફોડી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દવાઓનો જથ્થો ખૂટ્યો, દર્દીઓ બહારથી મોંઘી દવાઓ ખરીદવા મજબૂર છે.ચોમાસાની સિઝનમાં પાણીજન્ય રોગોનો પ્રકોપ વધ્યો, પણ હોસ્પિટલમાં દવાઓ નથી.રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૭૧૪થી વધુ દવાઓનો સ્ટોક ખૂટ્યો છે. કેલ્શિયમ, ડાયાબિટીસ, ઉધરસ, ચામડીના રોગની દવાઓ સુદ્ધાં ઉપલબ્ધ નથી. દર્દીઓ ટળવળી રહ્યા છે, પરંતુ સરકારી તંત્ર નિષ્ક્રિય છે.એક તરફ સિવિલ હોસ્પિટલમાં દવાઓની અછત, તો બીજી તરફ GMCLના ગોડાઉનમાં દવાઓ ટ્રક ભરીને પડી છે.ગોડાઉનમાં દવાઓ ખુલ્લી હાલતમાં, પલળેલી અને સડતી હાલતમાં જોવા મળી. સૌરાષ્ટ્રની તમામ સરકારી હોસ્પિટલોને દવા પૂરી પાડતું આ ગોડાઉન, પણ સંભાળનો અભાવ દર્દીઓની હાલત બગાડે છેસવાલ એ છે કે, જ્યારે ગોડાઉનમાં દવાઓનો જથ્થો પડ્યો છે, તો હોસ્પિટલોમાં દવાઓ કેમ નથી પહોંચતી?.આ બેદરકારીનો જવાબ કોણ આપશે?.શું દર્દીઓની હાલત સુધારવા માટે સરકાર કોઈ પગલાં લેશે?.

# ભરૂચના સોલાર પાવર પ્લાન્ટમાંથી કોપરના કેબલ ચોરીમાં ભંગારના વેપારી સહિત ત્રણ ઝડપાયા

। (પ્રતિનિધી) ભરૂચ, તા.૧૧ ।

વાગરા તાલુકાના વિલાયત ગામની સીમમાં આવેલ સોલાર પાવર પ્લાન્ટમાંથી એક મહિના અગાઉ થયેલ કેબલ ચોરીના ગુનામાં ફરાર આરોપીઓને ભરૂચ એલસીબી ટીમે ઝડપી પાડી રૂ.૨૬ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વાગરા હનુમાનમંદિર ચોક પાસે ત્રણ વ્યક્તિઓ કોપર વાયરો સાથે હોવાની માહિતી એલસીબી ટીમને સાપડી હતી. જેના આધારે પોલીસે નિકુલ રાઠોડ, અજય રાઠોડ બંને (રહે-ભેરસમ ગામ, વાગરા) અને આતીફ સેક્રેટરી (રહે-આછોદ ગામ, આમોદ) ને ઝડપી પાડી રૂ.૧૬,૮૦૦ની કિંમતના ૨૮ કીગ્રા વજનના કોપરના સળગેલા વાયરો તથા ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૬,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અજય અને નિકુલે એક મહિના અગાઉ વિલાયત ગામની સીમમાં આવેલ સોલાર પાવર પ્લાન્ટમાંથી કોપર વાયરોની ચોરી કરી ભંગારનો ધંધો કરતા આતિફને કોપર વાયર વેચાણ કરતા હોવાની કબુલાત કરી હતી.

# નવરાત્રીના આયોજકો માટે AMCની નવી ગાઈડલાઈન્સ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

નવરાત્રીના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના આયોજકો માટે ફાયર સેફટી અંગેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જાહેર કરવામાં આવી છે. આ નવા નિયમો અનુસાર, કોઈપણ આયોજકે નવરાત્રીનું આયોજન કરતાં પહેલાં ફરજિયાતપણે ફાયર સેફટીનું સર્ટિફિકેટ મેળવવું પડશે. આ નિર્ણય લોકોની સલામતી સુનિશ્ચિત કરવાના હેતુથી લેવામાં આવ્યો છે.નવી માર્ગદર્શિકા મુજબ, આયોજકોએ ફાયર સેફટી સર્ટિફિકેટ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ, ઈવેન્ટ શરૂ થવાના ત્રણ દિવસ પહેલાં તેની હાર્ડ કોપી જમાલપુર ફાયર સ્ટેશન ખાતે જમા કરાવવી પડશે. આ પ્રક્રિયાનું પાલન ન કરનાર આયોજકોને મંજૂરી આપવામાં આવશે નહીં. AMC દ્વારા જાહેર કરવામાં આવેલી SOPમાં કેટલીક મહત્ત્વની બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છેઃ ઈમરજન્સી એક્ઝિટઃ આયોજન સ્થળે ઓછામાં ઓછા બે ઈમરજન્સી એક્ઝિટ (બહાર નીકળવાના રસ્તા) રાખવા ફરજિયાત છે. સંકલિત મંજૂરીઃ આયોજકોએ માત્ર ફાયર સેફટી જ નહીં, પરંતુ પોલીસ, ટ્રાફિક વિભાગ અને AMCના અન્ય સંબંધિત વિભાગો પાસેથી પણ જરૂરી મંજૂરીઓ મેળવવાની રહેશે. આ પગલાં અમદાવાદ જેવા મોટા શહેરમાં જ્યાં લાખો લોકો નવરાત્રીના આયોજનોમાં ભાગ લે છે, ત્યાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અત્યંત જરૂરી છે. આયોજકોએ આ નિયમોનું ગંભીરતાથી પાલન કરવું જોઈએ. આયોજકોને આ જાહેર નોટિસ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે કે તેઓ જાહેર સલામતીને પ્રાથમિકતા આપે અને તમામ નિયમોનું પાલન કરે, જેથી નવરાત્રીનો તહેવાર સુરક્ષિત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવી શકાય.

# અમરેલીમાં ભાજપ નેતાએ જ ખોલી ભ્રષ્ટાચારની પોલ, ડામરથી લઈને રી-કાર્પેટ રોડમાં હલકી ગુણવત્તાનો આરોપ

। અમરેલી, તા.૧૧ ।

દર ચોમાસામાં ગુજરાતનો વિકાસ રોડ ઉપર ચીસો પાડતો જોવા મળે છે. અમુક ઈંચ વરસાદમાં જ રાજ્યભરના રોડ પર ખાડાથી લઈને રસ્તો ધોવાઇ જવા સુધીના સમાચાર હવે કોઈ નવી વાત નથી રહી. આ રસ્તા પર પડતા ભૂવાના કારણે અનેક લોકો પોતાનો જીવ પણ ગુમાવે છે. સામાન્ય લોકો અને વિપક્ષ તો આ મુદ્દે અવાર-નવાર ફરિયાદ કરતા રહે છે પણ ભાજપના નેતાઓ તો જાણે 'સબ ચંગા'વાળી ધૂનમાં જ જોવા મળે છે. જોકે, હવે તો આ નેશનલ અને સ્ટેટ હાઈવેની કથળતી સ્થિતિના કારણે ભાજપના નેતાઓ પણ પોતાના જ પક્ષ સામે સવાલ કરતા થઈ ગયા છે. હકીકતમાં ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ બિસ્માર રોડ વિશે સરકારને ફરિયાદ કરી છે અને ભ્રષ્ટાચારના આરોપ પણ લગાવ્યા છે.



હિરેન હિરપરાએ સરકારને ખરાબ રસ્તા વિશે વાત કરતા પોતાની જ પાર્ટી પર ભ્રષ્ટાચારના આરોપો મુક્યા હતા. તેમણે કહ્યું કે, અમરેલી જિલ્લામાં આવેલા નેશનલ હાઈવે અતિ ખરાબ હાલતમાં છે. આ જિલ્લામાં બનતા નવા ડામર રોડ કે રી-કાર્પેટ રોડમાં કાયમી ગુણવત્તાનો અભાવ રહ્યો છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર કાળી કમાણી કરીને પ્રજાને રોડ-રસ્તા બાબતે કાયમી પરેશાન કરે છે. અમરેલી જિલ્લામાં આવેલા સ્ટેટ હાઈવે અને જિલ્લા પંચાયત માર્ગ-મકાન વિભાગના નવા બનાત રોડ કે રી-કાર્પેટ ડામરના સેમ્પલ થર્ડ પાર્ટી કે ગેરી લેબમાં ફેઈલ થયા હોય તેવો કોઈ દાખલો બન્યો નથી.

વધુમાં તેમણે કહ્યું કે, ગેરંટી સમયમાં રહેલા રોડ કોન્ટ્રાક્ટરના ખર્ચે રિપેરિંગ થયા હોય તેવા દાખલાઓ જનતાની જાણમાં નથી. કોઈ એજન્સીને નબળા કામને લઈને દંડ થયો હોય અને વસુલાત થઈ હોય તેવા દાખલા નહિવત છે. કોઈની સામે પોલીસ ફરિયાદ થઈ હોય તેવા દાખલા પણ ધ્યાને આવતા નથી. અમરેલીમાં રેતીની લિઝ ન હોવા છતાં પણ સરકારી બાંધકામ બંધ રહ્યું નથી. ગેરકાયદે રેતીનો ઉપયોગ કરી બહારની રેતીના લીઝના પાસ રજૂ કરવામાં આવે છે, જે સૌથી મોટું કૌભાંડ છે.

હાલના સમયમાં નીચેના હાઈવે વાહન ચાલકો માટે માથાના દુખાવા સમાન બન્યો છે. તેથી બને એટલું જલ્દી પેચ કામ કરીને રી-કાર્પેટ થાય જેમાં રાજુલાથી સાવરકુંડલા સ્ટેટ હાઈવે, સાવરકુંડલાથી અમરેલી હાઈવે, સાવરકુંડલાથી નેસડી સુધી ચાલતા સ્ટેટ હાઈવે, અમરેલીથી બગસરા સ્ટેટ હાઈવે, ચાવલાથી બગસરા સ્ટેટ હાઈવે, અમરેલીથી બાબરા નેશનલ હાઈવે, બગસરાના માણેકવાડાથી બીલખા રોડ અમરેલીની હદ સુધી તમામ રોડ રિપેરિંગ અને નવા બનાવવા માટે રજૂઆત કરી છે.







# વડોદરાના સંતોષી નગરમાં ઉભરાતી ગટરો અને દૂષિત પાણીથી લોકો ત્રસ્ત

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલા સંતોષી નગરમાં ઉભરાતી ગટરો અને દૂષિત પાણીથી ત્રસ્ત સ્થાનિક લોકોએ એકત્ર થઈ દૂષિત પાણીની બોટલો સાથે પાલિકાની પૂર્વ ઝોન વોર્ડ નંબર ચારની કચેરી ખાતે પહોંચી ઉગ્ર રજૂઆત કરી હતી. લોકોમાં રોગચાળો ફેલાવવાની દહેશત ઉભી થઈ છે. ત્યારે, વહેલી તકે પીવાનું ચોખ્ખુ પાણી આપવા માંગણી કરી હતી. વડોદરા શહેર અને જિલ્લામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. નદી તળાવો, સરોવરો, ડેમોમાં નવા આવક થઈ છે, તેમ છતાં વડોદરા શહેરના એવા કેટલાય વિસ્તારોમાં આજે પણ પાણીનો કાળો કકળાટ જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરના ન્યુ વીઆઈપી રોડ ઉપર આવેલા સંતોષી નગરમાં પીવાના પાણીના પ્રશ્ન લોકો ત્રાહિમામ પોકાર ઊઠ્યા છે. પાણી ઓછા પ્રેશરથી અને ડ્રેનેજ મિશ્રિત ગંદુ પાણી આવી રહ્યું છે. વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ આજ દિન સુધી સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું નથી. કાઉન્સિલરો પણ સહકાર નહીં આપતા હોવાના આક્ષેપ સાથે વિસ્તારના સ્થાનિક રહીશો પાલિકાની વહીવટી વોર્ડ નંબર ચારની કચેરી ખાતે પહોંચી દૂષિત પાણી સાથે દેખાવ કરી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.રજૂઆત કરવા આવેલા વિસ્તારના સ્થાનિક લોકોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા મહિનાથી આવું ગંદુ પાણી આવી રહ્યું છે. થોડુંક સારું આવે અને પરત પાછું ગંદુ પ ાણી આવી રહ્યું છે. અમે ઘણી વખત રજૂઆત કરી છે, પણ એકબીજાની ઉપર ખોવા આપવામાં આવી રહી છે ગટર મિશ્રિત પાણી આવી રહ્યું છે. નાના બાળકો ઝાડા ઉલટીના કેસોમાં સપડાયા છે. કોર્પોરેટરો પણ આ રજૂઆતને ધ્યાને લેતા નથી. માત્રને માત્ર વાયદાઓ અને વચનો આપી રહ્યા છે. બહારથી વેચાતું પાણી મંગાવીને ગુજરાત ચલાવવું પડી રહ્યું છે.

### કપાસ અને રાયડાનાં પાકનું વાવેતર થાય છે

# મહેસાણા માર્કેટિંગ યાર્ડ વિવિધ જણસીની આવકથી ઉભરાયું

## એરંડાના ભાવ વધતા સાથે જ ખેડૂતો એરંડાની આવક લઈને માર્કેટ યાર્ડમાં વેચાણ માટે આવે છે

। (એજન્સી) મહેસાણા, તા.૧૧ ।

મહેસાણાઃ મહેસાણામાં ખાસ કરીને એરંડા, કપાસ અને રાયડાનાં પાકનું વાવેતર થાય છે. મહેસાણા માર્કેટ યાર્ડમાં ધાન્ય પાક અને એરંડા વિશેષ પ્રમાણમાં આવે છે. હમણાં એરંડાના ભાવ વધતા સાથે જ ખેડૂતો એરંડાની આવક લઈને માર્કેટ યાર્ડમાં વેચાણ માટે આવે છે. હાલમાં મહેસાણા માર્કેટ યાર્ડમાં એરંડાના ઊંચા ભાવ ૧,૩૧૦ રૂપિયા અને નીચા ભાવ ૧,૨૬૦ રૂપિયા બોલાઈ રહ્યા છે. આજે માર્કેટ યાર્ડમાં ૭૪૯ બોરીની એરંડાની આવક નોંધાઈ છે. એરંડાના ભાવમાં ગયા અઠવાડિયાના ભાવ કરતા કોઈ ફેરફાર નોંધાયો નથી, ગઈકાલના અને આજના ભાવમાં ખાસ ફેરફાર નથી. ગઈકાલ કરતા આજે આવકમાં વધારો નોંધાયો છે. મહેસાણા માર્કેટ યાર્ડમાં આજે એરંડાની ૭૪૯ બોરીની આવક નોંધાઈ છે. આ અઠવાડિયામાં એરંડાની આવકમાં વધારો થયો છે, જેના ઊંચા ભાવ ૧,૩૧૦ રૂપિયા પ્રતિ મણ અને નીચા ભાવ ૧,૨૬૦ રૂપિયા પ્રતિ મણ છે. ખેડૂતો હવે એરંડાનું વેચાણ કરવા માટે આવી રહ્યા છે. આ સાથે રાયડાની ૩૪ બોરીની આવક નોંધાઈ છે, જેના ઊંચા ભાવ ૧,૨૮૪ અને નીચા ભાવ ૧,૨૭૦ રૂપિયા છે. ગઈકાલના અને આજના ભાવમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. અઠવાડિયાના ભાવ કરતા અંદાજે ૧૦ રૂપિયાનો વધારો થયો છે. રાયડાની આવકમાં આજે ગઈકાલની સરખામણીમાં વધારો નોંધાયો છે. અન્ય જણસીઓની વાત કરવામાં આવે તો મહેસાણા માર્કેટ યાર્ડમાં આજે ઘઉં, જુવાર, બાજરી, મગ, ગવાર, સવા, અજમો અને રજકાની આવક નોંધાઈ છે, જેના સારા ભાવ ખેડૂતોને મળી રહ્યા છે. બાજરીની ૧૩ બોરીની આવક નોંધાઈ છે, જેના ઊંચા ભાવ ૪૭૪ રૂપિયા પ્રતિ મણ છે, જેના ભાવમાં અંદાજે ૧૦ રૂપિયાનો વધારો થયો છે. અજમાની ૧૧૨ બોરીની આવક નોંધાઈ છે. જેના ઊંચા ભાવ ૨,૩૩૧ રૂપિયા છે. અજમાના ભાવમાં ગયા અઠવાડિયાના ભાવ કરતા ૩૦૦ રૂપિયાનો વધારો થયો છે.

CMYK CMYK